દુખિયારી બચ્ચું.

એક વારતા.

(ભાગ ૨—સફે ૭૩ થી ૧૪૪ સુધી.)


રચનાર,

કેખુશરો નવરોજજી કાબરાજી.

મુંબઈ,

જ્હા. રૂ. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપીછે.

સને ૧૮૮૫ ઈસવી.



"વારૂ વેહમ તો વેહમ. પણ જો મારૂં મોત આવ્યું તો, તમે વચન આપો કે એ દુકતીને તમે મારી ઉપર શોખ્ય નહી લાવો." આજારી બચું પોતાના સુવાના ઓરડામાં સોફાપર લેટેલી હતી ત્યાંથી અડધી ઉઠી પોતાની પાસે ઘુટણપર પડી ધીરજ આપતા ભર્તારની ખાંધ ઉપર હાથનો ટેકો દઈ રડતી વચન માંગવા લાગી. (સફે ૧૧૨)

"નહીજી. જડજને બંગલો ભાડે આપ-વાનો નથી. શેઠે મને લખ્યુંછે કે જડજની માગણી ના પાડવી, તે મુજબ હું જડજ સાહેબને ના કહી આવ્યોછું. મને લાગેછે કે શેઠ મોદીની દીકરીને તેના બાપના ઘેર-માંજ લાવીને રાખશે."

"થઈ ચુકું! એ પોરીઓ હાથથી ગયો. ઉડાઉ ને ખરચાલી ભીખારડી સાથ તારો શેઠ પરણે તો પરણે પણ વળી તે દુક્તીની ખાતર સુનાં જેવું ભાડું જતું મેળેછે. એ બધાં કારસ્તાન એ રાંડ બચુંનાં છે. તે દુક્તીએ મારા દીકરાપર જાદુ કીધુંછે. શું કરૂં? એ દૂર પડ્યો, નહી તો કે, બાલાજી, હું પેહેલાં એનું ને પછી તારૂં ભેજું ડાકટર પાસે તપાસાવ્યા વિના નહી રેહતે. કેમ બાલાજી, હવે કેમ મુંગો રહ્યો?"

બાલાજી આ સઘળો ગુસો ચૂપ રહી સાંભળ્યા કરતો હતો તે હમાયજીને મુદલ ગમ્યું નહી. તેવણે તેને બોલવાની ફરજ પાડી કે "બાઈ સાહેબ, હું ખરૂં બોલુંછું, ત્યારે તમોને ગુસો લાગેછે ને તમે શીવી (ગાલો) આપોછો!"

"હજી તારૂં ખરૂં બોલવાનું રહ્યુંછે કે? બોલની મુવા, બોલની. મેં તુને શું કીધું? તુને ક્યારે શીવી દીધી, મુવા ગલેપડુ?" હમાયજી ગાલ દેતાં ગયાં અને ના પાડતાં ગયાં.

"બાઈ, મારે એકજ બોલ કેહેવો છે અને તે એ કે જ્યારે શેઠ મોદી કાસ્ઠલમાં પેહેલ-વેહેલા જવા લાગ્યા ત્યારે તમે ઘણાં ખુશી થયાં હતાં."

"હા. તેવખતે મુગામોદી જીવતોતો ને તેની ભીખારી હાલત આપણ જાણતાંતાં નહી."

"એટલુંજ નહી બાઈ, પણ શેઠનાં માસી માસાએ શેઠની સાથે શીરીનબાઇને પરણા-વાની તમારી આગળ હરસે વાત છેડી ત્યારે તમેજ તેની ભાંજફોડ કીધી અને તે વાત શેઠના કાનપરખી જવા દીધી નહી."

"હાજ તો વળી. એ મુવાં કોણ આજ કાલનાં? કેહેવત છે કે 'સાટાં પાટાં ને માંથાં ફાટાં' તેમ સાટાં પાટાંમાં તો લગન કર-વાંજ નહી જાઇયે. શીરીન તે કાંઇ લવ-જીની બૈરી થવાને લાયકની છે વારૂ? નહી તેનાં મા બાપ પાસ પૈસા મળે, કે નહી કાંઈ બાપદાદાનું નામ મળે. મારા બેહેસતી બાવા મારી મતરાઈ સાથ પરણ્યા ત્યારેજ બધાંએ તેવણને વાર્યાતા કે, એ મુવાં હીના છીનાંનું ખાનદાન કે આબરૂ કાંઈ નથી. પણ બાવાએ એ લોકને ત્યાં ઘર કીધું ને મારો લવજીભાઈ જનમ્યો, ને લવજી એ માસા માસીને ત્યાં પલોટાઈ ગયો, તેથી એ લોકો જરાખી જાણમાં આવ્યાં. એ મુવાંને ઓલખતુંતું કોણ! મીઠો ગારો મુકીને લાંબા જી આપે તે મારા બાપથી ને મ[illegible]ખઇ રહ્યા ભાઇથી એ લોકો આબરૂમાં આવ્યાં."

"વારૂ ત્યારે લવજી શેઠનાં ધણીયાણી તરીકે તમે નહી શીરીનબાઇને કે નહી આ મુગામોદીનાં બચુંબાઈને પસંદ કરતાં?"

"એ શીરીન કરતાં તો બચુંને સો ભલાઈ."

"તેમ હોય તો બાઈ સાહેબ તમે આ લગનને આડે ના આવો ને શેઠની પસં-દગી નાપસંદ ના કરો."

એટલી વારમાં તો હમાયજીનો મિજાજ લગભગ ઠેકાણે આવી ગયો. તેવણ ઠંડાં પડયાં, એટલુંજ નહી પણ સાવકાં માસા માસી તરફના પોતાના ધિક્કારની ખાતર તે-વણ બચુંની તરફ અરધાંઅરધ પીગળ્યાં!

તેવણે લાગલી ગાડી જોતરાવી. તેવણ ગાડીમાં બેસવાનું ધિક્કારતાં, પણ આજે ખામખા ગાડીમાં બેઠાં, આજે તેવણને ચ-ટપટ અને ઉતાવલ થઇ અને ચાલીને જતાં વાર લાગે તે ઢીલ તેવણથી ખમાઈ નહી. તેવણ ગાડીમાં બેસીને પાહલીમાસાને ત્યાં પોતાની સાવકી માસીને લવજીનાં કારજની ઉપલી ખબરથી "બલાપામાં ખામખા બા-લવા" ગયાં.

પણ એ ખબરથી બિચારી શીરીનને કેટલી છુપી નામુરાદી અને કેટલે ભારી બલાપો થશે તેની હમાયજીને કશી ભાણ નહી હતી.

પ્રકરણ ૧૯ મું.

લવજીના લગન.

દહાડો ખુશનુમા હતો. પાહાલણજી હીરાભિગીના સહવાસથી કાંઈ ખુશીમાં આવેલા હતા. પોતાના લુચ્ચા દીકરા દોલી ઉપરના ખૂનના વાંકનું વેર તેવણ વીસરી ગયા હતા. દોલી છેલીવાર લવજીની મદદથી પોતાની મા બેહેનને છુપો મળી જવા પછી તેમની પણ ઘણી અધીરાઈ ઓછી થઈ હતી. માટે હીલુમાસીનું દરદ સુધરવાની રાહ ઉપર આવ્યું હતું, અને તેથી ઘણી ઘણીયાણી ... હાટપર આવીને ખુશ વાતે વલગેલાં હતાં—શીરીન બારીએ બેસીને રસતા ઉપર વિચારમાં જોતી હતી—તેટલામાં લવજીની ગાડી દરવાજામાં દાખલ થઈ અને હમાયજી ઘરમાં આવ્યાં.

પાહાલીમાસા અને હીલ્લુમાસીને ત્યાં હમાયજી કદાચજ આવતાં હતાં. શીરીનના ખબર કીધાથી તેઓ બંને અચરત થયાં. શીરીન હમાયજીને સામે લેવા ગઈ.

"અરે મરેરે! અરે મરેરે!" હમાયજીએ આવતાંને વાર બડબડવાનું શરૂ કીધું. "ઓદાયજી કોણકોણ, કોણકોણને મારી નાખેછ, તો મને નહી તેડી લેતો કે મુવાં ભુંડાંને બસ થતી અટકું? અરે વાયરે! આ કાંઈ જુલમ! આ કાંઈ બેણ કોતક!"

"શું છે હમાયજી? વળી તમારી ઉપર શું જુલમ પડયો?" હીરાંબાઇએ ચિંતાથી પુછયું.

"વળી શું થયું? બધાં ગામનું દુખ તમારેજ ત્યાં આવી પડયું કે હમેશ રડયા કરોછ?" હીરાભિગીએ પોતાની રીત પ્રમાણે દિલાશો દીધો!

"જોયું હવે પાહાલીમાસા દુખપર ડાહામ દીએછ તે? મરેરે! મારેજ મોત કયાં સંતાઈ રહ્યું?"

"પણ છે શું તે કેહેશો?"

"વળી હોય શું? આ તમારો ભાણેજ, તમારો લવજી, તેની મોહકાન! તેનું દુખ! બીજું છે શું?"

"પણ લવજીને શું છે?" શીરીને ઇનતેજારી દેખાડી. "તેવણ સારીપડે તો છે? કાંઈ કજા તો નથી બની? તેવણ સલામત સુરત પોંહોંચ્યા કે નહી?"

"નહી પોંહોંચ્યો હતે, રસતામાંજ કાંઈ રેલવેને કજા થઈ હતે, ને એ અટકી પડયો હતે તો કેવું સારૂં કે આ અબજાર નહી થતે!"

"પણ અબજાર શું થઈ? જ્યાં છે ત્યાં હમાયજીનું કાંઇ પૈસાથી દીલ ખાટું થયુંછે." હીરાભિગીએ અટકલ ચલાવી. "મોદી કાસ્ટલમાં જડજ ભાડે આવવાનો હતો, તે સઘર ભાડુત હાથમાંથી છટકી ગયું હશે તેનો આ ખભરાત છે."

"ભાડુત શું છટકી જાય? લવજી પોતેજ છટકી ગયો ને? મોદીના મનારાપર જડજ નહી પણ કોઈ બીજુંજ રેહવા આવેછ. લવજીભાઈ ગધેડા બન્યાછ ને પોતે મોદીના મીનારામાં રેહવા જવાના છે. મુવો પેલો બાલાજી એને છુપો મળેલાછે, તેજ મુવો નકટે નાકે મને ખબર કેહેવા લાગો. મને જે ઝાંઝ ચહડી તે છુટી સપાટ કાહાડીને એવી તો મારી કે મુવો જનમ શુધી ભુલી જશે નહી."

"એ બધી તમારી લાયકીની વાત કરોછ કે, હમાયજી?" પાહાલીમાસાએ ટકોર કીધી. "શેઠ મોટા બંગલામાં રેહેવા જાય તો તેને વાસતે ચાકરપર વેર કાહાડવું?"

"મરૂરે માસા તમારી અકલપરથી! તમે તો અલ્લાવાલીજ છો જો." હમાયજી તેના ઉપર ઉતરી પડયાં. "જાણ્યા જોયા વગર શાના ફુલોછ? તમારા ભાણેજ કેવાં ઉંડાં પાણીમાં ફરેછ તેની કાંઈ ખબર છે? પેલી બચું કેની બચું—"

"હા. હા. મુગામોદીની છોકરી, તેને શું છે?" શીરીન ઉલટથી વચ્ચે પડી.

"તેની સાથ લવજીભાઈ પરણ્યા."

"હેં? એ શું બકેછ?" માસી માસા બેહુ જણ ચોંકી ઉઠયાં.

"હોય નહી. ખોટી વાત." શીરીને પોતાને લાગેલો વીજલીના સરખો છુપો ઝટકો મનમાંજ છુપાવીને આ અણગમતી વાત માનવાને આનાકાની બતાવી.

"ખોટી વાત? શીરીન તું માનતી નથી? વાંચ આ." એમ કહીને હમાયજીએ લવજીનું ઉપલુંજ કાગળ શીરીનના દીલપર ફેંકયું.

શીરીન આ કાગળ કેમ વાંચી શકે? તેણીએ અખાડા કીધા, પણ તેના બાપે વાંચવાનો હુકમ કીધો. વાત ખરી હતી. તે વાંચતાં શીરીનનું અંગ બધું ભાગી જતું હોય એમ લાગ્યું. તે આખું કાગળ વાંચી શકી નહી. તેણીએ ખરાબ અક્ષરનું બાહાનું કાહાડયું. શીરીને વાંચવાનું શરૂ કીધું તે તેના બાપે પુરૂં કીધું.

"કેમ,? દીઠું તમારા ભાણેજનું ગધેડાપણું?" હમાયજીએ હવે બળતાં કાહાડયાં. "મારૂં જો ચાલે તો હજીબી એ કારજ તોડી નખાવું, એ આંહી નહી મળેરે, નહી તો કે ગરંધિયાને પરણવા શું દેતે? કાંઈ નહી તો એ પરણે તેની અગાઉ એનાં ભેજાંની તપાસ કરાવતે અને હજી વરશ બે વરશ કોલાબાની દીવાનશાળામાં એને હવા ખાવા મોકલતે. તે એના આવા છુટાપણાં કરતાં વધારે પરવડતે."

"પણ હમાયજી, આપણે એટલું નહી બોલ્યે." હીલ્લુમાસી તેને શિખામણ દેવા લાગ્યાં. "એ પોતાના જીવનો ધણી છે. રલતો કમાતો છે, બોદા રાખે પાંચ પૈસાનો જીવદાર થયોછ તો એને ગમે તેની સાથ પરણે તેમાં તમારૂં શું જાયછ?"

"તમે તો એમ કેહેશોજ તો માસી" હમાયજીને હવે માસી સાથ સલગી. "મારા દીકરાને બધો બગાડયો તમે. તમે તમારે ઘર રોજ બોલાવી, પાસાંમાં બેસાડી, પટાવી સટાવીને તદન લાડકો કરી મેલ્યો. પણ તમારો એવો દીકરો હોશ, તમે પાલી પોશીને મોટો કીધો હોય, ને તમોને પુછયા પરછયા વગર બીજું ઘર કરીને માને રખડતી નાખે તો તમે જાણો. કદી ઘેર કીધું તો વળી કેવું? જે દુકાને કોઈ દોહોડીયાંના ચના નહી આપે, તેવી નાદાન, રખડતી, માથે પડેલી, ભીખારડી સાથ પરણવાનું આપણે આધે આવારે કોઈથીબી સાંભળયુંછ?"

"કજોડું તો લાગેછ. ભલાં માણસનું મારી શીરીન સાથ થવા દીધું હતે તો કેવું સારૂં?" હીલ્લુમાસીએ યાદ આપી. "પેહેલાં તો હમાયજી તમેજ તે ભાંજી પડાવ્યું."

"મરેરે ભાંજીની પડાવતી, ને મરે મુવાં મને બદનામનાં કરતાં. ને વારૂં મેં ભાંજી પડાવ્યું તો તમે પોતે લવજી આગળ વાત કાંએ નહી છેડી?"

"શીરીનની પોતાની ખુશી નહી હતી તે?" હીરાંમાસીએ ખોલાસો કીધો. "બસ લગ્નની વાત કીધી કે શીરીન છછની પડતી. તેટલાં મારા જીભરૂં દોલીનો બનાવ બન્યો એટલે શીરીન વધારે હઠીલી થઈ. ત્યારે અમે શું કરીયે?"

"અને ત્યારે અમે તે શું કરીયે માય?" હમાયજીએ બચાવ કીધો. "પણ રાખો માસી રાખો. મોદીની બચું કરતાં શીરીન એટલી શું ચહડતી આવી? મારૂં જો ચાલે તો બેમાંની એકબી છોકરી સાથ એનું નહી થવા દેતે."

"કાંએ? મારી શીરીનને શું છે?"

"પણ ત્યારે મુગા મોદીની બચુંને શું છે?"

આ નાપસંદ વઢવાઢ વધી પડતી પાહાલીમાસાએ અટકાવી. તેણે અત્યાર વેર તો પોતાનો ગરમ મિજાજ સાચવી રાખેલો હતો, પણ હવે તે મિજાજ ખોહી દઈ બોલ્યા. "હમાયજી, આંહી આવ, તું આંહી વાત કરવા આવીછ કે કજીયો કરવા? જો તારે કાંઇ લડવું વહડવું હોય કેની તો તારે ઘર જજે ને તારા ચાકરો સાથ લડજે. આંહી કાંઈ તારા ઢોંગ નહી ચાલશે. સમજી?"

આ ધમકીથી હમાયજી દબાઇ ગયાં.

"ઓવાએ કોઈ માહાંના માંગતાંને ઘેલું બેલું લાગુંછ કે કજીયો કરે? હું તો અમથી વાત કરૂંછ કે શીરીનના કરતાં. તો બચું લવજીને વાસતે હજી ભલી."

"પણ તે વાત અંહી કરવા આવી કે! ચૂપ રેહે!" હીલ્લુમાસી વળી જવાબ દેતાં હતાં પણ તેવામાં હીરાભીગીએ એક બુમ મારીને બેહુને ચુપ કરી નાખ્યાં.

"હેં? હું મારે ઘર જાઉંછું. મુવાં નસાબંદાંઓ! મુવાં હીનાં છીનાંઓ! તાણ કોણપર કરેછ!"

"આવજો નહી પાલવતું તો. તમોને અંહી બોલાવ્યાંછ કોણે?"

હમાયજી ગુસો કરીને ઉઠી ગયાં ને લાઅલાં પોતાને ઘર ગયાં.

અંહી આવ્યા અગાઉથીજ બચ્ચુંના લગ્નની તરફેણમાં હમાયજીનું દીલ પીગલેલું હતું—અંહી આવ્યા પછી તો તે વધારે પીગલ્યું! એ બધું લવજીના માસા માસીની હુજત ઉપર થયું! શીરીન વીશેની બોહોંસા બોહોંસીપર હમાયજી ઠેકાણે આવ્યાં!!

ઉપલી વાતચીતની વખતે શીરીન હાજર નહી હતી. તેના દેખતાં તેનાં સમજુ મા બાપ તેને પરણાવા કરવાની વાતો કરતાં નહી હતાં. શીરીન પોતે તેવી વાતો થવાજ દેતી નહી હતી. લવજીના લગ્ન વિષેનું કાગલ પોતાની રડતી આંખે દીઠા પછી પોતાનાં મા બાપ સાથ હમાયજીને વાત કરતાં મુકીને શીરીન ગુપચુપ ઓરડામાંથી સટી ગઈ હતી. ક્યારે ગઈ તે હમાયજીની ગડબૅડમાં તેનાં મા બાપના ધ્યાનમાં પણ નહી હતું. તેણીનું ચીત ધડભાંગ થયું હતું, તેણીનું મગજ ચકભમ થયું હતું, પણ પોતાનું એ દુખ તેણીએ કોઇને જાણવા દીધું નહી હતું. તે અડધી બેભાણ હાલતમાં મુગી મુગી પોતાના ઓરડામાં ગઈ, પોતાના બિછાના ઉપર પડી અને પોતાનો ભરાઇ આવેલો દીલ એકાંતમાં ખાલી કીધો. તેની નાસુરાદી કોણ સમજી શકે? તેની નાસીપાસી જાણેછે કોણ કે તેમાં ભાગખી લઇ શકે? તે પોતાના મનથીજ બોલવા લાગી અને મનથીજ દિલાસો મેલવવા લાગી. "થઈ ચુકું! લવજી પરણ્યો! મારી જીંદગીની આશા ભાંગ થઇ." પોતાના મનથી મુઝાતી બોલી "મુઇ હું. મારી જીંદગી બળી. મારી ઉમેદો ધૂલમાં ગઇ. હું લવજીના પ્યારથી બાતલ થઇ."

આ બલાપો કરતી વખતે શીરીન પોતાને એકલી સમજતી હતી, પણ તેમ નહી હતું. તેની આયા મેરીએને ઝાડની પછવાડેથી સંતાઇને દરવાજા ઉપર પોતાની શેઠાણી અને લવજી વચેની ભાઈ બેહેન તરીકેના પ્યારની વાત સેજ સાજ સાંભલી હતી, કે જે વાતને દરમેયાન શીરીને લવજીની યાદગારી દાખલ તેનો બાલ માગી લીધો હતો, તેજ દાસી આ વખતે પણ અકસમાત, કાંઈ કામને અરથે ઓરડામાં આવી. તે એટલી આસતે ચાલી આવી કે શીરીનનું તેના ઉપર મુદલ ધ્યાન ગયું નહી. પોતાની શેઠાણીને આમ ગમગીનીમાં જોઇ તે કશું બોલી નહી. તે શીરીનના ઉપલા ગમખાર શબ્દો સાંભલીને, જેવી ગુપચુપ આવી તેવીજ ગુપચુપ પાછી ગઈ. પણ પોતાની શેઠાણીનો કાંઈ વધારે ભરમ મલ્યો હોય એમ મનમાં મળકાવા લાગી.

"હવે તો એ ખ્યાળ મનમાંથી કાહાડી નાખવો જોઇયે." જુસો નરમ પડયા પછી શીરીને હવે થંડા મનથી ઠરાવ કીધો. "હવે તો હિમત રાખવી જોઇયે. જે કાંઈ બનવાનું હશે તે બન્યુંછે, પણ જે બન્યુંછે તેમાં કોઇનો વાંક નથી, માટે હવે મારે ખમવું જોઇયે. હવે તો મારા દીલીના છુટકારાના ખ્યાલપરજ મારે મથવું જોઇયે. તેના ખૂનના ખોટા વાંકનો ડાઘ ધોઇ કાહાડવો જોઇયે ને પછી સહુ થઈ રેહેશે. લવજીને મારા મનમાંથી કાહાડી નાખવો જોઇયે. હું દુખી થઇ, નાસીપાસ થઇ, પણ લવજીને ખોદા દુખી ના કરતો. મારાં ખરાં દીલના પ્યારથી હું એને ચાહુછું, તો મારાં દુખ છતાં મારે એનું તો સુખ ચાહવું જોઇયે. ખોદા મારા લવજીના લગ્ન મુબારક કરજે. લવજી! તું જ્યાં હોય ત્યાં સુખી રેહેજે!"

આવી ભલી મનશાનીનો—આવાં ખરાં દુખનો પણ ખરી પવિત્રાઇનો અને ખરા

ખારનો—ઠરાવ કરી, શીરીન પોતાની આંખો લુછી, મોહડું ધોઈ, પાણીનો એક ગોટ પી, પાછી પોતાનાં મા બાપ બેઠાં હતાં ત્યાં આવી. વધારે વાર તેઓથી દૂર રેહત તો તેઓને તરેહવાર વેહેમ ઉપજત.

શીરીન પાછી આવી ત્યારે હમાયજી ગયલાં હતાં. પોતાને ઘેર જવા પછી તેવણ ઘણાંજ થંડાં પડયાં. માસા માસી સાથ અમસથો કજીયો કરવા સારૂ તેવણને સરેસતા પ્રમાણે પસતાવો થયો. તેવણે ઘણાંજ દુખ સાથ પાહાલીમાસા ઉપર અને હીલ્લુમાસી ઉપર નમનતાઈ ભરેલો માફીપત્ર મોકલ્યો. તેવણે પોતાના આકલા સ્વભાવને માટે ઘણી આજીજીથી માફ માગી, લવજીના લગ્ન કરવા તેવણે પોતે જવાની મરજી દેખાડી અને લવજીની અરજ પ્રમાણે માસા માસી તથા શીરીન સર્વને પોતાની સાથે લવજીના લગ્ન ખાવા લઈ જવા માંગ્યાં.

આવો કંકાસ તો હમાયજી સાથ ઘણી વાર થયલો હતો, માટે તેનાં સાવકાં માસા માસીએ ખુશીથી સઘલું ભુલી જઈ સુલેહ કીધી. બીજે દહાડે હમાયજી પોતે તેમને લવજીના લગ્નનું તેડું કરવા આવ્યાં. તેઓએ લગ્ન ઉપર ઘણી ખુશી બતાવી, પણ ત્યાં પોતે જવાને ના પાડયું, તોપણ જો શીરીન જવા ચાહતી હોય તો તેનાં મા બાપે ખુશીથી મોકલવા કહ્યું. શીરીને પણ "પોતાનાં આજારી માતાને મુકીને જવા સારૂ" ના પાડી, પણ પોતાની તરફથી તથા પોતાનાં મા બાપ તરફથી લવજી ઉપર એક બેહેનના સરખા પ્યારથી મુબારકબાદીનો કાગળ લખ્યો અને માસી માસાએ લવજીને માટે રૂ૩૦૦ ની સેસ હમાયજીને આપી મોકલ્યાં.

હમાયજી ફકત ઘરનાં માણસોને લઈ સુરત ગયાં. શોગને લીધે લગ્ન ધુમધામ વગર ગૂપચૂપ થયાં. હમાયજીએ પોતાની તરફથી ભાઇને જુદી અને ભીંજાઇને જુદી સેસ કીધી અને પોતાની પેહેલાંની નાખુશી વીસરી જઈ તેવણ લવજીના લગ્નમાં ખુશીથી સામેલ થયાં.

પ્રકરણ ૨૦ મું.

એક ગેબી બસારત.

પરણીને મુંબઈ આવ્યાં. સુરતમાં લગ્ન કીધા પછી ચાર દહાડા રહીને પાછાં ફરતાં લવજીને પરચુટણ કામ હતું તેથી તે બચુંની સાથે બીજા ચાર દહાડા મુંબઈ રહ્યો. પણ સાથે હમાયજી રહ્યાં નહી. મોદી કાસ્ટલમાં પોતાના ભાઈ ભીંજાઇના ઉતારાની ગોઠવણ કરવા સારૂ તેવણ તો આગળથી પુણે ગયાં. મોજ મજાહ ઉપર તેવણનો જીવજ નહી હતો. ખરતલ કામ એજ તેવણનું ખમીર હતું. બીજાંઓનાં કામકાજ સારૂજ તેવણ જીવતાં હતાં.

મુંબાઇમાં બેહેલાપટેલનાં દીનમાયનાં ઘરમાં લવજીએ ઉતારો લીધો હતો. લવજી બાહાર કામે ગયલો હતો. બચું એકલી બેસીને વાંચતી હતી તેવામાં અચબૂચ આકરે આવીને ખબર કીધી કે "બાઇ, તમારા કાકા જાહાંગીરશાહ મુગામોદી આવ્યાછે."

"બચું, બચું, એ શું ઢોંગ! તું તો પરણી દેખું!" આવતાંને વાર, હજી તો બચું તેને સાંમી લેવા જાય તેટલામાંજ કશી પણ સલામ અકરામ કે તાજીમ તવાજા વગર જાહાંગીરે બચુંને પેહેલોજ પ્રશ્ન એ પુછયો.

"હા, મારા મુરબ્બી હું પરણીછું" બચું હડબથી બોલી "અને તેને એક અઠવાડયું પણ થઈ ગયુંછે."

"અને તું પેલા વકીલ લવજી સાથ પરણી કે?" જાહાંગીરે સવાલ જારી રાખ્યો. "તમે બેહુનો સંજોગ કેમ બન્યો?"

"રતનકાકીની મેહેરબાનીથી." બચુંએ સાદો જવાબ દીધો. "મારા લવજી કાંઈ

કામસર સુરત આવ્યા ત્યારે કાકી ઉપર એવણે માંગવું મોકલ્યું અને કાકીજીની સલાહથી મેં તે કબુલ રાખ્યું."

"અને મારાથી છુપાવ્યું કાં?"

"છુપાવ્યું? નહી નહી." બચું ઘભરાઇને બોલી "રતનકાકીએ તમારી ઉપર તાર કીધો તો અને વળી મારા લવજીએ કાગળ પણ લખ્યું હતું."

"હું કાંઇ જાણતો નથી. પણ હું એટલું જાણુંછું, બચું, કે તેં તારૂં ખાનદાન અને નામ આ છુપાં લગ્નથી ડુબાડયુંછે અને એમાં તારા વાંક કરતાં તારા બાપનો વાંક વધારે છે." ધિક્કાર અને શરમ વરશાવતી બચુંની આંખોમાંથી લાજનાં આંસુ ખેંચી કાહાડવાને જાંહાંગીર કાકાની આ ધમકી બસ હતી. "હલર છોકરી, તારા બાપે આ બેગાના મરદને પોતાના ઘરમાં દરરોજ બોલાવીને લાહરો આપ્યો તેથી તું તેની સાથે બાપની છમસી વીતી ગઇ કે પરણી જાય તેમાં કાંઇ નવાઇ નથી. પણ હું તારે વિષે જુદુંજ ધારતો હતો."

બચુંની નિર્દોશ પણ ખોટાં તોહોમત તલે ધરકતી છાતી ખોલવા ઉપર હીમત કરી શકી નહી.

"તું સુરતથી કયારે આવી?" અંતે જાંહાંગીરે જવાબની વાટ જોઇ સવાલના આકારમાં પુછયું.

"પરમ દહાડે." બચુંએ ટુકમાં જવાબ દીધો.

"ત્યાં આપણા ઘરમાં કોણ છે?"

"બેહેલાપટેલનાં દીનમાય છે."

"મરદ કોણ છે? જુવાન માટીડા કોણ છે, તે પુછુંછું."

"દીનમાયના જમસુ સિવાએ બીજો કોઇ મરદ નથી જી."

"જમસુ? જમસુ? અજબ છે, બચું, કે તેની સાથ તું પરણી ગઇ નહી?"

આ કેવો સવાલ? એક વખતે બચુંના મનમાં જે વાત હતી તેજ? બચું શું જવાબ દઇ શકે?

"બચું, એ જમસુથી ચોંકેલી અને ચેતેલી રેહજે" તેણીની ચુપકીદી જોઇ જાંહાંગીર ઠઠરાવી નાખનારા ઘાડા અવાજે ગંભીર શિખામણ દેવા પડયો. "એ જમસુ ગમે એવો ચલકતો, મઘમઘતો, શોભતો, ખીલતો, અને મીઠો દેખાતો હોય, પણ અંદરખાનેથી તે મેલો, દાઘેલ, દંએલ, સડેલ, ગંધીલો છે. મારા આ શબ્દો લખી રાખજે કે એ સારો માણસ નથી. એ લુચો છે. એ પાપી છે. જો તેં કદીબી એને વિષે કાંઇ સારૂં માન્યું હોય તો તે તારાં મનમાંથી એકદમ કાહાડી નાખજે અને જેમ એક રોગ ઇયા મરકી ઇયા પીડાકારીથી દૂર નહાસીયે તેમ એ જમસુને દૂરનો દૂર રાખજે. એની સાથની દોસતી છોડી દેજે."

"મેં છોડી દીધીછે કાકાજી" આમ ના પાડતાં અંતે બચુંએ તેની આગલી શરૂ થતી દોસતી કબુલ રાખી. "અને હું ફરીથી તેની દોસતી નહી કરીશ. પણ કાકાજી, રતનકાકી એની સાથ દોસતી રાખેછે, તે જો એ સારો માણસ નહી હોય તો એવણ કેમ રાખે?"

"તારી કાકી કમઅકલ છે, બચું." જાંહાંગીરે ઘણા દુખથી બલાપો કાહાડયો. "પણ તે જમસુને સારી પેઠે ઓલખેછે. એ તારી કાકીનો ફુઇનો દીકરો થાયછે ને તે વળી તારી કાકીને લાડ લડાવી બેહેકાવે છે તેથી તારી કાકી તેની સાથ ફરવું હરવું રાખેછે, પણ અંદર ખાનેથી એજ તારી કાકી એને ધિક્કારેછે."

બચું ચૂપ રહી.

"પણ બચું, આ તારાં છુપાં લગ્નનું ચોકઠું કેમ બેઠું તે તેં મને હજી કહ્યું નહી?" થોડી વાર જોઇને જાંહાંગીરે પાછું પુછયું.

બચુંને જવાબ દેવાની જરૂર નહી હતી. લવજી પોતેજ બાહેરથી આવી લાગ્યો.

જાંહાંગીરે લવજીને કોઠું આપ્યું નહી. નહી શેકહેંડ કીધી, કે નહી કાંઇ ખુશી બતાવી. તેની થંડી બેદીલી ચેતી જઇને લવજી હજી પુછવા જાયછે તેજ ઘડી જાંહાં-

ગીરે બચુંને ઓરડાની બાહેર જવા કહીને પછી પોતે એકાંતમાં વાત ચલાવી.

"સાહેબ, મને કહો કે તમે બચુંને શી રીતે પરણ્યા?" જાંહાંગીર જુસાથી બોલ્યો. "તમે શું એટલા બેઅદબ છો કે મારી ગેરહાજરીમાં મારાં કુટંબમાં તમે પગપેસારો કીધો અને મારી રજા વગર મારી ભતીજીને મારા આશ્રય તલેથી છીનવી લીધી?"

"શેઠ, શેઠ તમે શું બોલોછ?" લવજી અચરતીથી દધાઈને પુછવા પડયો.

"લવજીભાઈ, તમે બેહેરા નથી, ઈયા મારૂં બોલવું નહી સમજો એવા નથી, ત્યારે ફરીથી શાનું બોલાવોછ? હું પુછુંછ કે મારી ગેરહાજરીમાં મારી પાલેલી એક પુત્રીને છુપી છીનવી લાવવાનો તમોને શું હક હતો?"

"સાહેબ, મેં કશું કામ છુપું કીધું નથી. આ શુંદર નાજનીન તરફ મેં કશીબી બદ ચાલ ચલાવી નથી અને હવે પછી ચલાવનાર પણ નથી. તમોને કોઇએ ખોટી ખબર આપીછે."

"ખોટી કે ખરી મને કશી ખબરજ નથી."

"મેં બચુંનું માગવું મોકલ્યા પછી પેહેલી ફરજ એ બજાવી કે તમો સાહેબની રજા પુછવા તમોને કાગલ લખ્યો—"

"કેમ? ક્યારે? હું કાંઈ જાણતો નથી."

"રતનકાકીની મારફતે મોકલવા તેવણના કાગળમાં બીડવા આપ્યો હતો. અને ફરિયાદ કરવાનું કારણ તો મને તમે આપ્યુંછે, સાહેબ, કે તે કાગલનો તમે મને કશો પણ જવાબ લખ્યો નહી."

"ત્યારે મારી ધણીયાણીનો વાંક છે. તેણે તે કાગલ મારા ઉપર બીડલોજ નહી."

"એ કેમ બને, સાહેબ? અમારાં લગ્નની તેવણે તમોને ખબર તો કીધી હતી?"

"નહી. લવજીભાઈ, તમારાં લગ્ન થયાં તે જો રાસ્ત ગોફતારમાં છપાયાં નહી હોત તો અત્યાર લગીન હું જાણત નહી."

"તમે મશખરી કરોછ, સાહેબ. તમે લગ્ન થયા પછી નહી જાણ્યું પણ આગમચ તો જાણતા હતા."

"મારા સાહેબ, તમેબી કેવા માણસ છો?" જાંહાંગીરે જરા વારમાં મિજાજ ફેરવીને વાત કીધી. "તમોને એક વખત મેં કહ્યું તે બસ નથી કે હું કશું નહી જાણતો હતો? પાછલબી નહી ને આગલબી નહી."

"પણ ત્યારે અમારાં લગ્ન ઉપર તમારી રાજી રજાવંદીનો તમે તાર નહી કીધો હતો?"

"નહી. કશેએ નહી."

"મેં પોતે તે તાર વાંચ્યો હતો, રતનકાકીએ પોતે મને વંચાવ્યો હતો, જેમાં તમે તમારી તરફથી સેસના રૂ૨૦૦૦ આપવા કહ્યા હતા અને બેહેસતીના શોકને લીધે જેમ બને તેમ જલદીથી પણ એકાંત રીતે અમોને પરણવાની તમે ફરમાશ કરી હતી."

"મેં તાર કીધો? સાહેબ, તમે ખાબ જુવોછો. મેં ક્યાંથી તાર કીધો હતો?"

"ઠેકાણું મને યાદ નથી. ઠેકાણું મેં જોયુંતુંજ નહી."

વાંચનારને યાદ હશે કે તે તારના કાગલમાં ઠેકાણાંની જગ્યા ફાટી ગઇ હતી.

"તે તાર ખોટો હોવો જોઇએ. ખચીત મારી ખાતરી છે કે તે મારી ઓરતની બનાવટ હોવી જોઇએ."

"સાહેબ, તમે મને હેરત કરોછ."

"લવજીભાઈ, મને ઠગીને બચું સાથ પરણવાનો તમારી ઉપર હું ખોટો શક લઈ ગયો તેને માટે દલગીર છું અને માફ માગુંછું. હું જોઉંછું કે હું નથી ઠગાયો પણ તમે ઠગાયાછો અને તેબી એક સ્ત્રીથી ઠગાયાછે."

"શેઠ, બચુંને મારી કરવા માટે હું ઠગાયો નથી. બચુંએ મને ઠગયોજ નથી."

"હું બચું વિષે બોલ્યોજ નથી. તે કોમલ નાર ઠગવાનું નામ જાણતી નથી. હું કહુંછું તે બીજીજ છે. તે તમારી કાકીસાસુ છે. તેણીએ તમોને ઠગ્યાછે, તમે તેના હાથપર વેચાયાછો."

"તેવણે પણ મને વેચ્યો નથી. આવી અસરાફ, આવી નિર્દોશ, આવી સાદી, આવી રાંક અબલા સાથ કદખુદાઈ કરવામાં હું વેચાયો નથી પણ સામો કમાયોછું, સાહેબ,

હું એ સાટાંને માટે પોતાને ભાગ્યશાલી સમજ્યો છું."

"જે શરમ ભરેલી ઉતાવલથી તમોને પરણાવી દીધાં તેનોજ વિચાર કરો. શું બચ્ચું નાસી જતી હતી કે માગણી કીધા પછી એક પખવાડીયાંમાં તો તમોને પરણાવી દીધાં! એ ઉતાવલ શું દેખાડેછે? એટલુંજ કે બચ્ચુંની કાકીના હાથ ઉપર તમે હથિયાર થઇ પડ્યા."

"જે કારણસર હું બચ્ચુંને પરણ્યોછું તે કારણ જોતાં હું ધારૂંછું કે પખવાડયાંની ઢીલ પણ નહી થવી હતી. જો તમારી મરજી પુછાવવાની અને બીજી અડચણો નહી હતે તો હું બચ્ચુંને જે દહાડે અદરાયો તેજ દહાડે પરણીને ઘર લાવવાને શરમાતે નહી."

"ઓહો! કારણ? એટલી બધી ઉતાવલનું તે શું કારણ હતું, સાહેબ?"

"બચ્ચુંના પોતાના સુખ સિવાએ બીજું કશું નહી."

"એટલે? મારા ઘરમાં શું તે દુખી હતી?"

"હું કહીશ તો તમને ગુસો ઉપજશે."

"કાંઇ ફિકર નહી. કહો, સાહેબ, કહો."

"ત્યારે સાંભળો. જ્યારે આપણે પુણા ખાતે છુટા પડ્યા હતા ત્યારે તમે પોતે તથા બચ્ચુંએ મને તમારા સુરતના ઘરનું ઇજન કીધું હતું. માટે હું જ્યારે સુરત ગયો ત્યારે સાધારણ રીતે મુલાકાતે ગયો, ત્યાં મેં શું દીઠું? બચ્ચું, એક ઉમરાજાદી, તમારી ભતીજી, જેણે આખી જીંદગીમાં કદી દુખ દીઠેલું નહી, તે બિચારીનો ભવ તમારા ઘેરમાં કંગાલ રીતે બલી જતો હતો."

"હેં? શું? કંગાલ?" જાંહાંગીર અત્યાર શુધી જરા ખુશ મિજાજથી ટકોર કરતો હતો પણ આ હેવાલથી તેનો પીતો ઉછલી આવ્યો.

"મેં કહ્યુંતું, સાહેબ, કે તમોને સાંભળવા નહી ગમશે અને તોપણ તમે મને પુછોછો ને ચીહીરડાઓછો."

"માફ કરો, લવજીભાઈ, માફ કરો. ને સઘળો હેવાલ ખરો કહો."

"તમારાં ધણીયાણીએ બિચારી આ ઉમરાજાદીને ચાકરડી પેઠે રાખી હતી. તે ગોલામડી પેઠે વહીતરૂં કરતી, પણ તેના બદલામાં તે બિચારીને શું મળતું હતું? સપાટ અને નેતરનો માર. બચ્ચુંએ પોતે એ વાત મને કહી નહી. હું તે કદી જાણતે નહી. જાણતે તો માનતે નહી. પણ તમારો નાનો, જંગી દીકરો રૂસતમ બચ્ચું ઉપર અજબ રીતે ફિદા થયલોછે, તેણે સઘલો હેવાલ મને કહ્યો—પોતાની નીર્દોશ, સાચી આંખોમાંથી નવધાર આંજુએ રડીને કહ્યો. તે ઉપરથી મારૂં માથું ટણક્યું. બચ્ચુંને આ ઘાતકીપણાંથી છોડવવાનો, બને તો સુખી કરવાનો મેં ઠરાવ કીધો. તેજ દહાડે મેં તેનું માગવું મોકલ્યું અને તેનું શુભ પરિણામ તમે રાસ્ત ગોફતારમાં વાંચ્યું."

"ત્યારે શું તમે એમ કહોછો, લવજી," જાંહાંગીરે ઘણીજ અચરતીથી પુછ્યું "કે જે દહાડે તમે મારે ઘર પેહેલા ગયા તે દહાડે બચ્ચુંને પરણવાનો તમોને ખ્યાલ નહી હતો?"

"સ્વપ્નામાંબી નહી હતું. ત્યાં જવા પછી મેં જે હાલત જોઇ તે ઉપરથી આ પગલું ભરવાને હું ફકત દયાથી ઉશકેરાયો. એ પગલું મેં અચબૂચ ભર્યુંછે પણ મારી ખાતરી છે કે ખરાબ ભર્યું નથી. બચ્ચુંને સુખી કરવા તેમજ મારૂં પોતાનું સુખ મેળવવા મેં તેનો હાથ ધર્યોછે અને ખોદા મને મારો પાક કોલ બજાવવાને શક્તિવાન કરે!"

"આમીન!" જાંહાંગીરે આમીન કીધું. "લવજીભાઇ, હું આવ્યો ત્યારે મારો હાથ આપવાને મેં ના પાડ્યું હતું. પણ હવે હું ખુશીથી આપુંછું અને તમોને મેં જે અપમાન કીધું તેના બદલામાં એ હાથ ના પાડવાને તમે મુખતીયાર છો."

"તમે મારા મેહેરબાન મુરબી છો." લવજી ઘણા જોસથી તેનો હાથ ચાંપીને બોલ્યો.

"તમારા નેક વિચારો, નેક રાખુન, નેક કામનો ખોદા તમોને બદલો આપો!

ખોદા તમારી શાદી મુબારક કરો!" જાંહાંગીરે ઘણા હેતથી મુબારકબાદી આપી. લવજીએ તુર્ત દારૂ મંગાવ્યો અને અરસપરસ તેઓ સલામતી લેયછે તેટલામાં બચું પાછી આવી લાગી, તેને જાંહાંગીરે કહ્યું "બચું, હું આવ્યો ત્યારે તારા ભરથાર ઉપર ચીરડાઇને આવ્યો હતો, પણ હવે જતી વેલા તેને માન અને ઇજત આપીને જાઉંછું. હું એટલીજ અરજ કરૂંછું કે મારા ઘરમાં મારી જે કાંઈ ફજીએતી તમે દીઠીછે તે વીસારીને વાત દાટી દેજો."

"કાકાજી, ખાતરી રાખો કે રતનકાકીની વાત અમારી જીભથી કદી બાહેર જવાની નથી." બચું અને લવજી બેહુએ ભરૂસો આપ્યો.

"હવે હું જાઉંછું, દીકરી." જાંહાંગીર બચુંને ભેટીને બોલ્યો. "પણ આ છેલ્લીવાર ફરી ચેતવણી આપુંછું બચું કે લવજી જેવા ભરથાર દુનિયામાં જાજા મળતા નથી. તું તેની ઇમાનદાર અને વફાદાર મોહોરદાર રેહેજે અને તેનો બદલો ખોદા વાલી આપશે."

"કાકાજી, તમારી શિખામણ મારે શીર ચહાડાઉંછું" બચું તેને પગે લાગીને બોલી. અને લવજી કાકાસસરાની ગાડીની વરદી આપવા ગયો.

"ફરીથી ચેતાઉંછું બચું" લવજીની ગેરહાજરીમાં જાંહાંગીરે ફરીથી યાદ આપી "કે પેલા લુચા જમસુ અને તેના સરખા બીજા ચલકતા જુવાંનોથી ખુબ સાહુચેત રેહેજે. એવા લુચાઓને ઓલે જઇશ નહી."

જાહાંગરે બચુંની ગોયા આ કાંઈ ગેબી આગાહી વરતીછે. કાંઈ ખોદાઈ બસારત કરીછે. એટલું બધું શું છે? તે હવે પછી જોઇશું.

પ્રકરણ ૨૧ મું.

"સુધરેલો સંસાર."

જાંહાંગીર જીજુરીવાલો તે ને તેજ દહાડે સુરત ગયો. તે પાછલા પોહોરે પોતાને ઘર પુગ્યો. જોયછે તો રતનકાકી દીનમાયના જમસુ સાથ અને બીજા એક બે પડોસના તેવાજ "સુધરેલા" છોકરાઓ—અને અફસોસ! કે છોકરીઓ પણ—સાથ પાના રમવા બેઠેલી હતી. તેઓ મોટે સાદે બૂમ બરાડા, ટોલટપા, ગાન તાણ અને ઠઠા મશખરી કરતાં હતાં. દીનમાય પોતે ખુણામાં બેસીને જુફતાં હતાં.

ઘરના ધણીને જોઇને આ લોકો લગાર ઘભરાયાં, પણ પોતાને ખશીઆનું નહી લાગે અને કાંઇ ખરાબ ચાલ ચલાવતા નથી એવું ડાલ દેખાડવાને રતનકાકીએ જેમના તેમ ચાલુ રાખવાને તેમને સુચવ્યું અને તેના ઉશકેરવાથી જાંહાંગીરનો પોતાનો કશો મલાહજો કીધા વિના તેઓએ પેહેલાંનાં જેટલી નહી તોપણ ખાખા ખીખી અને માર મસતી જારી રાખી. પણ ધીરૂધીરે એક પછી એક બાહાનું કાહાડી તેઓ ખસરતાં થયાં અને સાંજ પડતાં "માટી બૈયર" એકલાં પડયા પછી જોઈ લેવો કજીયાના પારાવાર! જાંહાંગીર અને રતન, પૈસાદાર શેઠયા, વચેની બાજમ બાજીમાં બીજાં વચે પડયાં ત્યારેજ સમાધાન થયું.

સેવટ એ આવ્યું કે બિચારા જાંહાંગીરે એટલું "સુખ" દીઠું કે જે દહાડે આવ્યો તેજ દાહાડે ઘર મુકીને પાછો ગયો.

તેજ દહાડે લવજી અને બચું પણ પુણે પોતાને ઘર પોંહોંચ્યાં. હમાયજીએ બે દહાડા આગમચથી "મોદીના મનારા"માં ઘર ખાલી કીધું હતું. અને તેવણ પોતેબી ત્યાંજ રહેવા ગયાં. લવજીને એ વાતની તો ખબરજ નહી હતી. તેની રજા કે મરજી પુછ્યા વગર હમાયજીએ તેના મેહેલમાં પોતાનું ઘર પણ ખાલી કીધું.

બચું જેવી પુણે પુગી તેવીજ, પાધરીજ, જે ગાડીમાં પોતે આવી હતી તેજ ગાડીમાં

પોતાના બાળીકા મેહેલમાં પાછી ગઈ. હમાયજીએ મોટી કાસ્ટલમાં બચુંને આલીંગીલું કરી જમને પગે ઘરમાં લીધી.

જ્યારે તેણી ગરીબ હાલતમાં પુણું છોડી ગઈ હતી ત્યારે હમાયજીએજ દયાની ખાતર તેણીને દુવા દીધી હતી કે "વેહેલી આવજે! બચું, પાછું ફરી જોતી જા!" તેજ વખતે બચુંએ પાછું ફરી જોયું હતું તે શું આમ સુખી થઇ પાછી આવવા માટેજ? હમાયજીએજ બચુંને બોલાવી હતી તે શું કાંઈ વાણીએ બોલાવી હતી?

જે લોકો બચુંને પુણે વલાવા ગયાં હતાં તેજ લોકો વધારે ઉલટથી તેને એસતેકબાલ લેવા અને મુબારકબાદી આપવા આવવાનાં હતાં. પણ હમાયજીએ આગમચથી તેઓને ખબર કીધી કે બચુંએ પોતાના બાપનો શોક મુક્યો નહી હતો તેમજ કાંઇપણ ગડબડ જોવાને લવજી પોતે ખુશી નહી હતો. એટલા માટે આ પરણેલાં જોડાંની પુણાની પધરામણી ગુપચુપ થઈ હતી.

ઘર આવ્યાં ત્યારે રાત પડેલી હતી. હમાયજીએ ખાંનું તૈયાર રખાવેલું હતું. પણ બચું ફક્ત મુંબઇથી પુણાની આ એકજ મુસાફરીમાં એટલી થાકી ગઈ હતી કે તેણીએ ખાવા સારૂં હમાયજીને ના પાડયું કે "નહી માય, હું થાકેલીછું. મને ખાવા ગમતું નથી."

"થાકી ગયાંજી? કેઈ લાંબી મંજલ કરી આવ્યાં જી?"

"એટલી વારમાં મને નબલાઇ ઘણી લાગેછ. ઊંઘ ઘણી આવેછ."

"ત્યારે કાંઇ હલકું જેવું લેશો, બાઇજી?" હમાયજીએ પુછયું.

"હાજી. હું ચા લઇશ."

"ચા! ચા!" હમાયજી ખરખર હસી પડયાં "અત્યારે ચા?—ચુહુલાપર પાણીબી કકડાવેલું નહી હશે."

"નહી તો કે કાફી લઇશ."

"કાફી? કાફી તે પાણી વગર થતી હશે જી? ને કાફીથી તો ઉલટી ઊંઘ નહી આવશે જી."

"ત્યારે હું કાંઈ નથી લેતી. અમથીજ સુઈ જવશ."

"જેમ જી, તમારી મરજી જી."

હમાયજીના આ જવાબો શું દેખાડેછે? ચેષ્ટા, ચસકા, તાણાજની. લવજી "મોટે ઘરની" વહુ લાવ્યો તે કેવી મૂર્ખ છે તેના ગોયા ઠઠા કરવા અને લવજીની ભૂલ દેખાડવાનો જાણે કાંઈ ઠરાવ કીધો હોય, જાણે કાંઈ છીટાં શોધતાં હોય, જાણે કાંઈ પોતાની ભોંજાઇ આગળ પોતાની હોશ્યારી દેખાડતાં હોય તેવું હમાયજીનું આ બોલવું હતું.

લવજી સામાણ ઉતરાવવાની અને બીજી તજવીજમાં રોકાયો તેટલાંમાં બચું ઉપલી વાત કરતી દિવાનખાનામાંજ કોચ ઉપર ફસડાઇ પડી. મોટી કાસ્ટલમાં આવવા માટે તે ઉદાસ કે દાહાડે હતી? પણ આજે તે ઉદાસ દેખાઇ. રાત પડેલી હતી એટલે તેની ભીંજાયલી આંખો અને દસકાં ખાતું દીલ કોઈ જોઈ શકયું નહી.

પણ લવજીએ તે દીઠું. તે તુર્તજ બચુંની આગળ દોડી આવ્યો અને આ ઉદાસીનું કારણ પુછયું. "હું થાકી ગઈ છું અને અંહી પાછી આવતાં મારા બેહેસતી બાપ મને યાદ આવ્યાછે. મને મારા ઓરડામાં જવા ગમેછે, પણ સુવાનો ઓરડો કયાં કીધોછે તે હું જાણતી નથી."

લવજી પણ જાણતો નહી હતો. તેણે હમાયજીને હાંક મારવાથી તેવણે ઓરડાની ઇંધાણી આપી અને બચું પોતાના વ્હાલા ખાવીંદનાં ખભાં ઉપર ટેકીને પોતાની દાસીની સાથે ઓરડામાં ગઈ.

"આજે છે શું? ચાકરોને આપણાં આવવાની ખબર હતી કે નહી? સઘળું અંધારૂં અંધારૂં કેમ દેખાયછે?"

લવજી થોડુંજ જાણેછે કે એ તો હમાયજીની કરકસર હતી. તેવણે વધારે દીવા કરવાની ચાકરોને ગાલ દઈને મના કરી હતી. "શું? મોટું ઘર લીધું તેથી એકદમ દીવાલી કરવીછે કે?"

"લવજી, મને ઘણી થાક લાગીછે." બચુંએ પોતાના ઓરડામાં આવતાંજ અરજ કીધી. "હુ હેઠે જમવા નથી આવતી. હું જલદી ઊંઘી જાઊ?"

"બચું, એમાં પુછવાનું શું છે, ડીયર?" લવજીએ મોહોબત ભર્યો જવાબ દીધો. "તું તારા પોતાના ઘરમાં આવીછે, તો ઘેરના કામકાજમાં મારી રજા શાની પુછેછે?"

"હમાયજી, આજે છે શું? મને સમજ નથી પડતી," લવજી બચુંને તેની દાસી સાથ તેના ઓરડામાં મુકીને હમાયજી સાથ એકલો જમતાં જમતાં બોલ્યો.

"ઓ, વાય! લવ! પુછેછે કે આજે છે શું? સારૂં રૂડું, બીજું શું હોય?"

"તે હશે. પણ ઘેરમાં અંધારૂં કેમ છે? મારા ચાકરો કેમ જણાતા નથી? બધા તમારા ને તમારાજ ચાકરો દેખાયછે. મેં મારે વાસતે જુદા ચાકરો રખાવ્યા તે કયાં છે?"

"તે સધાવી આવ્યા."

"એટલે? હમાયજી? ઘણા સારા માણસો હતા."

"કેવા? કેવા? મુવા રોજના અધમણ લાકડાં બાલે, એકેક જણ પાયલી પાયલી ધાન ખાઇ જાય, એસકી મેસકી થઇને ફરે, શેઠના શેઠ થઇને રેહે, ને કામ કહીયે ત્યારે ધધરીને તાપ આવે. વારૂં તમારાં ધણીયાંણી કયાં છે? થાક ચહડીછે? મુંબઈ વેરથી ચાલીને આવી બરી કેની તે થાક ચહડી!"

"હમાયજી, હું મારા ચાકરોની વાત કરૂંછું."

"ને હું મારી ભોંજાઈની વાત કરૂંછું. ચાકરો રાખવા મુકવા તે મારૂં કામ છે, પણ બૈરી કરવી તે તારૂં કામ છે અને તેથી પુછુંછું કે દીવા લઇને આ સોભતી બૈરી કરી લાવ્યો? હંમેશની તવાયલી, સુકી, લુલી, લંગડી, નબલી, ફીકી, જરા ચાલે તો થાકી જાય અને ગાડીમાં બેસે તો બરડો ભરાઈ આવે? બેહેન મરે, મારા ભાઇને ગામમાં બૈરીનો ટોટો હતો કેની તે જાણી જોઇને માદું તાવદાન લઇને નીકલી પડયો."

"હમાયજી, હમાયજી, હું આ શુખનો નથી શાંખવાનો" લવજી "દહવારો" કરી પડયો. "મને જાણવાનો હક છે કે મારા ચાકરો કયાં છે?"

"ને મને કેહેવાનો હક છે કે મેં તેમને કાહાડી મેલ્યાછે. મારા બે ચાકરો છે તે બસ નથી કે વળી બીજા રાખવા માગેછે? તે ઉપરાંત વળી દાસીઓમાં મારી અમીના છે ને તારી ધણીયાણી મોટાં બાઈ પડયાં કેની તે વળી મેરી ફરંગન પોતાની દાસી જુદી લાવ્યાંછે. તે મળીને છ માણસ થયાં, તે સાથે એક મસાલ, એક હમાલ, એક માલી ને એક રામોસી કરીને દસ માણસ થયાં તોબી ભાઇને થોડાં પડેછે! ભાઇ મોટે ઘરની બૈરી લાવ્યો કે કાંઈ મશાબરી છે? તે તો હવે શિખવી શિખવીને શું શું ખરચ કરાવશે! પણ તે હું કરવા કેમ દઇશ?"

"વારૂં હશે, પણ હમાયજી, મને એક જવાબ દેશો?"

"હાજી. પુછોની મરૂં." હમાયજીએ ટકોર કીધી.

"બે આયા ને એક ચાકર તમારાં છે, તે તમારે ઘર તમોને કામ લાગશે, ત્યારે અમોને અંહી ચાકરો જોઈશે કેની?"

"મારૂં ઘર કાંઇ જુદું છે કે? ભરૂસે રેહેશે, ભરૂસે."

"એટલે? હું સમજતો નથી. આપણા જુના ઘરમાં તમે જુદાં રેહેશો કેની?"

"તે ઘરતો મેં ભાડે બી આપ્યું. તું મને કયાં જુદી રાખવાનો છે? હું તો આજ ઘેરમાં રેહેવા આવીછું ને તું મને કાહાડી મેલે નહી ત્યાં શુધી હું કાંઈ જવાની નથી. બે ઘેર રાખીને શું કરીયે? એમ તો વેહેવારસ્યા ચાલે કે દીવાલીયા ચાલે. આ એકજ ઘેરમાં એટલો બધો ખરચ આવી પડયોછે કે વળી બે ઘેરનો ખરચ કેમ ચલાવાય?"

લવજી અચરતાથી ડઘાઈજ ગયો. હમાયજીએ તો આ તેની સાથ ગલે પડવાનીજ તાલમેલ કીધી. તેવણ લવજીની સાથેજ મોદી કાસ્ટલમાં રેહેવાના છે એ અત્યારવેર તો લવજીના ખ્યાલમાં નહી હતું.

પોતાની બેહેનને પોતાની સાથે રાખવાને તે દલગીર નહી હતો, પણ તેના પાજી

સ્વભાવ અને કંજુસ જીવ થકી બચું જેવી એક ઉમરાજાદીને તેવણ સાથ રેહેતાં કેમ પાલવશે? એક મ્યાનમાં બે તલવાર કેમ રેહશે? "સુધરેલા" વીચાર અને જુના વીચાર સાથે કેમ મળશે? હમાયજી તે કોમલ કમલા ઉપર શું દુખ નહી પાડશે? નણંદ ભોજાઇના ટંટા કોણ ટાલશે? અને જ્યાં નણંદે આગમચથીજ સાસુનો મર્તબો એખત્યાર કીધોછે ત્યાં જે ભોંજાઈ દાખલ મગરૂર તે વહુના જેટલું માન કેમ આપશે? લવજી આ અંદેશામાં ખાવાનું ભુલી ગયો.

"મારા દીકરા, તું બીહી ના." તેને વિચાર કરતો જોઇને હમાયજીએ હવે નરમાસથી તેને સમજાવવાની કોશિશ કીધી. "તારી બૈરી તારાં ઘરની વડી રેહેશે, હું તેના હાથ નીચે રહીશ. ઘરધણિયાણી દાખલની તેની પદવી હું લુટી લેવા માંગતી નથી, પણ તેના સલાહ આપનાર ભિમિયા તરીકે હું તેને કામ લાગીશ. તેની ઘરખટલાની ઘણી જંજાલ હું ઓછી કરીશ. તે બિચારી કાચી છે. તેણે દુનિયાં જોયલી નથી. ઘરસંસાર ચલાવ્યો નથી, વાસતે મારી એવી મદદથી તે ઓર ખુશી ને નચિંત રેહેશે. ના કેહેની કે નહી."

લવજીથી ના કેહેવાયું નહી. આ પાછલી તકરાર તેના ધ્યાનમાં ઉતરી. તેને હમાયજીના ડાહપણ, કરકસર અને દુનિયાંદારીના અનુભવ વીશે અતિઘણું માન હતું. અડચણ માત્ર તેવણના દાઝાબલીયા સ્વભાવની હતી. તેવણ કામનાં હતાં અને સારૂંજ કરતાં હતાં—પણ તે કહીને કરતાં હતાં. દીલમાં અગન બળતી હોય તો તેવણ તાહાડક પાડતાં પણ ફુક મારવાને બદલે કરડતાં! પસવારવાને બદલે ચમટો તોડતાં! વડાઈ લઈ, ડફાંસ હાંકી, પતરાજી મારી, સામા માણસનું પત લઇ તેવણ તેનું કામ કરતાં.

"લવજી, આ ઘર મોટું છે. તેમાં આપણા સરખા ચાર કબીલા રેહે તોપણ તારી બૈરીને માટે જેટલા જોઇયે એટલા ઓરડા મળી રેહેશે. ખાલી ઢંઢાર જગ્યા પડીછે તેને શું કરશે? ઓઢશે કે પાંથરશે?"

"હું તમારી સાથે રેહેવાને ખુશી છું, હમાયજી," અંતે લવજી બોલ્યો. "પણ તમે ભુલી જાઓછો કે આ ઘર મારૂં છે."

"હા, હા, ને તેમજ તારી અકલબી તારીજ છે."

"માણસો કાહાડવાં કે રાખવાં તે મારૂં કામ છે. કેટલાં માણસ રાખવાં, કેટલો ખરચ કરવો તે મારૂં કામ છે. હું પરણેલોછું અને પરણ્યા તો ખરચ વધારવો જોઇયે. હું મારે લાયક બૈરી લાવ્યોછું, તેને સુખી કરવા લાવ્યોછું, દુખી કરવા નહી. દુખ તેણીએ કદી દીઠું નથી, ને મારા ઘરમાં હું તેને દુખી થવા દેનાર નથી. હું તેને મોજ મજાહ કરાવીશ, એશઆરામમાં રાખીશ, તેમાં તમારૂં કાંઈ ચાલશે નહી. હું તેને ગાડી ઘોડા—"

"બસ, બસ, બસ. એ શું બેહેકયો જાયછ?" અંહી હમાયજી વચે બોલી ઉઠયાં. "કીયા બાવાની દોલતપર એટલો ફુલેછે, ભાઈ? પગ જોઇને પાંથરણું તાણીયે!"

"મેં બચુંને વાસતે નવા ગાડી ઘોડા ખરીદ કીધાછે, નવી વીંટી, નવાં ઘડીયાલ, નવી પીયાનાફારટ"—

"ઓ, હો! હો! હો! ભાઈ, બાઈ, જરા સંભાલ! કેવું પાપ?"

"પાપ! સખી જીવસે ખરચવું તે પાપ?"

"ઉડાઉપણું! દીવાલીયાપણું! વગર કારણે નાણાં ખરચવાં એ પાપ છે."

"પોતાની શકિત મુજબ ખરચવામાં શું પાપ છે? હમાયજી, ખાતરી રાખજો કે હું મારી શક્તિ ઉપરાંત ખરચ કરીશ નહી."

આ ટેકાણે દાસી લવજીને અચબુચ તેડવા આવી કે બાઈ તમોને બોલાવેછે. લવજી જવા ઉઠયો. હમાયજીએ પુછયું કે "ત્યારે મારે રેહેવાની વાતનો શું જવાબ?" લવજી બોલ્યો કે "તમે હમણાં તો ગમે ત્યાંસુધી સુખેથી રહો."

બચુંને પુછયા પછીજ નકી જવાબ દેવાની લવજીની ધારણા હતી.

પ્રકરણ ૨૨ મું.

"સુધરેલી" બૈરી.

બચ્ચું તુર્ત ઊંઘી જવાની હતી તેને બદલે હજી જાગેછે અને તેડું મોકલ્યુંછે તે અચમ્બુચ હોવાથી લવજી તુર્ત દોડી ગયો. જઈને જોયછે તો બચ્ચું બેચેન, રડતી, ઘાભરી, હેભતેલી પોતાના બિછાના ઉપર પડેલી હતી.

"શું છે, બચ્ચું? વળી શું છે, જીગર?" લવજીએ જતાંનેવાર પુછયું.

"કાંઈ નહી, કાંઈ નહી, તમે ઘભરાવો ના." બચ્ચુંએ તેને ધીરજ આપવા જવાબ દીધો.

"પણ છે શું? મને તેડું કાં મોકલ્યું? હું ધારતોતો કે તું ઊંઘી ગઈ હશે."

"ઊંઘ નહી આવતી. આંખ મીંચીને ઘણીવાર લગિન પડી રહી, પણ ઊંઘજ નાસી ગઇછે."

"અને તું રડેછે કાં, ડીયર?"

"મેરી બિછાનું પથોડી તથા સઘળું ઠીકઠાક કરી મને સુવાડી જવા પછી મને એકાએક બીહીક લાગી આવી." આ વાત કરતાં બચ્ચું ઉઠીને બીહીકથી પોતાના ખાવિંદના હાથને વળગી પડી બોલી. "હું બારણું ઊઘાડવા ગઈ તો બારણુંજ મને નહી જડયું. મને એકાએક ફાર પડી આવી, ત્યારે મોહડાંવેર ઓઢીને પાછી પડી, તો વળી કાંઈ બિહામનાં વિચારો આવ્યા કરેછે અને તે વિચારો હજી જતા નથી. હું શું કરૂં?"

"ઘેલી, ઘેલી, તું એટલી બીહીકની કેમ છે?" લવજી તેને પસવારતો ધીરજ આપવા લાગો.

"મારી બીહીક માફ કરો, લવજી" બચ્ચું કરગરીને બોલી. "પણ મારો વાંક શું? ઘણી મહીને મારા બાપીકા મેહેલમાં પાછી આવી તો મારા આગલા દહાડા મને યાદ આવ્યા. લવજી, બેહેસતી બાવા ગુજસ્યા તે ઓરડો આજ જો."

એમ બોલતાં આ સાદાં દીલની નિર્દોશ છોકરી પોતાના ધણીની છાતી ઉપર માથું નાંખી દીધો છોડીને રડી પડી.

"બચ્ચું, ઘેડાં ના કાહાડ. આ ઓરડામાં તારૂં સુવાનું રાખવું નહી હતું. હમાયજીની ભૂલ છે. કાલે તારો ઓરડો બદલી નાખીશું, નહી તો કે તારે ગમે તો હમણાજ બીજા ઓરડામાં તારો સામાણ ખાલી કરાવું?"

"નહી, નહી, હમાયજીને ઠપકો આપશો ના." બચ્ચું ભોળાં નરમાસપણાથી બોલી. "તેવણનો વાંક નથી. બાવા ગુજરેલા તે ઓરડામાં ઓર મને સુવા ગમેછ. મારી છાતીને ઓલાસો થયોછ. હવે હું બીહીતી નથી. હમાયજીને આ વાત કેહેશો ના. તેવણનો સ્વભાવ ખરાબ છે. તેવણ ઉસકેરાશે. મારી આયા મેરી તો પેહેલાજ દહાડામાં હમાયજીથી કંટાળી ગઇછ."

"વારૂં તેની વાત કાલે. હમણા તો તું ઉંઘી જા." લવજીએ આયા પાસે મંગાવીને એક ચમચો બ્રાંડી સોડા ભેળીને પાયો અને આયાને તેની આગળ ને આગળ આખી રાત સુવાડી રાખી.

સહવારના બચ્ચું પોતાના સરેસતા મુજબ મોડી ઉઠી. ઘરબારની તેને કાંઈ ખબરજ નહી હતી. ઘરની મેનીજ તો સઘળી હમાયજીએ ચલાવી. નાસતાની વખતે બચ્ચું હેઠલ આવી. લવજી સહવારના પોહોરમાં ફરી આવ્યો અને હમાયજી સાથ તેઓ નાસતાપર બેઠાં.

"આવો, મોટાં બાઈજી" હમાયજીએ ટકોર ચલાવી "રાતના સારી પેરે ઉંઘ આવીતી કે જી ભરૂં?"

"હાજી. મજેની ઉંઘ આવી." બચ્ચું એટલી નિર્દોશ હતી કે હમાયજી આ ટકોર કરેછે એમ સમજતી પણ નહી હતી.

"માય, તમારી જગ્યા ત્યાં છે, જી." હમાયજી એ તેને સંસારનો પેહેલો ધડો આપ્યો. "તમે ટેબલના હેડપર બેસો જી. કે આ, કાફી સગવડથી કરી શકશો જી." બચ્ચું આનાકાની કરવા લાગી તે જોઇ હમાયજી પાછું બો-

લ્યાં. "વારૂ નહી તો ચાલો જી, આજે તો
હેડપર હું બેસુંછ ને આજનો દાહડો તમારી
વીતી હુંજ ચા કાફી બનાવીશ."

"મોટી મેહેરબાની, માયજી." બચું હ-
માયજીને કોટી કરી પોતે જમના હાથ ઉ-
પર બેઠી અને હમાયજી ચાહે કરવા બેઠાં.

એટલી વારમાં બબરચી બજારની વરદી
લેવા બાઈ પાસે આવ્યો. હમાયજીએ ઈસા-
રત કીધી કે બચુંને પુછ. બબરચી બચું
પાસે આવ્યો અને હમાયજી ટીકીટીકીને
બચુંનો ચેહેરો ચિતરવા લાગ્યાં. તે શું વ-
રદી આપે? તેણીએ વરદી કે દાહાડે આ-
પેલી? કેટલાં માણસનું ખાનું કરવું હોય તો
કેટલું બજાર મંગાવવું—ગોસત કેટલું, તર-
કારી કેટલી તે "બચુંની જાણે બલા." તે
પોતાના ધણી ગમ જોવા લાગી, જાણે પુ-
છતી હોય કે "શું વરદી આપું?" અને તે-
નો ધણી હમાયજી તરફ જોવા લાગ્યો, જા-
ણે કેહેતો હોય કે "તમે અમોને બનાવોછ."

"ઓ વાએ! બાઈજી, વરદી આપોજી!
ચાકર ખોટી થાયછજી!" અંતે ઘણી વાર
લાગી ત્યારે હમાયજી બોલ્યાં.

"થોડું લાવીને રાંધ ને થોડું બાફ" બચું-
એ વરદી આપી.

"હા. હા. જા ભાઈ, થોડું રાંધવાનું, થો-
ડું તરવાનું ને થોડું બાફવાનું લાવીને પકા-
વની" લવજીએ વરદી આપી.

હવે જાણે કે પોતાથી થોભાયું નહી હો-
ય તેમ હમાયજીએ ખુંખું કરીને હસી દી-
ધું અને લવજીએ પણ હસી પડીને કારણ
પુછયાથી તેવણ બોલ્યાં કે—"સકાર બલેરે
તમારા વરદી આપવાના. તરવાનું ને રાંધ-
વાનું શું લાવે તે તો કહો. ગોસ્ત કેટલું,
માછલી કેટલી તે ફરમાવો તો ખરાં. બધું
ચાકરને માથે નાખ્યું કે ગમે તેમ દારવાટ-
લો કરે? ચાકરને ગમેતો આખી બજાર
હોરી લાવે? તમારે ગમે તો હું વરદી આપું?"

"ત્યારે તો ઘણી મેહેરબાંની" બચું બોલી.

"જો એમ આવ સોલા." હમાયજીએ પો-
તાની ફતેહની મગરૂરીના ડોલથી વરદી આપી.

"આઠ રતલ ગોસ્ત લેજે, તેમાંથી ત્રણ
વાણી કરજે, એક રતલ છુંદાવજે તેમાથી
બપોરના કટલેસ ને કવાબ અને રાતના કંટરી
કપટાન કરાવજે. બપોરના સધરાણાનું ધાન-
દાર ને માછલીનો પાટીયો. થોડી માછલી ત-
લજે, પણ જો મારી વહુ આજે પેહેલ વેહેલી
ઘરમાં જમેછે, વાસતે બપોરનાં સેવ, દહી,
ખાન ને કેલાં લાવવાને ભુલતો ના."

એ ઉપરાંત હમાયજીએ ચાકરને બીજી
ઘણી બારીક વરદીઓ આપી અને કામમાં
રોકાઈ ગયાં ત્યારે બચું "મનેતો એવું એ-
વું કાંઈ આવડતું નથી પણ હું શીખીશ" એ-
મ કહી પોતાના ભરથાર સાથ નાસતો પુ-
રો કરી ઉઠી.

તેણીએ લવજી સાથ બાગમાં ફરવા જ-
વા માગ્યું, પણ લવજીએ આફીસમા જવા-
ની ઉતાવલ કીધી. "એવાએ લવજી,
બૈરી લાવ્યો એટલે ધંધાને વખાતો નાખ્યો
કે?" હમાયજીનો ટપકો તૈયાર હતો. "બ-
ચુંબાઈજી તમારા માટીને ધરીને બેશી રે-
હેશોજી કે તેને કાંઇ કામ ધંધે જવા દેશો?"

લવજી આફીસમાં જવા નીકલ્યો ત્યારે
બચું તેને બાગના દરવાજાવેર મુકવા ગઈ.

બાગ મોટો હતો અને પ્યારથી એકેકના
હાથમાં ભેરવાઇને ચાલતાં આ પ્યારાં જો-
ડાંનો દેખાવ ઘણી આંખોમાં અદેખાઈ પે-
દા કરે એવો હતો.

લવજી અને બચું ખરેખર સુખી હતાં.
તેઓ એકેકનાં પ્યારમાં સુખી હતાં. બચું-
ની આંખ આગળ મૂર્તીમાં મૂર્તી લવજી-
ની હતી. તેનો સઘળો જીવ લવજીમાં ભ-
રાયો હતો. પોતાના ધણીને પોતાની આંખ
આગળથી જરા પણ ખસેડવાને તે જરા
પણ ખુશી નહી હતી. પોતાના ધણી વગર
તેને સોહોવાતું નહી હતું. દરવાજા ઉપર બા-
કીનો દાહડો પોતાના પ્યારા પતીથી છુટી
પડતાં તેણીએ ચાહ્યું કે "લવજી હું તમા-
રો કલારક હતે તો કેવું સારૂં કે દિવસે આ-
ફીસમાંબી તમારી આગળની આગળ રેહ-
તે!" લવજી હસ્યો, પણ બચુંએ બીજો ઉ-

પાય સુચવ્યો "લવજી, આપણું આવડું મોટું ઘર છે, તો તમારી આશીસથી ઘરમાંજ રાખોની કે આપણે સાથેના સાથે રહી શકીયે?"

લવજી વિચાર કરવાની કબુલાત આપી છુટો પડયો પણ આ મોહોબત ભરી મુલાકાતમાં તેણે છુટો પડવા આગમચ, બાગમાં ચાલતાં, હમાયજીને ઘરમાંજ રાખવાં કે નહી તે વીશેની વાત છેડી. બચુંએ એટલોજ જવાબ આપ્યો કે "જેમ તમારી મરજી." લવજી એ જવાબથી રાજી થયો નહી. "બચું, હું તારી મરજી મુજબ ઠરાવ કરવા માગું છું." અંતે શેવટ એ આવ્યું કે બચુંએ હમાયજીને ઘરમાં રાખવાને ખુશી બતાવી.

હમાયજી ગમે એવાં પાજી અને પતરાજીખોર હતાં, પણ કામનાં હતાં અને ઘર ચલાવી જાણતાં હતાં. બચું ગમે એટલી "કેળવાયલી" અને "સુધરેલી" હતી, પણ ઘર સંસાર ચલાવવામાં કેવળ કાચી અને ના વાકેફ હતી. હમાયજીના ખરાબ સ્વભાવને લીધે ઘરમાં દુખ પડવાની ધાસતીતો હતી, પણ બચુંના સંસારી અજ્ઞાનપણાને લીધે થોડું ઘણું એ દુખ ખમવાની જરૂર હતી. માટે લવજીએ દરખાસત કીધી, બચુંએ ટેકો આપ્યો અને બેહુના એકમતથી પસાર થયું કે "કાંઈ નહી તો બે ત્રણ મહીના હમાયજીને ઘેરમાંજ રાખવાં અને તપાસી જોવું કે તેવણ સાથ કેમ નિભાયછે."

ઘરમાં બચુંને કશું સોહોવાયું નહી. જરા વાંચ્યું, જરા લખ્યું, જરા સીવ્યું, જરા ભર્યું, જરા ગાયું, જરા બજાવ્યું, એમ કરતાં બચું કલાકમાં બેવાર ઘડિયાલ જોઈ રહી અને તેને વખત ઘણોજ લાંબો લાગ્યો. તે ફરિયાદ કરતી કે દાહડો લાંબો છે.

પણ હમાયજી ફરિયાદ કરતાં કે દાહડો ટુંકો છે, તે નીકલી જાયછે તે માલમ પડતો નથી, અને આખો દાહડો કામ કરતાં કામ નીઠતું નથી ને ઘણું અધુરૂં રહી જાયછે.

પ્રકરણ ૨૩ મું.

"એ કોણ?"

હમાયજી સાથ કોણથી નિભાય? બે ત્રણ દાહડામાં બચુંની ફરંગન આયા હમાયજીથી કંટાલીને બચુંની ચાકરી છોડી ગઇ. તે બચુંની જુની અને વિશ્વાસુ દાસી હતી. તેટલા માટે તો બચુંનો બાપ મુવા પછી જ્યારે જાહાંગીર જીજુરીવાલાએ પોતાની એ ભત્રીજીને સુરત પોતાને ઘર મોકલી ત્યારે બચુંની આ આયાને તેની સાથે રેહેવા દીધી હતી. અને તે બચુંની માનીતી હતી એટલા માટેજ તેને બચું પોતાની સાથે પોતાના ઘરમાં પાછી લાવી હતી. પણ મેરી ઘણી ફાંકડી, ધસકી અને શોકીન હતી. પોતાની બાઈ બચું, જે વાંચનારી બાનુઓ જાણેછે કે હમેસની સાદી હતી, તેના કરતાં પણ મેરી ભપકો કરીને ફરતી હતી, અને હમાયજી એવા ખોટા ભપકાને સહુથી વધારે ધિકારતાં હતાં. માટે મેરી સાથે તેવણને ડોલે દીઠું બન્યું નહી. તેવણે મેરીના ચસકા અને ચેષ્ટા ચલાવ્યા તથા પોતાની વિશ્વાસુ દાસી અમીનાની મારફતે પેહેલાજ દાહડામાં તેવણ બેવાર કેહેવડાવી રહ્યાં કે "સાદાં કપડાં પેહેરીને ફરવું હોય તો ફર નહી તો રસતો પકડ." મેરી પોતાની બાઈ બચું આગળ ફરિયાદ ગઈ. તેને ખાતરી હતી કે બચું મને બચાવશે. પણ બચુંએ તેણીનો બચાવ કીધો નહી. એ સમજુ અને રાંક શેઠાણીએ તો સામી હમાયજીની પક્ષ ખેંચી. તે બોલી કે "મેરી, જ્યાં સુધી હું સવતંત્ર હેતી, ત્યાં સુધી તું ગમે તેમ કરે તેમાં મને હરકત નહી હતી, પણ હવે હું બીજાના ઘરમાં આવીછું. મારો ધણી બીજો છે માટે હું બીજાનાં કેહેવા મુજબ ચાલુંછું તો તારે પણ તેમજ કરવું પડશે. વડાં માણસના કેહેવાને માન આપવુંજ જો-

છયે." પણ મેરી સમજી નહી. તેણે આ અપમાન ખમવા કરતાં ચાકરી છોડવાની ભપકી કીધી, તે બચું ખઇજ લઇ બેઠી અને તેને તેનો પગાર ચુકવી આપ્યો. મેરીને ભારી પડી ગયું. પણ તે ગઈ. તે જાણતી હતી કે આજે રહીશ તો કાલે વળી હમાયજી છેડતી શોધશે અને અંતે જવું પડશેજ.

બચુંની આ અસીલ અને અસરાફ તાબેદારીથી હમાયજીના મનમાં બચું વિષે ઘણું માન વધ્યું. મેરી જેવી જુની દાસી તેવણને લીધે બચુંને ઓહોવી પડી તેથી તેવણે બચું આગળ અફસોસનાં થઈ દલગીરી બતાવી પણ બચુંએ ઓર જવાબ દીધો કે "માયજી, એ દાસી તમારા કહ્યાસર ચાલવાને બંધાયલી હતી અને મારી આગળ તેણે તમારી .રાવ લાવવી નહી હતી. તે તમુને નાફરમાન થાય તેના કરતાં ગમે એવી જુની હોવા છતાં તે મારી ચાકરી છોડી જાય એ ભલું છે." હમાયજી બચુંને ધિકારતાં હતાં તેમાં કેટલી ભૂલ હતી તે પોતાની મેળે તેવણે જોઇ લીધી.

લવજી સાંજે પોતાના કામ ઉપરથી આવ્યા પછી બચુંએ તેની આગળ એ વાત કીધી. હમાયજીની ખાતર આમ બચું બિચારી દાસી વિના અગવડ ભોગવે એ લવજીને પણ ગમ્યું નહી. બચું ખુશીથી બોલી કે "મેરીના જવાથી મને કશી અગવડ પડવાની નથી." પણ લવજીનું મન માન્યું નહી. તેણે તુર્તજ બીજી દાસીની શોધ કરવાનું બચુંને અને હમાયજીને ફરમાવ્યું.

તે દાહડે રવિવાર હતો. દર રવિવારે બંદપર ફરવા જવાનો લવજીનો ધારો હતો. બચુંને પરણી આવ્યા પછી આ પેહેલોજ રવિવાર હતો. બંદ ઉપર તે દર રવિવારે એકલો હમાયજીને લઇ જતો હતો, પણ આજે તો બચુંને પોતાની સાથે બંદપર પેહેલ વેહેલીજ લઇ જવાની હતી. માટે લવજીએ ગાડી જોડવાનો હુકમ આપ્યો.

"શું ? શું ? ગાડી શાની જોતરાવોછ ?" હમાયજી સામાં થયાં. "આજે ઘોડાઓને નહવડાવ્યાછે. ગાડી બાડી નહી બનશે. ચાલતાં ચાલો."

"હમાયજી, વળી એ શું ચેડાં ?" લવજી નરમાશથી સમજાવા લાગ્યો. "આજે આપણો બંદપર જવાનો દાહડો છે તે તમે જાણતાંતાં નહી કે ઘોડાઓને નહવડાવ્યા?"

"ફરવા જવાનો દાહડો છે તે તો હું જાણતીતી" હમાયજીએ પોતાનો બચાવ કીધો "પણ તે સાથે ઘોડાઓને નહવડાવવાનો પણ આજે દાહડો છે તે શું તું જાણતો નથી?"

"હું જાણુંછું. પણ તોબી આજે બધા ઘોડાને નહવડાવવા નહી હતા."

"કાં નહી ? આતવારે બંદપર જવાને તમો ગાડી કે દાહાડે જોતરાવતા હતા ? તમો પરણી આવ્યા ને મોટા માણસ થયા તેથી તમારી અસલી સાદાઇને છોડી દેશો અને તમો ગાડીમાં જવા માંગશો એવી મને ખબર નહી હતી. હું જાણતે તો તારે વાસતે ને તારી બૈરીને વાસતે ચાર ઘોડા જોતરાવીને ગાડી તૈયાર રાખતે. હં!"

"હમાયજી તમે ટકોર કરોછો" લવજી જરા મિજાજથી બોલ્યો "પણ આ વાત મશ્કરીની નથી. હું એકલો જવાનો હતે તો ગાડી નહી માંગતે પણ બચુંને લઈ જવીછે ને તેનાથી બંદવેર ચલાશે નહી."

"સહુ ચલાશે" હમાયજી નચિંતાઇથી બોલ્યાં. "આપણા જુના ઘરથી ચાલતાં નીકલતાંતાં તે યાદ છે કે?"

"હા, પણ તે આપણેજ હતાં ની ? તે વખતે મારી બચું નહી હતી."

"ને હવે બચું છે તો શું ફેર પડી ગયો? જુનું ઘર તો બંદથી દૂર હતું. પણ આ બંગલાથી બંદ નાકના દાંનડા જેટલો દૂર છે, ત્યાં ચાલવાને ગાડી કેવી જોઇયે ! જો બૈરીને હમણાંથી એવા લાડ લડાવશે કેની તો પછવાડેથી ભારી પડશે! મુગો મુગો ચાલતી લઇ જા."

"મને ગાડી નથી જોઇતી" બચું કપડાં પેહેરી તૈયાર થવા ગઈ હતી તે આ વખતે આવી લાગી ને બોલી "લવજી, આપણે

આસતે આસતે ચાલશું તો બંદરેર હું ચાલી શકીશ."

"પણ એટલી બધી કાંઈ ગરજ?" લવજીએ ભવાં ચહડાવીને મિજાજથી વાત કીધી. "તુને લાંબું ચાલવાની કસરત નથી અને તે છતાં તુને જબરદસતીથી ચલાવીને હું સીક પાડનાર નથી. ગરમીનો વખત છે, લાંબો દહાડો છે, સાંજે છ વાગતેબી તાપનું જોર રેહછ, તેમાં તારીથી ચલાય નહી, બચું."

"બચું સાકર કે ખાંડની બનાવેલી હશે તે ચાલવાથી ગરમીથી પીગલી જવાની હશે." હમાયજીએ ટકોર ચાલુ રાખી.

"તમે ગમે એટલી મરાખરી કરો પણ હું મારો ઠરાવ ફેરવનાર નથી, હમાયજી." લવજી આવા ધાડા આવાજે કદી વાત કરતો નહી હતો. "હું આ ઘરનો ધણી છું અને મારા હુકમની આડે આવવાની કોઇને સતા નથી. જેને સુખી કરવા સારૂ મેં ઓદાને હાજર નાજર જાણી વચન આપેલું તેને હું દુખી કરનાર નથી. જનાવરોના સુખને વાસતે માણસને દુખ થવા દેવું નહી જોઇયે. બચુંને ચાલતી લઈ જવા કરતાં ઘોડાઓને નહવડાવ્યા છતાં વાપરવા બેહેતર છે, વાસતે હું ગાડીમાં જવાનો."

"જેમ મરજી" કરીને હમાયજી મિજાજમાં ઉઠી ગયાં. લવજી અને બચું બંદરપર ગાડીમાં ગયાં. હમાયજી સરેસતા પ્રમાણે ચાલતાં ગયાં.

બંદરપર બચુંની આગલી સહીમીતીઓ સઘલી ખુશીથી તેને મળવા આવ્યાં તેના ઉપર ઘણી ચેલમેલ થઈ. લવજી મોટા માણસમાં ખપ્યો. તેની ઓલખ કરવાને સઘાં ખુશી રહ્યાં. ઓલખીતાં સઘલાં તેની આસપાસ ટોલે વળી આવ્યાં. પણ હમાયજી બંદ ઉપરના બાગમાં એકલાં એક ઝાડ હેઠલ બાંક ઉપર જઈ બેઠાં. તેવણ બચુંની ગાડી આગળ મુદલ આવ્યાં નહી. તેવણ સકારે પાછાં ઘર જવાં જોઇયે. લવજી પોતે બચુંની સાથે હમાયજીને બાગમાં શોધવા સારૂં ગયો પણ તેવણ મળ્યાં નહી. દીવા કીધા પછી તેવણ ઘરની બાહેર રેહતાંજ નહી હતાં.

લવજીની ગાડી આગળ પાહાલીમાસા પણ આવ્યા નહી. હીરા ભોગીના પાહાલણજી પોતાની બાયડી હીરાંબાઈ અને દીકરી શીરીનની સાથે બંદરપર આવ્યા હતા ખરા, પણ પોતાની ગાડીમાંથી ઉતર્યાજ નહી. બચું તો હજી તેઓને ઓલખતીજ નહી હતી, એટલે તેઓના આખાડા બચુંને કરાા લાગ્યા નહી, પણ પાહાલીમાસા આજે મળ્યા કેમ નહી અને અગત કરીને શીરીન, જે લવજીને જ્યાંથી જોતી ત્યાંથી મળવાને દોડી આવતી, તે પણ આજે મળવા આવી કેમ નહી તે લવજીને લગાર નવાઈ જેવું લાગ્યું.

ઘણે દહાડે દોસ્ત આસનાવો મળ્યાથી અને એક પછી એક તેઓએ રોકી રાખવાથી લવજી પોતે પાહાલીમાસાની ગાડી આગળ બચુંને લઈને જઈ શક્યો નહી. તેણે બે ત્રણ વખત જવાનો વિચાર કીધો પણ નવા નવા દોસ્તોએ આવીને તેને રોકયા કીધો. અંતે જ્યારે સાંજ પડયા પછી તે હમાયજીને શોધીને પાહાલીમાસાની ગાડી શોધવા ગયો તો તે ગાડી પણ નજર પડી નહી. પોતાના ઝનુની પણ લાયકીવાલા માસાને, પોતાની નાતવાન અને કાયલી હીરાં માસીને તથા પોતાની સદાની હેતવંતી મસીઆઈ બેહેન શીરીનને મળાયું નહી માટે તેઓના મનમાં ઓછું આવશે એમ ધાસતી બતાવતો અને લગાર નાઉમેદ થતો લવજી બચુંની સાથે પાછો પોતાની ગાડીમાં બેસવા ગયો.

હજી તો તે ગાડીમાં બેસવા જાયછ તેવામાં એક શીગરામ ઝપાટામાં પસાર થઈ ગઈ. તે પાહાલણજી હીરાભોગીની ગાડી હતી. માસા માસી ઉપર તો તેમની નજર પડી નહી, પણ શીરીન બીજી બાજુએ બેઠેલી હતી તેની નજર બચું અને લવજી બંને ઉપર પડી.

શીરીન લવજીને જોઇને હસી અને તુર્તજ બચુંએ ઘણીજ ઈંતેજારીથી પુછયું કે "એ કોણ બઈરી? ને એ હસેછ કેમ?"

"એજ તો પાહાલીમાસાની ગાડી અને એ તેઓની દીકરી શીરીન." લવજીએ

જવાબ દીધો. શીરીન મારા ઉપર સદા હેત રાખેછ અને હું અજબ થાઉંછ કે એ આજે આપણી પાસે કેમ નહી આવી?"

"એ કેવી ખુબસુરત છે!" બચુંએ ઉલટભર પુછયું.

"ઘણીજ સુંદર છે." લવજીએ ટેકો આપ્યો "પણ બચું, જેટલી એ તને ખુબસુરત છે તેટલીજ મને પણ શુંદર છે. એના જેવી દયાલુ ને ભલી નાર થોડીજ હશે."

"વારૂં એ ક્યાં રહેછ?" બચુંએ પુછયું, "સ્ટેશન ઉપર જતાં લાંબો ને લાંબો બાગ છે, છેક અંદરથી બંગલો છે અને બાહેર મોટો દરવાજો છે તેજ એનો બંગલો વારૂં?"

"હા, તેજ. તેં કેમ જાણ્યું, બચું?"

"મને એની કાંઇ સુરત રહેલી છે. બાવા ગુજરયા પછી હું જ્યારે પુણાને છેલી સલામ કરી ગઈ હતી, ત્યારે એ બપોરના તડકાંમાં જાણે કે મને જોવા સારૂ હોય તેમ દરવાજા ઉપર ઉભેલી હતી. તેજ વખતે મારી ને એની નજર એક થઈ હતી અને તેજ વખતે મને એના ચેહેરામાં એટલું નવાઈ જેટલું લાગ્યું હતું કે મેં પાછું ફરીને એને જોઈ હતી."

"બચું, એ તારી દોસતીને લાયક મારી બેહેન છે."

બચુંએ જવાબ દીધો નહી.

"આપણે કાલે શીરીનને અને માસા માસીને આપણે ઘર બોલાવીશું."

બચુંએ જવાબ દીધો નહી.

તેના મનમાં કાંઈ નહી હતું. માત્ર આ વાતમાં જવાબ દેવા જેવું બચુંને કાંઈ સુજ્યું નહી.

પ્રકરણ ૨૪ મું.

બચું અને શીરીન.

મેરીને કાહાડી મેલ્યાથી બચુંને કાંઈ અગવડ પડી નહી. હમાયજીની દાસી બે હતી તેમાંની અમીના ઘણી હોશ્યાર હતી. તેને હમાયજીએ બચુંની સેવામાં રાખી. તે બચું સરખી "મોટે ઘરની બાઇ" નું શું શું કામકાજ કરવું તે સઘળું જાણતી હતી. બચુંની ચાકરીમાં હમાયજીની પસંદ કરેલી આયા રેહે એ તેવણને ગમતું હતું અને બચુંને પણ ગમતું હતું. પણ હમાયજીએ એ દાસીને ચેતવી રાખ્યું હતું કે "તારાં મા બાપની આબરૂ વીશે બચું કોઇ દહાડે પછવાડેથી ઠપકો નહી આપે માટે પોતાના બાપને ઘરની સઘળી બનેલી ખીના બચુંને આગમચથી કેહજે."

અને તે મુજબ બંદના બાગપર ફરી આવ્યા પછી બીજે દહાડે સહવારના લવજી ફરવા ગયલો છે અને બચું થોડીજ વારની ઉઠેલી છે તેવે સમે તેની ચાકરીમાં હાજર થતાં અમીનાએ પોતાનો હેવાલ કેહેવા માગ્યો. તે બોલી કે "બાઈ, મોટાંબાઇ (હમાયજી) એ ફરમાવ્યુંછે કે તમે મને નોકરીમાં રાખો તેની અગાઉ મારે લગતી જે ખીના આગલ બનેલી છે તે તમોને કેહેવી જોઇએ."

"શું ખીના છે?" બચુંએ અમીના પાસે બાલ હોરાવતાં નભરવસપણે પુછયું.

"ઘણી નાખુશ ખીના છે, બાઈ. પણ તે કેહેવાની જરૂર છે."

તે કેહેવાની બચુંએ રજા આપી અને અમીનાએ બાઈનું કામ કરતાં કરતાં પોતાનો હેવાલ કેહેવા માડયો.

પણ આ હેવાલ શરૂઆતમાંજ અટકયો. અમીના વાત કેહેવા માડેછ તેટલેજ ઓરડાના બારણા આગળ હમાયજીની બીજી દાસી જે ભીખી નામની પારસણ હતી તે અમીનાને હાંક મારવા લાગી. અમીના દોડી ગઈ અને ભીખીએ તેને હમાયજીનો પેગામ કહ્યો કે—"બાઈ અંદર હોય તો તેવણને જલદી દીવાનખાનામાં મોકલ, તેવણને મોટાં બાઈ બોલાવેછ."

"કેમ? કેમ?" અમીનાએ પોતાની વાત

અધુરી રેહેવાની નામુરાદી વચે પુછયું, કાં કે પોતાના બાપના ખુનની બીના બચુંને કહીને એ નવી બાઈના દીલમાં પોતાની તરફ દયા ઉસકેરવાની અમીનાના હાથમાં આ સારી તક હતી. તે બોલી કે "બાઈ હજી હેઠલ જવાને તૈયાર નથી."

"નહી નહી, બાહારનાં માણસ મળવા આવ્યાંછે, માટે હમાયજી હમણાજ બાઇને બોલવેછ." ભીખી બોલી. પણ એટલુંજ કહીને તે ચાકરડી પતી નહી. ઓરડામાં બાઇ સાંભળે નહી તેમ તેણે આસતે રહીને વાત વધારી કે "અમીના તુને ખબર કે? કમબખતીની વાત છે?"

"કેમ? શું કમબખતી છે!"

"પેલાં હીરાભોગીવાલાં મળવા આવેલાં છે."

"તેમાં કમબખતી શું થઇ?"

"તેઓની સાથે પેલીબી છે હોંકે!" ભીખી લાંબો દમ ખેંચીને બોલી. "ખુબ ભપકો કરીને આવેલી છે. અને એવી તો રોબ મારેછ કે પાર નહી. મેં તેને ગાડીમાંથી ઉતરતાં નજરે નજર દીઠી."

"એ શું બકેછ, ભીખી? કમબખતી શું? ને પેલી તે કોણ?" અમીના લગાર ધમકાવીને બોલી.

"અરે પેલી શીરીન! જેનું આપણાં શેઠ સાથ થવાનું હતું તે?" ભીખી યાદ દેવાડવા લાગી. "તે વળી આપણી નવી બાઇને મળવા આવીછ! કેવા ઢોંગ! પોતાના ધારેલા ધણીની નવી બાયડીને એ કીહે નાકે મળવા આવી હશે! મોહમાં મીંઠાસ પણ પેટમાં છુરી જો! આપણી બાઈ સંભાલ રાખે તો સારૂં! એ કુકતીને ઘરમાં આવવાજ નહી દેય તો વધારે સારૂં! નહી તો કે એકુ દહાડે બાઇનેજ ઝેર ભેલીને પાઈ દેશે."

અમીનાએ ભીખીને ધમકાવીને પાછી વાલી કે "વખતે બાઈ સાંભળતી હશે."

તે ખરૂંજ હતું. બચુંએ આ નિંદાખોર નોકરોની ઉપલી સઘલી વાત સાંભળી લીધી હતી. તે ઘણી વાત સમજી શકી નહી હતી. પણ તેણીએ ફુરસદે અમીનાને પુછી રાખવા ધાર્યું હતું. હમણા તો અમીના આવીને તેને હમાયજીનો પેગામ કેહે તેની અગાઉ બચું હેઠલ જવાને તૈયાર થઈ રહેલી હતી અને મળવા આવેલાંઓને મળવા સારૂં તે દિવાનખાનામાં દોડી ગઈ.

લવજીએ પાહાલી-માસાને, હીરાં-માસીને તથા શીરીનને પોતાને ઘર નોતરવાની પોતાની આગલા દહાડાની ધારણા ખરી પાડી. સહવારના ફરતો ફરતો લવજી પોતેજ તેઓને ઘર ગયો અને પરણીને આવ્યા પછી તેઓએ દેખાડેલી જુદાઇ વીશે તેઓને એવી લાયકી ભરેલી રીતે શરમાવ્યાં કે તેઓ જુદાઇ રાખવાનું તોહોમત ઘણાજ પ્યાર સાથ નામુકેર ગયાં અને તે ને તેજ દહાડે સહવારથી લવજીને ઘર બચુંને મળવા દીકરી અને તેનાં મા બાપે ખુશીથી કબુલ કીધું. લવજી તેઓને પોતાને ઘર મોકલી પોતે કામે ગયો, પણ આજે માસી માસા પોતાની દીકરી સાથ પહરોણાં આવનાર છે તે ઘરથી નીકલતી વેળા હમાયજીને કહી ગયો હતો.

મોટાઓને મનસે જે નજીવું લાગેછે તે નાના અથવા નજીવા માણસોને મોટું લાગે છે. નીચ મનમાં નીચ વાતો રમી રેહેછે. માટે લવજી અને શીરીન વચે ભાઇ બેહેનપણાના પ્યાર સિવાએ બીજો કશો સંબંધ નથી, તે છતાં હલકાં માણસોએ તેની કેટલીબધી વાત વધારી મેલીછે તે ભીખી અને અમીના વચેની ઉપલી ટુક ગોફતેગો કહી આપેછે. શીરીન સાથનાં લગ્ન લવજીના ખ્યાલમાં પણ નહી હતાં અને તોપણ હલકાં લોકોએ તે વાત પોતાનાં મનમાં નકી માની લીધી હતી અને હવે તે વાત નહી પાર પડી એટલે તેઓ બિચારી શીરીન ઉપર તરેહવાર શક લાવવા પડયાં હતાં.

નીચ નિંદાખોરો ઉપર આખાં ગામની હાય પડશે. આબરૂદાર લોકોને સતાવનારી નિંદક જીભોને જીહાનમનો સલો લાગશે. નિર્દોશ બચાંઓને માટે નીચ ખુમાટા ઉરાડનારા

પાપીઓ આ જીહાનમાં રીબી રીબીને મરશે અને પેલી જીહાનમાં હમેશગી સુધી પલીદ રોગ અને આજારમાં સબડયા કરશે.

બચું સાથ માસા, માસી અને શીરીનની ઓલખાણ હમાયજીએ કરાવી અને બચું તેમને ઘણા નિર્દોશ પ્યારથી અને ખાલેશ જીગરથી ભેટી. માસા માસી સાથ તો તે એક લેહેજામાં પલોટાઇ ગઈ. અગત કરીને હીલ્લુ માસીનાં હમેશનાં દુખની હકીકતથી બચુંનાં હમેશનાં દયાલુ દીલમાં ઘણીજ દયા ઉસકેરાઇ. થોડી વારમાં લવજી આવ્યો. સઘલાંઓએ ચા પાણી અને નાસતો સાથે કીધો અને માસા માસી તથા શીરીનની પરોણાગતની ખાતર લવજી સહવારે આફીસમાં ખામખા મોડથી ગયો.

બચું શીરીન સાથ પણ એક સરખા પ્યારથી ભલી ગઈ, અને શીરીન સાથ તેણીની આ પેહેલી ઓલખાણ હતી એટલે તે બિચારીમાં આગલ કરતાં શું ફેર પડયોછે તે વિષે બચું નિર્દોશ અજાણપણામાં હતી. તે એટલું જોતી કે શીરીન જાજી બોલકની નથી, જાજી હસમુખી નથી, એકમારગી વધારે છે, પોતાના માર્ગસર બેસી રહેછે, અને પુછે તેટલોજ જવાબ દેયછે. બેશક તેના સ્વભાવમાં ફેરફાર થયો હતો. આગલ શીરીન એવી એકમાર્ગી નહી હતી. એ ફેરફાર હમાયજી જાણતાં હતાં. શીરીનનાં મા બાપ પણ જોઈ શકતાં હતાં. પણ તે પોતાના ભાઈ દોલીની એટલી હેતાલ હતી કે દોલીના ગમથી તેના સ્વભાવમાં આટલો ફેર પડેલો તેઓ માનતાં હતાં.

ગમે તેમ હતું પણ બચું તેથી અજાણી હતી. શીરીનની ખાતરદારી કરતી કરતી બચું તેને પોતાના ઓરડામાં લઈ ગઈ. લવજીએ, હમાયજીએ, રતનકાકીએ, દીનાંમાય અને બીજાંઓએ આપેલી ભેટ તે શીરીનને દેખાડવા લાગી. લવજીનાં ઘડાવેલાં ઘરેણાં અને જીણસો દેખાડી. પણ તે એટલું તો ખાતરીથી બોલી કે "આ સઘલું ઘરેણું પડી રેહેશે. હું તે પેહેરવાની નથી. મને એવું એવું પેહેરવા ગમતું નથી. મને સાદાઇ ગમેછ. એક એરીંગ યા એક બાંગડીની જોડ મારે ઘણી છે."

શીરીને સાંભલી ઘણું લીધું પણ તે બોલી ઘણું થોડું.

આમ કરતાં દહાડો નીઠી ગયો. બચુંએ અને હમાયજીએ માસા માસીને મોદીકાસ્ટલમાં મોજ કરાવી અને સાંજની ચા પછી તેઓ ઘર જવા નીકલ્યાં. બચુંએ તેમને રાખવાની ઓંહોંસ કીધી, હમાયજીએ તે આગ્રહમાં ભાગ લીધો. પણ પાહાલી માસાને કામ હતું. માસીને માટે આખા દહાડાની થાક ઘણી થઈ માટે તેઓને જવા વગર ચાલે નહી એમ હતું.

તેઓ નહી તો તેઓની દીકરીને રાખી જવાની બચુંએ ઓંહોંસ કીધી.

આ કેવી દરખાસ્ત? શીરીનને જ્યાં રેહેવાનું મુદલ પસંદ નહી હતું—જ્યાં ધણિયાણી દાખલ રેહેવાના પોતાના મનમાં એકવાર હવાઈ કીલ્લા બાંધ્યા પછીની નામુરાદીમાં જે ઠેકાણું આડી નજરે જોવાનુંબી શીરીનનું મન ચાલતું નહી હતું, તે ઠેકાણે તેજ મકાનની નવી ધણિયાણીએ—બરાબર કહીયે તો શીરીનની શોક્યે—તેણીને એકલી રાખવા માગી.

અને તેબી કેવી તકરારોથી? તે બોલી કે "શીરીન, મારા લવજી તો રોજ તમારી તારીફ કરેછ ને કેહેછ કે તમે તેવણપર બહુજ માયા રાખોછ. અને તોપણ આજે તમે લવજીના એવાં કામને દહાડે આવ્યાંછ કે જ્યારે તમે લવજીને એક કલાકબી મળી શકમાં નથી, તો તે બિચારાને મળવા સારૂ તો રહો. મારા ખાતર નહી તો મારા લવજીને ખાતર રહો."

નીર્દોશ બિચારી બચું! શીરીનનાં એક વારનાં ઉમેદવાર પણ હવે ઉમેદ છોડી બેઠેલાં મનમાં આ તકરારથી આડું ને ઉભું કેવું ચહડતું ને ઉતરતું હતું તે બચું શું જાણે? અંતે તે જીતી. શીરીન પોતાનાં માબાપના હુકમથી રાતના ખાનાવેર રહી.

પ્રકરણ ૨૫ મું.

"માથું ફરેછે."

માસા માસીના જવા પછી શીરીન હમાયજી સાથ ટાહેલે ગએલી હતી ત્યારે છેક સાંજે બચુંને જરા નવરાસ મળી. પોતાનો વ્હાલો ભરથાર આવે તેની આગમચ હાથ મોહડું ધોઈ જરા આસાએસ લેવા તે પોતાના ઓરડામાં ગઈ.

અમીના ચાકરીમાં હાજર હતી, તેણીએ એકવાર ફરી પોતાની બાઈની સેવા કરતાં કરતાં પોતાનો અધુરો રહેલો હેવાલ ચલાવ્યો.

તેનો બાપ મરનાર હુશેનશાહ કેવો આબરૂદાર માણસ હતો, પણ તેની દીકરી મરીયમ—અમીનાની સાવકી બેહેન—પોતાના બાપના ઓલખીતા પણ પોતાના બેગાનાઓ સાથ ઓળખાણ વધારીને પોતાના બાપના ઘરની કેવી ખરાબી કીધી તે અમીનાએ બચુંની આગળ સઘળું માંડીને કહી સંભળાવ્યું. મરીયમની વાત કરતાં તે તેના બે અતલગના દોસતોના હેવાલ ઉપર આવી જેઓમાંનો એક તો દોલી હતો અને બીજો કોઈ ઇસિકી પોશાગીર છેક ખરકી તરફથી ઘોડેસવારી કરતો હુશેનશાહના ઘરમાં આવતો હતો તેઓનું વર્ણન કર્યું. આ દોલી તે શીરીનનો ભાઈ હતો એમ અમીનાએ ઘણું બીહતાં બીહતાં ઘણું હરસે કહ્યું, કેમકે શીરીન તેજ વખતે ઘરમાં હતી અને જાણે કે મોદી કાસ્ટલની દીવાલની અંદરથી તે વાત શીરીનના કાનમાં પેવસ થતી હોય એમ અમીના ડરતી હતી.

દોલી શીરીનનો વડો ભાઈ હતો, એમ સાંભળતાંજ બચું અચરતીથી ચોંકી ઉઠી અને બિચારી અમીનાના બાપનો ઘાતક પણ તેજ હતો એમ જ્યારે સાંભલ્યું ત્યારે તો બચુંના આખાં અંગમાં કમકમાટના કંપારા છુટવા લાગ્યા. આ હેવાલથી બચું એટલી તો બીધી કે અમીનાએ વાત કરવાની માંડી વાલી, પણ એ ભયભરેલા હેવાલમાં શીરીનના સગા ભાઈની, લવજીના પોતાના મસીઆઈની વાત હતી એટલે તે જાણી લેવાની બચુંએ લગભગ પોતાની ફરજ વિચારી. માટે અમીનાના બાપના કમકમાટ ભરેલા ખૂનનું ત્રાશદાયક વર્ણન સાંભળવાને બચુંએ ખામખા છાતી ઘાડી કીધી અને જેમ તેમ મન મારીને સેવટવેર આ કરૂણારસીક કથા તેણીએ સાંભળી લીધી. હુશેનશાહના ખૂનથી બચું તદન અજાણી તો નહીજ હતી. તે વખતે તે પુણામાં, એજ મોદીકાસ્ટલમાં રેહતી હતી, પણ તે નાની વયની હતી અને તે વખતની ગડબડનું તેને માત્ર ઝાંખું સ્મરણ હતું. ત્યારપછીનાં ચાર પાંચ વર્ષમાં તે દુખદાયક વાત સઘળી વીસરી ગઈ હતી. તે આજે તેના મનમાં તાજી માત્ર થઇ નહી, પણ જેનું ખૂન થયું તેની પોતાની દીકરી આજે હેવાલ કેહેતી ઉભી છે, અને જેણે ખૂન કીવું (બરાબર બોલીયે તો જેના ઉપર શક હતો) તેની પોતાની બેહેન આજે બચુંના ઘેરમાં મેમાન તરીકે રહેલી છે. આ અજાયબ જેવાં સંકડાંમણથી બચું ગોયા કાંઈ સંકોચતામાં આવી પડી હતી. આવા ભયાણક વર્ણન, આવાં દુખ, આવી આફત, અને વળી આવાં માણસોનો તેને કોઈ દહાડે કશો અનુભવ નહી હતો. તેણે તેમને દીઠાં નહી હતાં તો નહી, પણ તેવાં માણસની તેવી વાતો સાંભળી પણ નહી હતી અને તેથી બચુંનું મગજ ગોયા ચકભમ થયું હતું.

તેનું માથું ફરવા લાગ્યું હતું.

પણ આગળ ચાલતાં તેણે અમીનાથી કાંઇક ધીરજ વળનારી વાતો સાંભળી.

"અમીના, કેવી ભય ભરેલી વાત!" બ-

ચું બોલી "મારે વધારે વાત નથી સાંભળવી. બસ મને એટલુંજ કેહે કે પેલા ઘાતકી ખુની, પાહાલીમાસાના દોલીનું શું થયું!"

"તે તેજ દહાડાનો નાસી ગયોછે, બાઈ." અમીનાએ ખોલાસો કીધો. "બિચારા મારા પાલીશેઠને અને મારી હીલ્લુબાઇને તેથી ઘણું નરસ થયું."

"તારા શેઠ અને તારી બાઈ?"

"હા, માતાજી. ખુનને વખતે હું પાહાલી માસાને ઘર ચાકરીએ હતી. પણ તેવણનાજ દીકરાએ મારાજ બાપને મારી નાખ્યો ત્યારે વળી તે ઘેરમાં મને તેઓ રાખે કેમ? અને હું રહું કેમ? પાહલી શેઠને ઘેરથી મેં રજા લીધાં પછી હું ભુખે મરવા લાગી, રખડી સુઈ. પણ મારો વાંક કાંઈ નહી હતો, માટે આપણી મોટીબાઈ (હમાયજી) ને મારી દયા લાગી અને તેવણે મને પોતાની ચાકરીમાં રાખી ત્યારથી હું અંહી રહેલી છું."

આ હેવાલ કેહેતાં અમીનાની આખોમાં આંજુ આવી ગયાં અને તે રડવા લાગી. બચું પોતે એટલી નાજુક હતી તે કોઇને રડતાં જોઇને પોતે પણ રડતી હતી અને એ રીતે ચાકરડીના દુખમાં શેઠાણીએ દયાલુ દાજથી ભાગ લીધો.

"હવે બાઈ મારો બધો હેવાલ તમે સાંભળી લીધોછે તો કહો" અમીના અરજ કરવા લાગી "કે મને તમારી નોકરીમાં રાખવાને તમને કાંઈ અડચણ છે? હું એવી તો છું. મારાં કુટુંબને ડાઘ લાગ્યોછે, પણ મારી સાવકી બેહેનની ચાલથી લાગ્યોછે. પણ કદાચ તમો મોટા શેઠલોકની બાઈ છો માટે જેની બેહેને એબ લગાડેલી તેને તમે કદાચ ચાકરીએ રાખવા નહી ચાહો તો હું જવાને તૈયાર છું."

"નહી નહી, અમીના, તું રેહે" બચુંએ ઘણી કદરદાની દેખાડી. "હમાયજી જેવાં કરડાં શેઠાણીએ તુને રાખીછે તો ખાતરી કીધા વગર નહી હોય. તારી બેહેનના વાંક સારૂ તુને સજા કરવાનો શો ફાયદો? પણ વારૂ તારી એ બેહેન કયાં છે?"

"જે દહાડે દોલી નાસી ગયો તેજ દહાડે તે પણ નાસી ગઇછે" અમીના બોલી "સર્વે લોકો માનેછે કે દોલીએ મારા બાપનું ખુન કીધા પછી મરીઅમ તેની સાથેજ નીકલી ગઇછે."

"અફસોસ! અફસોસ!" આ દાસતાનની શેવટે બચું બોલી "બિચારા પાહલીમાસાને અને હીલ્લુ માસીને ઘરડે ઘડપણ આ કેવો બુરો જખમ લાગ્યોછે! આવા ગમ પછી તે બિચારાંઓ સદાનાં આજારી ચાલે અને શીરીન કુંવરી ને બલિયલ રેહે તેની કાંઈ નવાઈ? હું દલગીર છું કે માસી માસા આજે ઘરમાં આવી ગયાં ત્યારે એ બિચારાંઓના આ દુખથી હું અજાણી હતી. નહી તો કે હું પોતે તેઓને એ વિષે દિલાસો દેતે."

"અરે! નહી બાઈ! સારૂં થયું કે તમે એ વાત છેડી નહી!" અમીનાએ આતુરતા ભરેલી ચેતવણી આપી. "પાહાલીમાસાને એ વાતની ઘણી છીટ છે. તેવણ પોતાના દીકરાનાં કર્તુકથી એટલા કમકમેછ કે દોલીનું નામ પણ કોઇને લેવા દેતા નથી. તેવણે કસમ લીધાછ કે તેવણના નામને કલંક લગાડનાર એ દીકરાને પકડીને પેહેલો તેવણે પોતે ફાંસીએ ચહડાવવો."

"કેવા સારા માણસ!" બચુંનાં ફરતાં મગજને જરાક ધીરજ મળી અને તેવી ધીરજથી તે બોલી.

પણ બચુંનું મગજ હજી ફરતું હતું. એકવાર ફરવા માડેલું મગજ તેજ વલાણ ઉપર વધારે જવા માગેછે. મનમાં એકવાર બીહીક ભરાઈ તો પછી બીહીક વધ્યાજ કરેછે. ખરાબ ખ્યાલ, પાપની વાત, નજીસ બાબત એકવાર મગજમાં પેવસ થઈ કે તે વધારે જાણવાની જીગ્નાશા રાખેછે. માટે પોતાનો હેવાલ પુરો કરીને અમીના જતી હતી, તેથી બચું ધરાઇ નહી. તેણે અમીનાને જવા દીધો નહી. તે ગયલીને ઓરડામાં પાછી બોલાવી અને પુછયું કે,

"અમીના, આજે સવારે મારાં બારણાંની આગળ ભીખી સાથ શી વાત કરતી હતી?"

"શી વાત બાઇ? મને કાંઈ યાદ નથી."

"ભુલી ગઇ? માસી માસાને મળવા સારૂં બીબી હમાયજીની તરફથી મને તેડવા આવી ત્યારે તે કોઈ 'પેલી' ને વાસતે તારા કાનમાં હલુ હલુ શું બોલતી હતી?"

"કાંઈ બોલતીતી? તમે સાંભલ્યું બાઇ?"

"હા, મેં સાંભળ્યું. તે બોલતીતી કે પેલી મને ઝેર દેશે. તે 'પેલી' કોણ?"

"અરે! કાંઇ માનતાં ના, બાઈ. બેઅકલી બીબી બેવકુફી માત્ર બકતીતી."

"હું માનીશ નહી, પણ તે વાત શું હતી તે કેહે."

"જુવોની બાઈ, એ તો પાહાલીમાસાની શીરીન વિષે વાત હતી."

"શીરીનની વાત? તે મને ઝેર દેય?"

"તોબા! તોબા! એ બોલવુંજ પાપ છે. એ તો બીબીના મનનો વેહેમ માત્ર છે."

"પણ વેહેમ લાવવાનું કાંઈ કારણ અમીના?"

"એ તો આગળની, જુની વાત છે, બાઇ."

"શી વાત છે તે મને કેહે. આજે બધી કેથી જુનીજ વાતો મારા કાનમાં પડી રહીછે."

"વાત એ છે, બાઇ, કે પાહાલીમાસાની શીરીન લવજી શેઠ સાથ પરણશે એમ ગામમાં વાત ચાલી રહી હતી, ઘણાં લોક એમ માનતાં હતાં."

"તેમ માનવાનું શું કારણ? એઓ માસી માસીનાં થાય એજ કે?"

"નહી બાઇ. લવજી શેઠ અને શીરીન વચે ઘણી મોબત અને પ્યાર હતો. તેઓ એકેક સાથ પલોટાઇ ગયલાં હતાં અને તે પરથી ચાકર નફરો એઓનાં લગ્ન ચોકસ માનતાં હતાં. હું તે વખતથી એ વાત ના પાડતી. હું કેહેતી કે લવજી શેઠ શીરીનને બેહેન દાખલ ચાહેછ, વધારે નહી, ને અંતે હુંજ ખરી પડી. ને સારૂં થયું કે હું ખરી પડી."

"કેમ વારૂ?"

"શીરીન ઉછાછલી છે, તેને પરણીને લવજી શું સુખી થવાના હતા? તમારા આવ્યાથી શેઠ વધારે સુખી છે."

અંહી આ મસલત બંધ પડી. અમીના પોતાને કામે ગઈ પણ તેણે જે વાત કરેલી તે તેની બાઇના મનપર ઠસી ગઈ. તેનું મન આ વાતની આગમચથીજ ભમી ગયલું હતું. હુશેનશાહનાં ખુનની અને શીરીનના ભાઈ ઉપરના શકની વાતથી બચ્ચું બીધેલી હતી, તેવામાંજ શીરીનને વાશેની આ નવી બીનાથી બચ્ચુંના બીવેલાં મનમાં વધારે બીહીક બેસી ગઇ. તેનું ફરેલું માથું વધારે ફરવા લાગ્યું. લવજી બચ્ચું સાથ પરણ્યો તેની આગમચ તેનો પ્યાર બીજી ગમ હતો એ વાત બચ્ચુંના મનને વીજલી પેંઠે વિસ્મય કરવા લાગી. બચ્ચું લવજી સાથ પરણી તેની અગાઉ તેણે પણ દીનમાયના જમસુ તરફ પોતાના મનમાં ઉમેદ બાંધી રાખેલી હતી એ વાત બચ્ચુંને અચબુચ યાદ આવી. જમસુ સાથ બચ્ચુંના લગ્નનો જોગ બન્યો નહી, તેમ લવજીને શીરીન સાથ જોગ બન્યો નહી, અને તેનું પરિણામ લવજી તથા બચ્ચુંનાં લગ્નમાં નીવડયું. પણ રખે લવજીના મનમાં શીરીન તરફનો આગલો પ્યાર ઠસી રહ્યો હોય! રખેને હજી પણ શીરીન અને લવજી વચે કાંઈ પ્યાર બાજેલો હોય! રખેને નાઉમેદીનો આતરા એઓ બેહુના દીલમાં બજરતો હોય! અને રખે તે હવે પછી કોઈ દહાડે કાંઈ આગ લઈ ઉઠે? એવા એવા વેહેમી ખ્યાલો બચ્ચુંનાં દુખતાં મગજમાં દાખલ થયા. વેહેમ બેદીલી ઉપજાવેછે. બેદીલી દર્દ પેદા કરેછે અને બચ્ચું દર્દી વેહેમોની એજ પ્રમાણે ભોગ થઈ પડી.

"પણ લવજી મને એવા અનંત, અપરમપાર પ્યારથી ચાહેછ કે ખચીત તે બીજી કોઇને પણ ચાહતો નહી હોય" બચ્ચુંએ એકવાર મનમાં હિમત પકડી. "શીરીન તરફ તેનું દીલ આગળ કેવું હતું અને હમણા કેવું છે તે આજને આજ હું લવજીને પુછીને મારી ખાતરી કરીશ."

એ રીતે પોતાનું મન મારીને બચ્ચું દિવાનખાનામાં પાછી આવી. સવારની અને

હમણાની તેની હાલતમાં ફેર પડી ગયો. સવારના સરખી હસતી બોલતી તે હમણા નહી હતી. તેનું "માથું ફરતું હતું."

લવજીના આફીસમાંથી આવ્યાની વાટ જોતી બચ્ચું બારીએ ઉભી. શીરીન તે અગાઉની લવજીની રાહ જોયા કરતી હતી. જ્યારે લવજી પોતાના બાગમાં દાખલ થયો ત્યારે તેની વાટ જોતાં બચ્ચું અને શીરીન બેહુ બારીએ ઉભેલાં હતાં! બચ્ચું જોતી હતી કે લવજી અને શીરીનની નજર એક થતાં શીરીન જરાક ફીકી પડી હતી, તેના ચેહેરાનો રંગ ઉડી ગયો હતો, તે લવજીથી જરા લજવાતી હતી.

"ઓ હો! બેહુ નાજનીનો બારીને બિરાજમાન કરોછો!" લવજીએ બાગની હેઠલથી ખુશ મીજાજમાં ટકોર કીધી. બચ્ચું અને શીરીન બેહુ તેને એસતેકબાલ ગયાં. આવતાંનેવાર તે બેહુને ભેટયો અને ખેર આફીઅત તથા દહાડો કેમ ગુજાર્યો તે પુછવા પડયો.

પણ બચ્ચુંએ જોયું કે બાહારથી આવતાંનેવાર તેને લવજી જેવી તરેહનો પ્યાર બતાવતો તેવો પ્યાર આજે તેણે બતાવ્યો નહી. તે એટલાજ માટે કે બાહારના માણસના દેખતાં વહાલ કરવું ઘટે નહી. લવજી બચ્ચુંને વધારે પ્યાર દેખાડતાં અટક્યો, તે માત્ર શીરીનની હાજરીથીજ. "એ વાજબી છે" બચ્ચુ મનમાં બોલી "પણ મારા અને ધણીના પ્યાર વચે શીરીન આજે નડી તો ખરી. એ ક્યાં નડવા આવી?"

સાંજના ફરવાનો વખત થઈ ગયો હતો. બચ્ચું તો બે ત્રણ વખત "માથું ફરવા"ની ફરિયાદ કરી રહી હતી. તે ખરી વાત હતી. તેણીએ ખોટું બાહનું કાહાડયું નહી હતું. પણ શીરીન બચ્ચુંના કરતાં હમાયજીની મેમાન વધારે હતી એમ કહીને હમાયજી એકલાંજ શીરીનને પોતાનો બાગ દેખાડવા લઇ ગયાં.

લવજી પોતાના ઓરડામાં કપડાં ઉતારવા અને થાક ઉતારવા ગયો. બચ્ચું તેની સાથે ગઈ અને જતાંનેવાર શીરીનની વાત નીકલી.

"બચ્ચું, માસા માસીની સારીપેરે ચાકરી કીધીતી કે, જાની?" લવજીએ વાત ચલાવી.

"હા. માસા માસી ઘણાં ખુશી થઇને ગયાં, અને તમારી શીરીન પણ ખુશી થઇછ."

"તમારી શીરીન" કરીને બચ્ચું ખામખા ભાર મુકીને બોલી, પણ તેના મનમાં શું છે તે બિચારો ખાલિશ મનનો લવજી શું સમજે? "તમારી શીરીન" બોલ તેણે પોતાના ભોલાપણામાં ચુપકીદીથી ચલાવી દીધા પણ બચ્ચુંએ તે ગોખીને યાદ રાખ્યા. તેણે માન્યું કે "જો શીરીનપર જાજો પ્યાર નહી હતે તો લવજી મને ઓઠી પાડતે અને પુછતે કે 'બચ્ચું, તું મારી શીરીન શાની કેહેછ?' પણ એ બોલોએ લવજીને અચરતી ઉપજાવી નથી ત્યારે લવજી તેને પોતાનીજ સમજેછે." પણ વળી આવો વેહેમ રાખવાનો ગેરઇનસાફ બચ્ચુંને યાદ આવ્યો. લવજીને ખરેખરૂં પુછી જોવાનો પોતાનો ઠરાવ તેણે સાંભર્યો અને તેથી બોલી—

"લવજી, માસા માસી ઉપર તમારૂં હેત ઘણું છે?"

"હા, હું તેઓને ઘણાં ચાહુંછું."

"અને શીરીનને?"

"શીરીનને પણ હું ચાહુંછું. તેના ઉપર હું બચપણથી પ્યાર રાખતો આવ્યોછું."

"પણ ત્યારે તમે માસીને ઘેર જતા કેમ નથી?"

"શું કરૂં? ફુરસદ નથી મળતી. તું દીલબર સાથ પરણી આવ્યા પછી તારાથી છુટો પડવા ગમતું નથી."

"નહી તો કે તમે માસીને ત્યાં જાવો કે?"

"હા. ખુશીથી. એ બિચારાં દુખીને ત્યાં મને રોજ જવાની ફરજ છે."

"ત્યારે આગળ તમે રોજ જતાતા કે?"

"હા. ઘણું કરીને રોજ જતો હતો."

"શીરીન ઘણી ખુબસુરત છે, નહી વારૂં, લવજી?"

"ઘણીજ. એના જેવી ખુબસુરત છોકરીઓ ગામમાં થોડીજ હશે."

"પણ અજબ જેવું છે કે તમારી સાથ એને એટલો પ્યાર છતાં તમે એની સાથ પરણ્યા નહી."

લવજી પોતાના ભોળાપણામાં હસી પડયો.

"નહી. લવજી મને જવાબ દેવો," બચ્ચું તેના ગલાપર વીટલાઇને કરગરી બોલી. "હસીને કહાડી ના નાખો. મને કહો, શીરીન સાથ તમારૂં કારજ કેમ નહી બન બેઠું?"

"તું એટલી ઉલટથી કાં પુછેછે બચ્ચું?"

"શીરીન સાથે આજે આખો દાહડો ગુજાર્યાથી મને ઘણી નવાઈ લાગેછે; મને જાણવા ગમેછે."

"મારાં તેની સાથ કદી લગ્ન થયાં નહી, તેનું કારણ એટલુંજ કે મેં કદી તેની સાથ પરણવાનો ખ્યાલ કીધો નહી હતો."

"નહી? એ શું બોલોછો?" બચ્ચું ઘણી અચરત થવા લાગી.

"એમાં અચરત થવાનું શું છે બચ્ચું?"

"તમારી આટલીબધી મોહોબત હતી તે છતાં? લવજી?"

"તે મોહોબત એક બેહેન તરફ જેટલી બતાવવી જોઇયે તેટલીજ હતી."

"ને શીરીને પોતે પણ તમારી સાથ પરણવા ચાહ્યું નહી?"

"કોઈ દાહડે બી નહી."

શીરીનના મનમાં છુપી ઉમેદ તેજ હતી પણ લવજી બિચારો તે શું જાણે?

"લવજી ખરૂં કહોછો?"

"એ તારાં મનમાં આજે શું છે, બચ્ચું?" લવજીએ વેહેમ દેખાડી પુછયું અને એક પ્યાર ભર્યા બોસાની જામીનગીરીથી આ એકરારને છાપ માર્યો. "પરણવાની ઉમેદથી આજ સુધી મેં માત્ર એકજ ઓરતને ચાહીછે અને તે તુંજ માહબુબ છે."

શું બચ્ચુંની ખાતરી થઈ? થવી જોઇયે.

પ્રકરણ ૨૬ મું.

હુમાયજીનાં બલતાં–શીરીનની આગ.

મોદીકાસ્ટલનો બાગ મોટો હતો. હુમાયજી તે આખા બાગની જતન લેવડાવતાં અને માલીઓના જીવપર બેસી તેઓને ખેતીવાડીના તરેહવાર કામમાં નાખતાં હતાં. પોતાના રોપાવેલા બાગમાં શીરીનને ફેરવવાને તેવણ મગરૂર હતાં.

પણ બાગમાં ફરતાં શીરીનનું સઘળું ધ્યાન બચ્ચુંમાં ને બચ્ચુંમાં હતું. તે પણ છુપા બલાપામાં બલતી હતી, તેનું પણ માથું ફરેલું હતું.

"હુમાયજી, પેલી તમોને ગમેછે કે?" તેણીએ ફરતાં ફરતાં બચ્ચુંનું નામ દીધા વગર પુછયું.

"પેલી? કોણ પેલી?"

"તમારી ભોંજાઈ બચ્ચું?"

"તે ગમેછે એટલે? હું શું કાંઈ તેની સાથ પણવા બણવાની છું કે મને ગમે?"

"નહી તમોને ગમેછે એટલે કે તમોને કેવી લાગેછે?"

"મીઠી સાકર જેવી!" હુમાયજી ટકોરમાં બોલ્યાં. "હં! 'ગમેછ કે!' એમાંબી વળી ગમવાનું હશે! બોલતાં નહી આવડે તો શીખી આવ."

"ગમેછે, એટલે કે તેની ચાલચલણ, વાતચીત, કામકાજ સહુ કેમ છે?"

"ઠીક છે, ઠીક છે, હું ધારતીતી તે કરતાં તો બચ્ચું સારી નીવડીછે." કોઈની પણ પુરેપુરી તારીફ કરવાનો હુમાયજીનો ધારો નહી હતો, માટે તેવણે ઠીક ઠીક કીધું. "શીરીન, તમારી આજકાલની પોરીઓના જેવી ટેહેકરાઇ ને પતરાજી બચ્ચુંમાં નથી, છે તો સાદી ને ગરીબ પણ—

"પણ શું? કાંઈ ખોડ છે ખરી?

"તે તો હોયજ તો."

"શું ખોડ છે વારૂ?"

"કારમખી તો પોતાના વરને છોડતીજ નથી. તેને આગલથી ખીસવા દેતીજ નથી. પોતાનો બધો જીવ વરમાં ભરી રાખ્યોછે. લવજી દૂર જાયછે ત્યારે એને સોહોવાતું નથી ને જેમ ખીલાડી ઉંદરની વાટ જોવા કલાકના કલાક બેસી રેહ તેમ બચું કરેછે."

"બસ એટલુંજ?" એમ તો એક વખતે શીરીને પોતે પણ લવજીમાં પોતાનો જીવ ભરી રાખ્યો હતો.

"શીરીન એ શું તું થોડું ગણેછે કે?" હમાયજી તેને ઠપકો આપવા પડયાં. "વાએ વાએ! આજની છોકરીઓના કોતકજ તો! આપણાં મા બાપએ પરણેલાં હતાં, પણ તેઓ એમ વરપરથી એટલાં આવરાઈ જતાંતાં નહી ને મારા કે તારાં માં કાંઈ વરને ધરીને બેસી રેહતાંતાં નહી. વાએ, વાએ! એ તે શું?"

"એટલાબધો પોતાના વરને તે ચાહેછે."

"તો જો બાકીજે! તારી માં ને મારી માં કાંઇ પોતાના વરને ચાહતાંતાં કે! એ તો તમે આજની છોકરીઓજ વરનો પ્યાર સમજતાં શીખી."

"વખત પ્રમાણે સુધારો વધતો જાયછે, હમાયજી."

"બેસ બેસ! નહી સમજે ત્યારે અમથી પટપટ ના કર." હમાયજીએ તેને હેરકાટી કાહડીને પોતાનુંજ મત ચલાવ્યું. "એ બધો વાંક માટિડાઓનો છે. આજના વખતના માટિડાઓ આગલા વખતના માટિડાથી જુદા છે તો બૈરીઓ તેવી થાય તેની શી નવાઈ? માટિડાઓ બાયલા થતા જાયછે. પોતે સારી પેહેરીને ઘરમાં કાં નથી બેસતા?"

એટલે માટીડાઓનો શું વાંક?

"માટીડા! મરધાઓ! ઘરમાં ભરાઈ બેઠેલા કુકડાઓ! ગોટી નિકળ્યાઓ માંચીમાંના માકર થઇને બૈરી સાથ બેસી રેહેછે. લવજીનો દાખલો લેની. આગળ એનું ધંધાપર કેવું ધ્યાન હતું! ને આજે શું? કોઈ વખત અગીયાર વાગે આફીસમાં જાયછે ને કોઈ વખત બાર વાગે. આગળ દીવા કીધાની અગાઉ કોઈ દાહાડે પાછો ઘર નહી આવે, ને મહિનામાં અરધા દાહાડા આઠ આઠ વાગતાવેર આફીસમાં રેહે, તે આજે તો ભાઈ પાંચ વાગતામાં પાછા ઘેર આવેલાજ છે. એ શું? એ તે કાંઈ ધંધો કરવાની રીત છે? આગળ લવજીના મનમાં ધંધો પેહેલો હતો—આજે તો એના મનમાં બૈરી પેહેલી છે ને ધંધાને બીજી પદ્દિ આપીછે.

"ત્યારે તમે શિખામણ કાં નથી દેતાં, હમાયજી?"

"શું શિખામણ દેય? હજી દીકરને શિખામણ દેઊં પણ એને નહી દેઊં. લવજી માનેછે કોણનું? મને સાફ કહેલું છે કે હું પરણ્યા પછી હવે સ્વતંત્ર થયોછું ને મારી મરજીનો ધણી છું. આગળ કેવો મારા કહ્યાસરનો હતો! આજે બૈરીના કહ્યાસરનો થયોછે. બધો બૈરીના શિખવ્યા પ્રમાણે ચાલેછે. જેમ તે લાડ લડાવેછે તેમ પોતે ખુશી થાયછે. તેને આફીસમાં જતો બપોરવેર વાતમાં ને વાતમાં રોકી રાખેછે. દરવાજો કેટલો દૂર છે અને તોપણ તેને દરવાજાવેર બચું મુકવા જાયછે, તો ગોટી નીકળ્યો બાયલો જરા એમ નથી બોલતો કે તું કાં આવેછે? કે તું કાં તારો વખત ગુમાવેછે? નહી, બૈરી રોજ મુકવા જાયછે એટલે પોતે ખુશ ખુશ થાયછે, પણ ગરન્ધોઓ એટલું નહી વિચારતો કે એ માંદું તાવદાનથી ચલાય નહી ને તોબી સાથે ચાલવા આવેછે તેથી તેને આફીસમાં જતાં ઓર વાર લગાડેછે. બચું જો સાથે નહી હોય તો અરધાઅરધ વખતમાં તે આફીસ જઈ લાગે."

"એ પ્યાર કુદરતી છે, હમાયજી."

"કુદરતી શું? બેહુંદો છે. નુકસાનકારક છે. પરમ દાહડે વરશાદ પડતોતો તોબી ભીનાતી પોતાના વરને દરવાજાવેર મુકવા ગઈ. મેં કહ્યું કે 'બચું સુના જેવી, નવી, મોઘી સાડી ભીનાઇને ખરાબ થશે.' પણ

નહી. દરકાર નહી. કોણના બાપની દીવાલી? સારી બગડ તેની કાંઈ ફિકર ચિંતા છે? ઓર માટિડો થતો સાંજના મને હરસે કેહેછે કે 'તમે તમારી નજીવી કરકસરોને લીધે મારી બૈરીની અદેખાઈ કરોછો.' આપણે વધારે બોલવાનાજ અખાડા કીધા. અરે! મને ઘરમાં રાખવાજ ક્યાં માગતોતો? શોભતી બૈરીને ખાતર મને જુદી રાખવાનો હતો. બોલ નાંની, હમણાં હું વચે પડું ને મને કેહેશે કે ઘેરની બાહાર નીકલ, તો મારૂં શું ચાલવાનું છે? તે વખત ગીયા."

હમાયજી કેટલાં ઘડાયાંછે તે તેવણના આ રોદરા ઉપરથી જણાયછે. પણ બીજા હાથ ઉપર લવજીનો જે પ્યાર એક વખતે એકલી શીરીન ઉપર હતો તે પ્યાર હવે વેંહેંચાઈ જવાની આ વાતથી શીરીન કાંઈ ઓછી બલતી નહી હતી. તોપણ બચ્ચુંના સુખની એ વાત બેહુને અગત્યની હતી. તે બેહુને ચાલુ રાખવા ગમતી હતી.

"નહી હમાયજી, લવજી તમોને હજી માન આપેછે." શીરીન બોલી.

"બાકી તો મને એના ભાર પડયા!" હમાયજી ફફડી પડયાં. "હું હવે એને જાજી વટારતાજ નથી. એ એના માર્ગસર ને હું મારા માર્ગસર એટલે પીડા ઓછી. હું એ લોકની પાસે જતીજ નથી. ફરવા જાય તેખી એકલાંજ. મને લઈ જવા માંગેછે—પણ એવાંની સાથ કોણ જાય?—હુંજ ના પાડુંછું. જો બાહાર ગયાં તો કાનપર પડીને ધુસ ધુસ, ધુસ ધુસ વાતોજ કર્યા કરેછે. અરે! પણ શું થયું? તમારી વાત શું પુરી થતીજ નથી! ગામ લોકબી વાતો કરેછે કે ગામમાં તમેજ એકલાં વાત કરનારાં છો? પરમ દાહડે શું બન્યું? ભુખે મારાં આંતરડાં ચેઢવાઈ ગયલાં તે વખતે ફરી હરીને બાહારથી માટીબૈયર આવ્યાં. લવજીનું માથું દુખતું હતું. આગળ એનું ઘડી ઘડી માથું દુખવાનું સાંભલયુંતું, શીરીન? બસ આ બૈરીનું હસતક લાગી રહ્યું તો હવે માથુંબી દુખેછે. આપણે જાણ્યું કે હોશે. માથું દુખ્યું તેથી લવજી ખાવા નહી આવ્યો, ત્યારે બૈરી થતી ચાહેનું કપ લઇને તેને પાવા જઈ. ખાનું કાહાડેલું તૈયાર હતું, હું ટેબલપર જમવાને વાસતે ખોટી થતી હતી, પણ નહી માટી મળે કે નહી બૈરી મળે! પા કલાક ગયો, અડધો કલાક ગયો, મને તો, બાવાટ જોતાં જોતાં ઝુપન આવવા લાગી. હું ઘભરાઈ કે છે શું? જમવાનું તાહડું ઓર પડી ગયું. નહી સમજાય કે પાછાં બાહેર ગયાં, કે ઊંઘી ગયાં, કે જમવાનું ભુલી ગયાં. અંતે થાકી થાકીને હુંની હુંજ તેડવા ગઇ. ત્યારે જઈને જોઊંછું તો માટીડાએ માથાંપર કટકો વિટાલેલો ને ઇજી ચેરપર અઢેલીને પડેલો ને બૈરી થતી પાસે ખુરસીપર બેસી વરની છાતીપર માથું નાખીને ડીબો તાંણેછે. અરે ભાઈ શું છે? હું જઈને પુછુંછું, તેમ તેમ વધારે રડેછે! મેં વિચાર્યું કે કાંઇ મિજાજ બગડેલોછે ને માટી બૈયરે વેંહેંચી લીધેલુંછે. તે તો કાંઈ નીકળ્યું નહી, ને માલમ તો એટલુંજ પડયું કે લવજીનું માથું દુખતું હતું તેથી બચ્ચું બીહીને રડતી હતી! શા કોતક? મેં કહ્યું કે બાઈ ખાવાનું તાહડું પડેછે, ત્યારે કેથી તેને ખાવાની યાદ આવી! વરનુ માથું દુખે તેથી ખાવાનું ભુલી ગઈ! જ્યારે યાદ આવી ત્યારે મને કેહેજે 'હું તો નથી ખાતી. મને ભુખ નથી.' કાં? તો વરનું માથું દુખેછે તેથી! હવે મારી દીકરી જો હતે તો હું એને એક બે સપાટ ખેંચી કાહાડતે, પણ મોટાંની દીકરી ને વરની લાડકી પડી, તે આપણાથી કાંઈ બોલાય? હું મોને મોને હસી પડી, ને સમજાવ્યું કે ઘેલી, વરનું માથું દુખ્યામાં એટલી ઘભરાઈ ગઈ તો દુશમનને વધારે કાંઇ કશું થાય તો તું શું કરે! અંતે જેમ તેમ સમજાવી, આંખમાં પાણીના ફટકા મરાવીને મારી સાથે લઇ જઇને જમાડી. એવી આજના વખતની બૈરીઓ છે. ને માટીડા તે શું! લવજીનું આ-

મળ કદી માથું દુખે તો એમ કાંગણો ક્યારે થતોતો? જરા સુંઠ ગરમ કરાવીને હું મારે હાથે ભરતી કે લાગલો દુખારો નરમ પડતો. પણ આજે તો જેમ બેરીને લાડ લડાવેછે તેમ વળી દરદનેબી લાડ લાડ વધારે છે!"

શીરીનના છુપાં બળતાં જીગરથી બચ્યુંના ભર્તારના સુખની આ વાતો હવે જાજી તામીસ થઈ નહી. તેણીએ તુર્તજ એક ફુલના ક્યારા ભણી હમાયજીનું ધ્યાન ખેંચીને એ વાત બંધ પાડી. તે કયારો તુર્તનોજ બનાવેલો હતો અને તે જોતાંજ હમાયજીનો મિજાજ જતો રહ્યો. તેવણે માલીને હાંક મારીને પુછયું કે "આ ઠેકાણે મેં કોબીજ નખાવેલી હતી ત્યાં ક્યારો કરવા કોણે હુકમ આપો?" માલીના જવાબે ઓર આગમાં તેલ હોમ્યું. "અંહી સાંજના શીતલ છાયડો આવેછે, ને શેઠનો આફીસમાંથી આવવાનો વખત થાયછે ત્યારે નાની બાઈ શેઠની વાટ જોવા અંહી આવીને વાંચવા બેસેછે, વાસતે એ ઠેકાણે ફુલનો ક્યારો હોય તો બાઇને વધારે મજા ઉપજશે એવી બચ્યુંબાઇની મરજી થવાથી, શેઠે મને હુકમ કીધો કે તરકારી કાહાડી નાખીને ફુલનો ક્યારો કરવો."—"અરે! મેરેરે! મરેરે!" હમાયજી પોતાના મનથી અફસોસ કરવા લાગ્યાં—"તારી નાની બાઇને શું કહું? એ નાની બાઇતો બધાંમાંજ મને નડવા આવીછે!"

માલી સાથની આ નજીવી પંચાતી સાંભળવાને શીરીન અંહી થોબીજ નહી. તે હમાયજીને છોડીને દિવાનખાનામાં ગઇ. ત્યાં જુવેછે તો લવજી ને બચ્યું નિર્મલ પ્યારમાં હડબાતાં, સુખમાં એકેકની સોડમાં બેઠેલાં હતાં. તેઓની વચે શીરીન એકાએક કેમ જાય? તે બારણામાંજ અચકીને ઉભી રહી. બચ્યું બુલબુલના સરખા કોમળ શારીરથી એક ગજલ ગાઇને પોતાના ધણીને ગમત આપતી હતી. લવજીને અંગત કરીને એ ફારસી ગજલ ઘણીજ પ્યારી લાગતી હતી, કે જે તેણે પેહેલ વેહેલા બચ્યુંને મોહડેજ મરનાર મુગા મોદીની હૈયાતીના વખતમાં સાંભળી હતી.

"અગર આં તુરકે શીરાજી બદસ્ત આરદ દીલેમારા,
બખાલે હીંદુઅશ બક્ષમ સમરકંદો બોખારારા."

બચ્યુંના સંસાર સુખની આ સઘળી મોજ એક વખતે શીરીને પોતાને માટે ધારી રાખેલી હતી. એજ પ્રમાણે તે લવજીનો જીવ ખુશી કરવા ગાયનો શીખી હતી, બલકે આગળ લવજી મોદી કાસ્ટલમાં ઉપલી ગજલથી ખુશી થઈ આવ્યો હતો તે જોઇને તેને ખુશી રાખવા શીરીને પોતે પણ એજ ગજલ મોહડે ચહડાવી હતી. પણ તે સઘળી આશા કેવી ગૂમ થઇછે તે નજરેનજર જોવાથી શીરીન આજે દુખથી દંગ થઇ ગઈ. તેનો જીવ ફરવા લાગ્યો. તેને ફેર આવતા હતા. તે બારણાંમાંજ પડી જાય એમ લાગતું હતું પણ તેવામાં પછવાડેથી હમાયજીએ આવી લાગીને તેને ધરી લીધી.

"શીરીન, શું છે? શીરીન?"—"કાંઇ નહી, માય, કાંઇ નહી, એ તો કાંઈ અચબુચ ફેર આવી ગયા"—"પણ અંદર આવ, જરા મોહડું છાંટ"—"હમાયજી, ગડબડ કરવાની જરૂર નથી. હું સારી પેઠે છું. અંદર બચ્યું પોતાના વર સાથ એકાંતમાં ગાયન ચલાવેછે, તેને છેડવાં નહી જોઇયે."—"અરે, બેસરે! ચાલ, અંદર ચાલ."

એમ કહીને હમાયજી તેને બચ્યુંનાં દિવાનખાનામાં ધસડી ગયાં. "આવ શીરીન," લવજી તેને આવકાર દઇ બોલ્યો. "હમાયજી, મારી શીરીનને બાગમાં સારી પેઠે ફેરવી લાવ્યાં કે?"

"ફેરવી તો લાવી પણ ઓર મારો જીવ બિગડયો ને એનોબી જીવ બિગડયો. હમણા તારાં બારણામાંજ એને ફેર આવ્યા ને એ પડવા જતીતી પણ તેવામાં મેં ધરી લીધી."

"ખરેખર?" બચ્યું ઘણા ધભરાટથી શીરીનની પાસે આવી "માંય શીરીન, હમણાં કેમ છે? આ કરાવી મંગાઊં કે જરા જીવ ઠરે?"

"નહી, બચ્યુંબાઇ, હું તદન સારી પેઠે છું. મને હવે કાંઇ નથી. એકાએક જરા ફે-

ર આવી ગયા, પણ હવે બસ કાંઈ નથી.”

“એ તો મારાં હમાયજીને એમ ધભરાટ કરવાની ટેવજ પડી ગઇછે.” લવજી હસ્યો. “ને માંય, તમે કેહેજો તમારો જીવ બિગડી આવ્યો તે શું?”

“હા, હું કાંઈ શીરીનની પેઠે શરમાઇને નામુકેર જવાની નથી.” હમાયજી તુર્તજ ઉખડયાં. “મારો જીવ બિગડયો અને મારી આબરૂ પણ ગઈ.”

“કેમ વારૂ? વળી શું બન્યું?”

“શું બન્યું? જીવનેજ પુછોની. મોટા કોસકુવાની પછવાડેના કુડાલાંમાં મેં તરકારી વવાવી તે તેં કાહાડી નખાવી કે?”

“હા. મેં કહડાવી. તેનું શું?”

“ને કોબીજને બદલે ફૂલનાં બિઆં નખાવ્યાં તેબી તેંજ કે?”

“હા. બાગની અંદર શોભિતી જગ્યાપર એબલગામણી જેવી ને ખાતરને લીધે ગંધ મારતી તરકારીને બદલે મેં સુંદર ફૂલનો ક્યારો નખાવ્યો તેમાં શું થયું?”

“શું થયું? થયું એ કે મેં જે ઉગડાવ્યું તે તેં કાહાડી નખાવ્યું.”

“તેમાં દમ શું?”

“દમ નહી? મારૂં કીધેલું તું રદ કરે, હું એક ચીજ ફરમાઊં તે તું ઊંધી વાલે, એમાં દમ નહી? આગળ એમ તું કે દાહાડે કરતોતો? એ બધું તું પરણીને આવ્યો ને બનવા લાગ્યું. મારી સાંપે તુંને કોણ જાણે કોણ મુવાં પથરા આપેછે? તુંને પથરાનાં આપતાં મરેરે! તુને—”

“હમાયજી, હમાયજી, એ શું તુફાન?” લવજી હમાયજીનું ગાલોનું અફરગાન અટકાવવા તુર્ત વચે પડયો. “એક કયારા સરખી નજીવી બાબતપરથી તમે આટલીબધી ગાળો દેશો એમ હું જાણતે તો, ધૂલ નાખી, તમારી તરકારીજ રેહેવા દેતે. હું શું જાણું કે તમોને એટલું બધું લાગી જશે? હું તો ધારતોતો કે તરકારીને બદલે ફૂલનો ક્યારો જોવાથી તમે ઓર ખુશી થશો. ફૂલના સુંદર કયારા આગળ કોબીજ તે શું બિસાદમાં?”

“તરકારી તો ઘેરમાં કામ લાગે. ફુલ શું કામ લાગે? તે તો શોભાનાંજ, પણ તરકારી ઉગાડીયે તો બજાર ખર્ચનો ઉગાલો થાય.”

“લ્યો, પાછી તમારી કંજુસાઈની વાત આવી, ને પાંચ સાત રૂપીયાના બજારને ખાતર તમે આટલાંબધાં અમોને સતાવોછો.”

“તેં જાણી જોઇને, મારી ઓહોસપર મારી વાવેલી તરકારી ઉખેડી કહડાવી.”

“નહી, તેમ નથી.”

“તેં તારી બૈરીની શિખવણીથી મને એ અપમાન લગાડયું.”

“તેમબી નથી. હોય તો સાબેત કરો.”

“તારી બૈરીને વાંચવાની બીજી જગ્યા મળતી નથી? તેથી ત્યાં જઇને વાંચવા બેસેછે? તેને ખાતર તેં ત્યાં ફૂલનો ક્યારો કરાવ્યો? મેં માલીથી બધું જાણ્યુંછે.”

“એ બધું ખરૂં છે. પણ તેમાં મારી બચ્ચુંની શિખવણી કાંઈજ નથી.”

“બચ્ચું, પોતે બોલી કે અંહી ફુલનો ક્યારો હોય તો સારૂં, ને તેં તારી બૈરીનો સુખન રાખવા સારૂ મને અપમાન કીધું.”

નણંદના એટલાજ મીઠીના બિચારી સાદાં દીલની ભોજાઈની આંખોમાં નવબાર પાણી વરસાવવાને બસ હતાં. બચ્ચું રડીને બોલી કે “હમાયજી, હું માફ માગીને કહું છું કે તમોને અપમાન મેં કદી વિચાર્યું નથી. મેં એ ઠેકાણે ફૂલનો ક્યારો પસંદ કીધો ખરો, પણ ત્યાં તરકારી તમે ઉગડાવી હતી તેની મને મુદલ ખબર નહી હતી.”

હમાયજીની શું ખાતરી થાય? તેવણ કાંઈ સમજાવ્યાથી સમજે એવાં નહી હતાં. પછી પોતાની મેળે સમજશે.

“હશે! હશે!” તેવણ તુચ્છકાર સાથ બોલ્યાં. “જોની લવજી, તું તારી બૈરીને જેટલો લાડ લડાવશે કેની તેટલી તે તુંનેજ ભારી પડશે. હું વધારે શું કહું? પણ મારી આ શીખામણ નોખી રાખજે કે પગમાંની સપાટ કાંઈ માથાંપર મુકાતી નથી; પગમાંની સપાટને પગમાંજ રાખીયે.”

એટલું કહી હમાયજી જતાં રહ્યાં.

પ્રકરણ ૨૭ મું.

શદા કુમારી શીરીન.

હમાયજીએ બધાંનો જીવ ખાટો કીધો. રાતના કેવું સારૂં સારૂં પકાવેલું હતું, પણ હમાયજીએ જમવાને ના પાડી. બચુંને હમાયજીએ અસેમસે દીધેલી ગાળથી તે બિચારીનું દીલ એટલું દલગીર થયું કે તે ઘણો વખત સુધી રડયા કીધી. પણ હમાયજીને ભુખ્યાં રેહેવાને બાહનું નહી મળે માટે લવજીના સમજાવ્યાથી બચું મોહડું હાથ ધોઈ શીરીનની સાથે જમવા આવી. લવજી હમાયજીને મનાવવા સારૂં તેવણને તેડવા તેવણના ઓરડામાં એકલો ગયો. એટલીવારમાં તો પોતાના ઓરડાનાં એકાંતપણાંમાં હમાયજી ઢંડાં પડેલાં હતાં. તેવણને ચકુનમ લગાડવાને હવે લવજીને આ સારી તક મળી. તે બોલ્યો "હમાયજી, તમે મારી ઉપર માના સરખો પ્યાર બતાવોછો અને તોપણ અફસોસ ! કે તમે દુશમનના સરખી ચાલ ચલાવોછો. જ્યારથી હું પરણી આવ્યોછું ત્યારથી તમે મારી બચું ઉપર બળોછો. તમે અમારૂં શુખ, અમો વચેનો પ્યાર દેખી શકતાં નથી. તમે અમારી અદેખાઇ કરોછો."

"અરે મરેરે! અદેખાઈની કરતીની આંખ ફુટે!" હમાયજીએ ઇનકાર કીધો. "હું તુંને શિખામણ દેઊછું કે બૈરીપર ઘણો પ્યાર નહી કરીયે."

"એ ઉપરથીજ જણાયછે કે અમારો પ્યાર તમે દેખી શકતાં નથી. પણ હમાયજી, માટી બૈયર વચેના પ્યારની કાંઈ હદ હોય કે? એ પ્યાર કાંઇ અધુરો કરાતો હશે કે? પ્યાર તે સોનાંની મિશાલ છે—તે અખંડ સોનું છે ને ભાંજે તોપણ ચોખું સોનુંજ નીકલવાનું છે. તમે જો મારૂં ઘર ભાંજવા ચાહતાં હોવ તો અમારી અદેખાઈ કરો. મારાં ઘરનો નાશ કશાંથી નથી થવાનો પણ તમારી જીભને અને તમારા સ્વભાવને કાયદામાં નહી રાખશો તો ખચીત હું જે સ્વછ સંસારસુખ ભોગવુંછું તેનો તમે અજાણપણે, વગર કારણે, નાહક નાશ કરશો."

સમજાવ્યાથી હમાયજી જમવા આવ્યાં. પણ આવાં ખાટાં થયલાં દીલે જમવા કોણને ગમે? બચું સેજસાજ જમી—તેખી હમાયજીએ બોહોસ કરી, માંફ માગી, કાલાવાલા કરી જમાડી. શીરીન પણ જરાકજ જમી—પણ તેનું તો બાહનું હતું, તેનો જીવ આગળથીજ ફરતો હતો એમ બધાંને ખબર હતી.

અંતે શીરીનને ઘેર જવાનો વખત થયો. લવજીએ તેને માટે ગાડી જોતરાવા માંગી, પણ શીરીને પોતેજ ગાડીમાં જવા ના પાડી ચાલતી જવાની બોહોસ કીધી. હમાયજીએ તેની એ ચાલ પસંદ કીધી. પણ શીરીન એકલી કેમ જાય? એકલી નહી તો તેને મુકવા કોણ જાય? કોઈ ચાકર સાથ તો મોકલાવાય નહી? બચુંએ સુચના કીધી કે ભૈયાને ફાણસ આપીને સાથે મોકલવો. પણ એમ બાઈઓએ ચાકરો સાથે ફરવું એ હમાયજીને લવજીને પોતાને પણ પસંદ નહી હતું.

અંતે શીરીનને મુકવા જવાની ફરજ લવજી ઉપર આવી પડી. હમાયજીએ પણ એ વાત પસંદ કીધી. ખુશનુમાં ચાંદની રાત હતી. આમ લવજી શીરીનને આજે પેહેલીજવાર મુકવા જતો નથી. આગળ એમ ઘણીવાર બનતું હતું. શું તેઓ ભાઇ બેહેન નહી હતાં? શું લવજી આબરૂદાર નહી હતો? શું લવજી કરતાં ચાકર વધતા આવ્યા?

શીરીનને લવજી એકલો મુકવા જાય એ વાતથી બચું પોતાના મનમાં જરા ચોંકી. આજે તેણે શીરીન વિષે જે જે સાંભળ્યું હતું, આજે તેના મનમાં જે જે શંકાઓ દાખલ થઈ હતી તેથીજ તે ચોંકી. તે જાણીબુજીને કપટ કરીને ચોંકી નહી. પોતાની મેલે ખુદરતથીજ તે જરા ચમકી.

શીરીનને મુકવા લવજીની સાથે બચ્ચુંએ ચાલતી જવા માંગ્યું. પણ લવજીએ ઘણાજ પ્યાર સાથ ના પાડી. શીરીનનું ઘર દૂર હતું. શીરીનને ચાલવાનો માહાવેરો હતો. બચ્ચુંથી ચલાય એવું નહી હતું. પેહલે દાહાડે બંદપર દીસની વખતે બચ્ચુંને ચલાવવાને લવજી નાખુશ હતો, આજે રાતની સરદીમાં તેને ચાલતી લઇ જવાનું તે કેમ પસંદ કરે?

બચ્ચું બેદીલ થઇને રહી. શીરીન વિષેની તેની આજની અદેખાઇમાં વધારો થયો.

શીરીનની સાથે જતાં લવજી જેવો ને તેવોજ હતો, પણ શીરીન આગળના જેવી આજે નહી હતી. તે બેદીલ હતી. વાતચીતમાં થંડી હતી. તે બરાબર જવાબ દેતી નહી હતી. તે શંકાશીલ હતી. લવજી ધીમે ચાલતો તો વેહમ લાવતી કે "એ જાણી જોઇને મારૂં પાકવેછે." લવજી ઉતાવલે ચાલતો તો તે વેહેમ લાવતી કે "એને ઘેર જવાની ઉતાવલ પડીછે."

લવજી બે ત્રણ વાર તેનું કારણ પુછી રહ્યો. પણ શીરીન મુગી મુગી ચાલ્યા કરતી હતી. તે પોતાના મનમાં ચાલતો બલવો દાબી રાખવાની કોશેશ કરતી હતી. પણ અંતે તે સલગી ઉઠયો. શીરીનનું ઘેર નજદીક આવતાં લવજીએ પુછયું કે "હવે જરા બેહતર લાગેછે?" તેના જવાબમાં શીરીન દીબો તાણીને રડી પડી.

"શીરીન, મારી વ્હાલી બેહેન શું છે?" લવજીએ ધભરાઇને પુછયું. "તારૂં શું દુખ છે? મને કેહે."

"મને ના પુછો લવજી" શીરીન ડસકાં ખાતી બોલી. "મારાં દુખનું કારણ તમોજ છો?"

"હું? શી રીતે? હું કાંઈ જાણતો નથી."

"તમે મારે ઘેર રોજ આવ્યા, મને આ ભેટ સોગાદો આપી, હજી તો તમારી આપેલી આ સાંકલી મારા ગલાંમાં છે, હજી તો આ લાકીટમાં મેં માગી લીવેલો તમારો બાલ મારી પાસે છે, એ સઘલું વ્હાલ કરીને મારો લવજી અંતે બીજી સાથ પરણ્યો. એ સઘળો પ્યાર શું માત્ર 'ભાઈ દાખલનો હતો કે વધારે?"

"ઉભી રેહે શીરીન" લવજી શીરીનના મનની વાત આજે પેહેલ વેહેલીજ જાણીને ઘણાજ દુખ સાથ બોલ્યો. "હું તુંને બેહેન અને બેહેનજ દાખલ ચાહતો હતો તે તારાં મનનો શક તારેજ મોડેથી નીકલ્યોછે. શીરીન, હું શપથ લઈ કહુંછું કે આજ લગીન તુંને મેં એક બેહેન દાખલ ગણીછે, બેહેનથી વધારે ગણી નથી."

"શું કામ ગણો? તમે તો નહીજ ગણો? એ તો હુંજ અભાગણી કે મેં તમોને ભાઈ કરતાં વધારે ગણ્યા. ગામમાં નિનદા ચાલી રહીછે કે આ બચ્ચું ઉપર લવજીનો પ્યાર વેંહચાઈ ગયો નહી હતે તો લવજી ને શીરીનનું જોડું સંધાતે. ગામના લોકો મને કમબખ્ત, ફજીએત થયલી વિચારેછે. તેથી મને વધારે નીચું જોવું પડેછે."

લવજીએ ઘણોક દિલાસો દીધો. તેનો એકેક બોલ શીરીનના દીલમાં ઉઠતી આગને તાઢું પાડનાર શીતલ પાણી સરખો હતો. શીરીને પોતાની નાદાંની જોઈ લીધી. દરવાજા ઉપર આવ્યા પછી તે છુટી પડવા આગમચ બોલી કે "લવજી, મને માફ કરશો. એ હું જે બોલી તે બોલવા જોગ નહી હતું. મારે વાત કરવી નહી હતી. તમારો કશો વાંક નથી. હું સઘલું વીસરી જાઉંછું અને તમે મને માફ કીધીછે તથા વીસરી જાઓછો એટલું મને કેહેશો તોજ મને નિરાંતે ઊંઘ આવશે."

"હું તારી આબાદી ઇછુંછું, શીરીન." લવજીએ તેને આશિશ દીધા. "ખોદા કરશે તો થોડા વખતમાં તારે લાયક ભરથાર સાથ તુને કદખુદાઇ થશે અને તું સંપૂર્ણ સુખ ભોગવશે."

"નહી, પરણવાની વાત નહી." શીરીન બોલી "બચ્ચું સદા સોહોવાસન રેહેશે પણ હું મરીશ ત્યાંશુધી સદા કુમારી શીરીન દાખલ મરીશ."

"એ વળિ ચિબાવલાં નાદાંનોના ચેડાં થયાં." લવજીએ ઠપકો આપ્યો.

પણ આ વાત અંહીંજ અટકી. શીરીનની પેલીજ દાસી મેરી જેણીએ શીરીન અને લવજી સાથની આગલી વાતો સાંભળેલી હતી, લવજીએ શીરીનને સાંકલી ભેટ આપી તથા શીરીને પોતાની લાકીટને માટે લવજીનો બાલ માગી લીધો તે વખતે જે દાસી છુપાયલી હતી, તે પાછી ઝાડોની અંદરથી અચબૂચ નીકલી આવી. તેણીએ એકવાર ફરી આ બે વચેની વાતચીત દૂરથી સંતાઇને થોડી થોડી અધુરી અધુરી સાંભળી હતી અને તે ઉપરથી પોતાના મનમાં તરેહવાર તરકો અને વેહેમી વમાસનાઓ બાંધી રહી હતી!

"શીરીનબાઈ કે?" તે અચબૂચ નીકલી આવીને બોલી "ચાલો ચાલો! બાવા દહવારો કરેછે. માયને ફિકર લાગેછે. મને તમોને તેડવા મોકલીછે. ચાલો."

લવજી અને શીરીન અંહી છુટાં પડયાં.

લવજી ઝડપથી ઘેર ગયો, પણ દરવાજામાં પેસતાંજ જોયછે તો બચું બાહેર ખુરસી કહડાવીને લવજીની વાત જોતી ઝુરતી હતી. લવજી શીરીનને મુકવા ગયો ત્યારથી બચુંને બેચેની ઉપજ્યા કીધી હતી.

"લવજી કેટલીબધી વાર લગાડી?" તેણીએ પુછયું. "શીરીનને બરાબર ઘેર પોંહોચાડી કે? મને બીહીક લાગી કે રસ્તામાં કાંઈ હરકત થઈ કે શું?"

"હરકત શાની? ઘણે દાહાડે મળ્યાં તેથી ધીમે ધીમે જરા વાત કરતાં ગયાં. આગળ હું શીરીનને એમ તેને ઘેર મુકવા જતો હતો તે આગલા ખુશાલી ભરેલા દાહડા અમોને યાદ આવ્યા."

બચુંએ જવાબ દીધો નહી.

પ્રકરણ ૨૮ મું.

બુચી બચું.

એક વર્ષ નીકલી જતાં વાર લાગી નહી.

બચું સુખી હતી કે દુખી? તેના ધણીનું સુખ તો અપાર હતું. સુખમાં સુખ, સરવે સુખોનું સુખ, બીજા દુઓને વીસરાવનારૂં સુખ તે બચુંને લવજીનું સુખ હતું.

પણ બચુંનું દુઃખમાં દુઃખ, સરવેથી મોટું દુઃખ, સરવે સુખને ભુલાવનારૂં દુઃખ હમાયજીનું હતું. બચુંને ધણીનાં પ્યારનું સુખ હતું, પણ નણંદના સ્વભાવનું દુઃખ હતું. તે નણંદ હતી પણ સાસુ જેવી હતી.

લવજી પરણ્યાના પેહેલા દાહાડાપર હમાયજી ફરિયાદ કરતાં હતાં કે તે મરથો થઇને ઘરમાં ભરાઈ બેઠો હતો અને તેણે ધંધા ધાપાને વીસારી મેલ્યો હતો! તે ફરિયાદ હવે વર્ષને છેડે રહી નથી.

લવજી સકારેથી આફીસમાં જાયછે અને આખો દાહડો ત્યાં કાહાડેછે. હમાયજી એક વખત ચીહીરડાયાં તો અરધો દાહડો રીસાઈ બેસે અને જેની ઉપર ચીહીરડાય તેનીજ સાથ નહી પણ બધાં સાથ રીસાઈ રેહછે.

એમ વારેવાર બનતું અને તેથી બચું એક તો નવરી હતી તેમાં વળી તેને વધારે નવરૂં ને એકાંત લાગતું હતું. વાંચવા અને ભરવા અને ગુંદવાનું તો કામ હતું, પણ તેટલાંથી કાંઇ હમેશ સોહોવાયા કરે?

"ઓદા! સાંજ કયારે પડશે!" એક દાહડે બચું કંટાલીને બોલી.

"કાંય? કાંય?" હમાયજી એ શબ્દો શાંભલીને બોલી ઉઠયાં "સાંજનો વખત થશે ત્યારે સાંજ પડશે."

"હું ચાહુંછું કે તે વખત જલદી આવે."

"પણ કાંઈ કારણ? તારે ખાતર જલદી સાંજ કાંએ પડવી જોઇયે બચું?"

"એટલાજ માટે કે સાંજ જલદી પડે તો લવજી જલદી ઘેર આવે."

"ઘેર આવે!" હમાયજી બડબડયાં. "હં! બાઈ પોતાના માટીની ખાતર ખુદરતને ઉલટાવવા માગેછ. હં! વાટ જોતાં થાકી ગઇ હશે!"

"ખરેખર હમાયજી, મને ઘણી થાક લાગેછ."

"તો કામથી ઘણું કીધું કેની, તે બાઇને થાક લાગે! લાગે!" હમાયજીએ ટકોર ચલાવી.

"કામ વગર હું થાકી ગઇછ તો કામ કરૂં તો શું થાય?"

"નહી થાકે. કામ કરે તો તું નહી થાકે, બચું. આ જે થાક ચહડીછે તે આળસની થાક છે. તારા જેવી આલશુ નકામીઓ થાકી જાય તેમાં નવાઇ નથી. હું જો બેસીને એમ ઝુરીયા કરૂં તો બીજે દહાડે મરી જાઊં."

"પણ કામ નથી તે હું શું કરૂં?"

"કામ નથી? હા, હા, હા, હા." હમાયજી હસી પડયાં. "કામ નથી એમ તો કેહેવાયજ નહી. જેને કામ કરવાની ખુશી હોય તેને કામ કરવાનું ઘણુંબી મળે. આળસુ માણસનેજ કામ નહી મળે."

"ત્યારે હું આળસુ નથી તે દેખાડવા કહુંછું કે લાવો મને કામ આપો."

"હા! જા. દીકરી, જોઊંછ તો, જઇને રાંધણીના કુવામાંથી ચારપાંચ તરામરી પાણી ખેંચી કાહાડ."

"હું પાણી ભરૂં?"

"કદાચ તેથીબી હલકું કામ કરવું પડતે! કુવામાંથી પાણી કાહાડવાની શાની શરમ?"

"પણ મને આવડતું નથી તે?"

"કોઇબી કામ કીધા વગર નહી આવડે. હું હાથ જોડીને બેસી રહું તેના કરતાં પાણી ભરવાનું પસંદ કરૂં. હાડકાં ભાંજીયે નહી તો પછી?"

"હું આલસુ નથી, માતાજી! પણ મારી કાયનાત ચાલતી નથી. મારીથી કામ થતું નથી. મારામાં જોર નથી."

"તે તો હમણાં નથી, બચું. હું જાણુંછ કે પુરા દાહાડા સાથે તારાથી કામ થાય નહી. પણ હું આજનીજ વાત નથી બોલતી. હું હંમેસને વાસતે કહુંછ. હવે, પેટમાં બચ્ચાં સાથે તારાથી કામ નહી થાય તો બેસીને ઝુસ્સા ના કર, દીકરી. બે ઘડી ફરવા જા. પાહાલીમાસાને ત્યાં શીરીનને મળવા જા. ગાડી જોતરાવ."

"પણ પાંચમે દહાડે ઘોડાએ મસતી કીધા પછી લવજીએ મને એકલી જવા ના કહ્યુંછ. તેવણ પોતે ગાડી હાંકવા સાથે હોય નહી ત્યાં સુધી એ ઘોડા જોડાવવાની તેવણે મને મના કરીછે."

"કાં? આપણો કોચમેન શું નરસા હાંકનાર છે?"

"ને તે છતાં તેનીજ હાંકનીમાં ઘોડાએ મસતી કીધી."

"પણ એક વખત ઘોડાએ મસતી કીધી તેથી હંમેશ મસતી કરશે કે? જા જા— બે ઘડી માસીને ત્યાં જઇ આવ કે મન વેરાય."

"નહી. હું તો મારા ધણી વગર એકલી નહી જાઉ." બચુંએ હુજત કીધી. "તેવણ પાસે હોય તો ઘોડાએ મસતી કીધા છતાં મને બીહીક નહી લાગે."

"તું હમણા હમણાં ઘણી કુંજરી થતી જાયછ, બચું."

"હોયબી. કેહેછ કે મહીનાવાલી બૈરીનો સ્વભાવ બિગડેછ. છોકરૂં થયા પછી મારો સવભાવ પાછો સુધરી જશે. ને વળી બચ્ચાંને લીધે મને વધારે સોહવાશે. પછી છોકરાં પછવાડે હું રોકાયલી રહીશ. મને ઘણું કામ નીકલશે. પછી હું લવજીને વાસતે ઝુસ્સા નહી કરીશ."

"એ વાત ખરી છે, દીકરી." હમાયજી બોલીને ઉઠવા જતાં હતાં તેવામાં અચબૂચ લવજી આવતો હતો તેના ઉપર બાગમાં નજર પડી ને તેવણ અચરત થવા લાગ્યાં. "ઓ વાય! આ તો લવજી, નામ દેતાંનેવારજ! કેમ લવજી, હજી તો સાંજના ૪ વાગતામાં ઘર આવ્યો?"

"મારી બચુંને ફરવા લઇ જવા." લવજીએ જવાબ દીધો.

"એટલે? તું કાંઇ ઘોડાવાલો છે કે ફરવા લઇ જાય? બચું એકલી જતે."

"નહી, ઘોડા મસતીખોર હોવાથી એ એકલી જતાં બીહેછે."

"ઠીક! ઠીક! ત્યારે વકીલનો ધંધો છોડીને બૈરીને ફરવા લઇ જવા સારૂ ઘોડાવા-

જાનો ધંધો લીધો કે ? દુશમેનની આશીસને ટાલું મારવાનું શરૂ થયું કે?"

"કાં વારૂ ? મારી આશીસમાં બાલાજી મારો જમનો હાથ છે. તે કામ ચલાવશે. અને બચ્ચુંની હાલની નાજુક હાલતમાં એની તનદરોસતી મારા ધંધા કરતાં વધારે અગતની છે."

બચ્ચું જે કાંઈ શોખ કરે, જે કાંઈ મોજ માગે, જે કાંઈ વરદી આપે તેમાં હમાયજી આડે આવતાં હતાં અને બચ્ચું કંટાલો પામતી હતી. પણ હમાયજીની ઉપલી તકરાર ધ્યાનથી વાંચ્યા પછી કોણ કેહેશે કે તેવણ ખોટાં હતાં? ગમે એવા ખરાબ સ્વભાવ છતાં તેવણ કેવું સાચું બોલનારાં હતાં, દુનિયાદારીની કેવી સમજ ધરાવનારાં હતાં, અને વળી પોતાના ભાઈ બોંજાઇને કેવાં પોતાનાં બચ્ચાં પૈડે ચાહતાં હતાં તે ઉપલી તકરારથી જણાશે. તેવણનો ઉપલો એકે એક બોલ ખરો હતો, માત્ર તે બોલવાની ઢબ કજીયાખોર હતી.

પણ બચ્ચુંને તેવણ કેવી ચાહેછે તે હમાયજીએ બચ્ચુંની સુવાવડમાં સાબેત કરી આપ્યું. બચ્ચુંની સુવાવડ ઘણીજ ખરાબ ગઇ. તેનો બાંધો અસલથીજ નબલો અને કુમલો હતો. તે જણતી વેળા ઘણી કષ્ટાઈ. બચ્ચું મરતાં મરતાં બચી, તે લવજી સરખા નેક મનસનીના ખાવંદની દુવાથી અને હમાયજીની માવજતથીજ બચી.

વાંચનાર, એ વખતની હમાયજીની ઝડપ, ઉલટ, આતુરતા, મેહેનત, ધીરજ અને ખમાવશપણું તમે નજરે જોવ તોજ જાણી શકો. અફસોસ! આજે એવી મેહેનતુ, ખરતલ, પેહેલવાન સરખી બાજુની બૈરીઓ ઓછી થતી ચાલીછે. એવા તમારા આજના "સુધારા"ને તે શું કહીશું?

પ્રસવવેદના—જણવાના દુખ—થી બચ્ચું ત્રણ દહાડા વેર કષ્ટાઇ. ડાકટરોની "ડરબરીપર ડરબરી" પડી. એક દાહડે તો તેની જીવવાની આશાજ ગઈ. એક ડાકટરને રાત અને દહાડો લવજીએ બચ્ચુંની પાસેનો પાસે બેસાડી રાખ્યો. બચ્ચુંનાં કષ્ટો નહી દેખાય એવાં હતાં તો તે બિચારીથી ખમાય શું? અમીના અને બીજી દાસીઓ ઘાડાં દીલ છતાં ખુંણે બેઠેલી ભરાઇને રડતી. હમાયજીની કઠણ છાતી છતાં તેવણની આંખો રડતાં રડતાં લાલચોળ થઈ હતી. પણ તોબી તેવણ કામ કરવે બાહાદુર હતાં. એવી મેહેનત તેવણજ કરે અને એટલો ઉજાગરો બી તેવણજ ખમે.

બચ્ચુંના બેહેસતી બાપે લવજીની પેહલીજ મુલાકાતમાં શું કહ્યું હતું તે વાંચનારી બાનુઓ યાદ કરશે. બચ્ચુંની બેહેસતન મા પોતેજ નબલી ને નાજુક હતી. ડાકટરો કેહેતા કે તેને ખાડી નહી હતો અને તોપણ તેને ખાડી હોય તેમ તે ગલાઈ ગલાઇને છેક કાલબુદ જેવી થઇને મરણ પામી હતી. તેનીજ આ દીકરીની કસુવાવડથી લવજી બાવરો બની ગયો હતો. તે આશીસમાં ગયો નહી. બચ્ચુંની આગળ પુરૂશ તો શું પણ જાજાં બૈરાંને પણ ડાકટરે રેહેવા દીધાં નહી.

"કેમ ડાકટર, કેમ છે હવે?" મોટો ડાકટર આવી જવા પછી ઘેરનો ડાકટર લવજીના ઓરડામાં તેને સધ્યારો આપવાને આવતાંવારજ તેણે પુછયું. "મોટા ડાકટરનો શો વિચાર છે?"

"મોટા ડાકટરે મારાથી કાંઈ વધારે મત આપ્યું નથી, મી૦ લવજીભાઇ." ડાકટરે ખોલાસો કીધો. "હજી આશા પુરતી છે, પણ વખત ઘણોજ બારીક છે, બચ્ચુંબાઈની હાલત ઘણી બારીક છે, અને ધીરજ રાખીને શું થાયછે તે હવે માત્ર જોવાનું છે."

લવજીનો દીલો ભરાઈ આવ્યો. તે બોલી શકયો નહી.

"હું તમોને એક સલાહ આપવા આવ્યોછું, મી૦ લવજી." તેને ચુપ જોઇને ડાકટરે વાત ચલાવી. "તમે મોબેદને બોલાવીને તૈયારી રાખો."

"કાં? બચ્ચુંને વાસતે?" લવજીએ રડી પડીને પુછયું.

"નહી, નહી, તમે બચ્ચાં ના બનો." ડાકટરે ધીરજ આપી. "હું બચ્ચાંને વાસતે અંધ્યારૂં બોલાવવા માંગુંછું. માતાને જીવવાની આશા ગઈ નથી, પણ બચ્ચું જીવતું અવતરે એમ લાગતું નથી."

રાખનાર ખોદા તો ડાકટરો "ખાંડ ખાયછે." ડાકટર કેટલી વખત ખોટા પડેછે? છેક ત્રીજે દાહડે "બચું વ્યાઇ" એમ હમાયજી લવજીને વધાઈ કેહેવા આવ્યાં. છોકરી આવી. છોકરી જીવતી રહી. મા જીવતી રહી. આખું ઘર ગોયા જીવતું થયું. લવજીનું મોહડું હસતું થયું.

ડાકટરો હજી કોઈને બચું આગળ જવા દેતા નહી હતા. પણ લવજીની અને તે કરતાં વધારે બચુંની આજીજીથી લવજી અને બચું સાંજને છેટે મળ્યાં. લવજીને સુવાવડીની ઘોલકી આગલ માત્ર પાંચ મીનીટ ઉભો રેહવાનો હુકમ મળ્યો.

"લવજી, હું ધારતી હતી કે હું મરી જવશ. પણ ખોદાએ મને જીવાડીછે." બચું ઘણાજ નાજુક અવાજે બોલી.

"બચું, ખોદાનો ઉપકાર માનવો તે શું અને ખરી ગરજની વેળા' ખરી બંદગી તે શું તે મેં આજેજ જાણ્યુંછે. આહા! ખોદાએ આજે મારા ઉપર મેહેરબાની કીધીછે—"

"તે એમ કે છોકરી જીવતી જનમી છે?"

"નહી, વ્હાલી, મોટી કરેમ બક્ષેશ એ થઈ કે તું જીવતી રહીછે અને અમારાં ઘરની શોભા રહીછે."

"વારૂ. ત્યારે લવજી, ખુશી લઈને બેસતા કાં નથી?" બચુંએ ઘણી ઉમેદવારીથી પુછ્યું.

"હમણાં તો ડાકટરને હાથ આપણે પડયાં છીયે, બચું, અને પાંચ મીનીટથી વધારે હું અહી નહી રહું તે જોવા દીનશાહજી ડાકટર ઘડિયાલ લઈને ઉભાછે."

"લવજી, બુચીનું નામ શું પાડશો?" છુટાં પડતી વેલા બચુંએ પુછ્યું.

"નામ બચુંજ."

"બચું? મારૂં નામ? કાં વારૂ?"

"કાંએકે બચું કરતાં વધારે વ્હાલું નામ હું બીજું જાણતો નથી."

"પણ દીકરા દીકરીને માબાપનાં નામ આપવાનો આપણા લોકમાં ધારો નથી, મારા લવ."

"નથી, તો આપણે પાડશું. ઈંગ્રેજ લોકોમાં એવો ધારો છે અને તે કરતાં વળી આપણાં લોક-વિચારને અનુસરી ચાલવા સારૂ તુંને તારી દીકરીથી ઓલખાવવી હશે તો આ છોકરીને 'બુચકલી બચું,'—'બુચી બચું,'—એમ બોલાવીશું. તું જાણે કે 'બચું' ને એ જાણે કે 'બુચી બચું', પણ બચું તો જોઇયે."

પ્રકરણ ૨૫ મું.

મેરીની "લુલી"—બૈરાંના કુથલા.

લવજીની દુવાથી અને હમાયજીની મેહનતથી બચું બચી અને 'બુચી બચું' પણ બચી.

બુચીને માટે એક લાયક "આયા" શોધવી પડી. બચુંની તનદરોસતી એકદમ સુધરી નહી. તે ઘણીજ નબલી થઈ ગઈ. ચાલીસું વીત્યા પછી અંગમાંને અંગમાં તાવ ચાલુ હતો. તે બુચીને ધવાડતી હતી, પણ બીજી ચાકરી કરવાને અશકત હતી. દાસીની જરૂર હમાયજીએ પોતે કબુલ રાખી એટલે જરૂર હોવી જોઇયે.

"બચું, તુંને ખબર કે?" હમાયજીએ ખબર આપી "આયાની શોધ કરતાં અંતે કોણ આવી? બાહાલીમાસાને ત્યાંની મેરી તારી ચાકરીમાં રેહવા માગેછે."

"મેરીઅન? પેલી ફરંગન? માસીની શીરીનની આયા?"

"હા, તેજ. એ લોકોને ત્યાંના સ્વભાવ પ્રમાણે એ લોકોને ત્યાં કોઈ માણસ ટકે નહી." હમાયજી પોતેજ માસા માસીના સ્વભાવનો વાંક કાહાડવા બેઠાં! "મેરીએ

ત્યાં ભાયગે બે વર્ષ કાહાડયાં હોય, તેટલા-માં તો તારા લવજીએ છકાવી મુકેલી શીરીન સાથ તેને વારેઘડીયે કજીયો થયા કીધાછે અને અંતે શીરીનથી કંટાલીને તેણે પોતાની ચાકરી મુકી દીધીછે. તે બુચ્ચીની આયા દાખલ આપણે ત્યાં રેહેવા માગેછે."

"હમાયજી, મારા કરતાં તમે તેને વધારે ઓલખોછો." બચ્ચુએ બધાં કામની મિશાલે આ કામનો પણ હમાયજીને હવાલો આપ્યો, "જો તમે મેરીને સારૂં માણસ ધારતાં હોવ તો રાખો."

"માણસ તો સારૂં છે, પણ મુઈની એકજ ખોડ છે અને તે એ કે જીભ ઘણી લાંબી છે. રાનની લુલીનોજ વાંક. જીભ પાધરી હતે તો શીરીનને ત્યાંથી નીકળતે?"

હમાયજીએ પોતાના ધારા પ્રમાણે પેહેલાં શીરીનનો વાંક કાહાડયો અને હવે વળી મેરીનો વાંક બતાવ્યો! અને તે પણ જે વાંક પોતામાં તેજ તેઓમાં બતાવ્યા—એક તો શીરીનના "સ્વભાવ"ની કસુર હતી! બીજો તો મેરીની "લાંબી જીભ"નો વાંક હતો!

"એની લાંબી જીભ બુચ્ચીને નથી નડવાની." બચ્ચું જાજી કનવાર કીધા વિના બોલી. "આપણી અમીના, મેરીઅન વિષે સારી સરટીફીકેટ આપેછ, તેમ જો હોય તો એને રાખો. અમીના ને મેરી બેહુ સહીઓ છે તેથી સંપમેર રાખીને બુચ્ચી બચ્ચુંની માવજત લેશે."

એ પ્રમાણે મેરીને હમાયજીએ રાખી, પણ તેના પેહેલાં તેવણ તેજ દાહાડે ચાલતાં હીરામોગીને ઘર જઈ મેરીઅનને કાહાડી મેળવાના સબબ વિષે પોતાની ખાતરી કરી આવ્યાં ત્યાંસુધી આ ફરંગન આયા તેવણે રાખી નહી.

માસા માસી બેહુએ ખાતરી આપી કે "મેરીઅનને અમે કાહાડી મેળી નથી, તે પોતાની ખુશીથી ગઈછે. તે શીરીનથી કંટાલી ગઈછે." પણ વળી હીરાંમાસીએ વધાર્યું કે "શીરીનનો સ્વભાવ હમણાં હમણાં ઘણો બિગડતો જાયછે." એનું શું કારણ? હાલ તે તપાસવાનો વખત નથી.

અને મેરીની જીભલી બીજેજ દહાડે માલમ પડી. હમાયજી કેહેતાં તેમ "એની લુલી બગેરે!"

બચ્ચુંને તાવ આવતો હતો. તેની દવા હજી ચાલુ હતી. તે બપોરે નાકુવતીની થાકથી પોતાના ઓરડામાં પોતાની કોચ ઉપર અડધી ઝુંપતી પડેલી હતી. તેણે આંખ્યો મીચેલી હતી, પણ તે અડધી જાગતી હતી.

બચ્ચાંને સુવાડવાનો ઓરડો પાસેજ હતો. તે ઓરડાનું બારણું ઉઘાડું હતું અને તે ઓરડામાં પોતાની બાઇને ઊંઘેલી વિચારી અમીના અને મેરીઅન બેહુ વાતે વલગેલાં હતાં. તેઓની વાતથી—મેરીની લુલીથી—બચ્ચુંએ અચબુચ જાગી ઉઠીને સુતાં સુતાં પોતા વિષેની નીચલી ગોફતેગો સાંભળી લીધી.

"બિચારી ઘણી હાલહવાલ થઈ ગઈ હો!" મેરી દયા ખાઇને બોલી.

"કોણ? બાઈ કે બુચ્ચી?" અમીનાએ પુછયું.

"હું બાઈ વિષે બોલુંછું. એકજ સુવાવડમાં એ લઠડી ગઈ!"

"હમણા તો ઘણી સારી પડે છે. મહીના દાહાડા ઉપર તો બચ્ચુંબાઇની આશાજ નહી હતી."

"બધી કીસમતની વાત છે." મેરીએ વધાર્યું. "જો મરણ પામી હતે તો બિચારી જીવથી જતે ને શેઠ કોણ જાણે કોણને નવી બૈરી કરી લાવતે? કોણના ભાયગ હુગડતે?"

"છટ! છટ! એ વાત ના કર!" અમીના છછની પડી.

"તું ગમે એટલી છટછટ ને બટબટ કર, અમીના, પણ જે થવાનું તે તો થવાનુંજ." મેરીઅને પકો વિચાર આપ્યો. "લવજી એક વખત પેલીના હાથમાંથી છટકી ગયો, પણ બીજી વખત એ તેને છટકવા દેતે નહી."

"કોણ? તું કોણની વાત કરેછ?"

"શીરીન. મારી જુની શેઠાણી શીરીન. તેજ લવજી શેઠને પરણવાની હતી તો."

"હું નથી માનતી. ખોટી વાત છે."

"શાની ખોટી વાત? હું જાણુંછ કે શીરીને લવજી શેઠ સાથ પરણવાની ઉમેદ બાંધી હતી."

"પણ શેઠના તો ખ્યાલમાંબી નહી હતું. શીરીન સાથ પરણવાનું શેઠને સ્વપ્નુંબી નહી હતું."

"તું શું જાણે, અમીના? હું બધું જાણુંછું. મેં નજરે નજર જોયલું છે." મેરી કાંઈ સમજે તેવી નહી હતી કે ચૂપ રેહે. "હું કહુંછું કે જો બચુંબાઈ આ સુવાવડમાં એોદા ન કરે ને મરી જતે તો બચીત તેના ઉપર શીરીન શોબ આવતે. મેં એહુ જણુના ઘણા ચાલા જોયલા છે."

"ધૂલ! એ બધી કલ્પના છે."

"નહી. નજરે જોયલી વાત કહુંછું, સમજી?" મેરીની જીભ ઉપડલીજ રહી. "એ પેલી લાકીટ પેહેરેછ તે કોણુની? લવજીનીજ આપેલી છે."

"તેં કેમ જાણ્યું?"

"લવજીએ તેને સાંકલી સુધાં લાકીટ ભેટ આપી તે મેં જોઈ હતી; ને શીરીન વીટી પેહેરેછ તેબી લવજીનીજ આપેલીછે. લાકીટમાં લવજીની છબી પોતાની છાતીપર લટકાવી રાખીછ, ને તેજ લાકીટમાં મુકવાને લવજીનો બાલ માંગી લીધો તો લવજીએ હસીને પોતાનો બાલ આપ્યો તે મેં સંતાઈને મારી નજરે નજર જોયું અને કાને કાન સાંભલ્યુંછ. હું ધારૂંછ કે આ લાકીટ અને વીટી શીરીને કદીબી પોતાના દીલપરથી ઉતારી નથી. તે ઊંઘમાંબી પેહેરી રાખેછ!"

"એટલી નાદાન."

"એટલી તે લવજીને ચાહેછ. શેઠ સુરત પરણવા ગયા તેની એક દાહડા આગમચ શું બન્યું તે જાણેછ? શીરીન તે દાહાડે આ ઘરમાં આવી હતી. ખુબસુરત ચંદની રાત હતી અને લવજી એકલો તેને ઘેર વેર મુકવા આવ્યો હતો. દરવાજા ઉપર તેઓ વચે પ્યાર ભરેલી વાતો ચાલી તે મેં ઘણી ખરી સાંભલી હતી. લવજીથી છુટી પડયા પછી શીરીન પોતાના બંગલામાં જતાં જતાં હડપ્થી બોલી કે 'ઓદા! લવજી મને કેવો ચાહેછ. જયારેબી હશે ત્યારે હુંજ એને પરણીશ!' આ શબ્દો મેં સાંભળ્યા ત્યારે હું છેક પાસેજ સંતાયલી હતી."

"હશે! હશે!" અમીના હજી પણ આ વાત નહી માનવાને ખુશી હતી માટે ટકોર કરતી બોલી "મેરી, તું ચોકીદાર પડી ખરી કેની અને શીરીનની ચોકી કરવા તુંને તેનાં મા બાપે રાખેલી ખરી કેની કે બધી વખત તુંજ હાજર હતી? શું વાત લાવીછે?"

"હું ખરૂં કહુંછ, અમીના." મેરી સોગંદ ખાવા લાગી. "એક વખત તો મેં અંહીવેર દીઠું કે એક રાતે લવજી અને શીરીને બાગમાં એટલું મોડું કીધું કે તેના બાપે બાહારથી આવીને અજાણપણામાં બારણું બંધ કરી લીધું અને બિચારી શીરીન આખી રાત બાહાર રહી જતે, પણ તેણીએ બાપની પછવાડે દોડી જઇને બારણું ઊઘડાવ્યું."

વાંચનાર જાણેછે કે એ તો પેલી નોંધી લેવા જોગ રાત હતી કે જયારે શીરીનનો વાહલો ભાઈ દોલી પોતાને હાથે દેશ નિકાલ થવા પછી તેજ દહાડે પાછો આવી મળ્યો હતો અને શીરીને તે કમબખત ભાઇને લવજી સાથ પ્યારા મુલાકાત કરાવવી હતી તેથી મોડું થઈ ગયું હતું.

"અને શેઠ પરણ્યા ત્યારે વળી શું બન્યુ?" મેરીની નિદાખોર જીભ ચુગલી ચાલુ રાખી "જે દાહડે શેઠના લગ્નની ખબરનો કાગળ લઇને હમાયજી બાઈ શીરીનને ત્યાં વંચાવા આવી ત્યારે તે કાગળ વાંચી પોતાના ઓરડામાં છુપી ગઈ અને કોચ ઉપર ગમમાં રડતી સુતી સુતી હાય મારવા લાગી કે 'ઓ! ઓદા! અંતે લવજી બીજીનો થયો! હું મુઈ! મારી આશા ગઈ!"

"એ વખતબી તું હાજર હતી કે?" અમીનાએ ચીહરડાઇને મેરીને ચીઢવી. "હા કેહેની! કોણ પુછેછ?"

“હા ને હાજ!” મેરીએ હુજત લીધી “હું તેજ ઘડીએ શીરીનના ઓરડામાં કામે આવી અને આ બોલો મારે કાનેકાન સાંભળ્યા.”

જેમ તે વખતે શીરીન તેમજ આજે બચું પણ “કોચ ઉપર ગમમાં રડતી સુતીછે” અને તે પણ આ વાતો “કાનેકાન સાંભળેછે.”

“વળી હમણાં બચુંબાઇને પરણીને આવ્યા પછી પણ લવજી શેઠ અને શીરીન વચે મેં કોતક દીઠું.” મેરીએ છેલી શાક્ષી પુરી. “શીરીન બચુંબાઈની સાથે આખો દાહાડો આંહી રહી પણ રાત મોડી જવાથી શીરીનના બાપે મને તેડવા મોકલી પણ દરવાજાપર જોઉં શું કે શેઠ તો પોતેજ શીરીનને તે દહાડેબી મુકવા આવેલા અને તુર્તનાજ તેઓ છુટાં પડેલાં. શીરીનની આંખમાં આંજું તાજાં હતાં અને તેઓ વચે કાંઈ ઘણીક જોસથી વાતો ચાલી હતી. હવે એ તો લવજી શેઠના લગ્ન પછીની વાત છે. પોતાની પરણી બાયડીને ઘરમાં રાખીને શીરીન સાથ શેઠ ફરવા આવેલા તેનું કેમ? એબી પ્યાર વગર કે? એ આવનોબી બચાવ કરની, જોઉં અમીના?”

અમીના શું ખોલાસો કરી શકે? અને વળી જો તે મેરીઅનને ખોટી પાડેછે તો તેથી કાંઈ એ ચૂપ રેહેતી નથી, પણ ઓર તેની જીભ વધારે ઉપડેછે. માટે એ કરતાં તો અમીનાએ ચુપ રેહેવાનું બેહેતર ધાર્યું કે જેથી મેરી બોલી બોલીને પોતેજ થાકે.

અને હવે પોતે જીતેલી જાણીને મેરીએ પોતાની લાંબી જીભ વધારે લંબાવી.

“હું ખરૂં કહુંછ, અમીના, કે શીરીન આપણી બાઈની અદેખાઇથી બળેછ અને તેથીજ શીરીનનો સ્વભાવ હમણાં બગડી ગયોછ. આગળ એ છોકરી કેવી ગરીબ ગાય જેવી હતી, પણ જ્યારથી લવજી શેઠનાં લગ્ન થયાં ત્યારથી બચુંબાઈ જે સુખ ભોગવેછ તે શીરીનથી દેખી ખમાતું નથી અને તેના છુપા બળાપાથી તેણે પોતાની તનદરોસતીજ નહી પણ મગજબી બગાડી નાખ્યુંછ. તે કજીઆખોર થઈ પડીછ ને તેની મોહોકાનમાં તો મેં તેની ચાકરી છોડી.”

મેરી જરા થોભી, પણ જ્યારે જોયું કે અમીના જવાબ દઈ શકતી નથી ત્યારે તેણીએ વાત આગળ ચલાવી.

“લવજી શેઠના જેવા શોખીલા માટીડાઓ કેની તે મગજે નબલા હોયછ. તેવણે પેહેલાં શીરીન સાથ પરણવા ઉપર મન કર્યું પણ તેટલામાં વળી બચુંબાઇપર નજર પડી કે તેના પૈસા, પદ્ધિ અને ખુબસુરતીથી એ બાઈ ઉપર લોભાઈ ગયા અને શીરીન ઉપરથી મન ઉતારો કીધો. પણ વારૂ હવે પછી શું થશે તેની કોણને ખબર છે? શેઠ બાઇને હમણાં તો ઘણા ચાહેછ, પણ મન ઉતારો કરતાં વાર લાગશે કે? બચુંબાઈથી શેઠ જરા કંટાલશે એટલે પછી—”

“ચૂપ! નાપાક, દદા!” હવે તો અમીનાનો મિજાજ નહી રહ્યો. “જો તું એ વાત બંધ નહી કરશે તો હું બધું બાઇને કહી આપીશ.”

“એમ દમ ભરાવવાથી હું બીહીવાની છું કે?” મેરીએ પોતાનો બચાવ કીધો. “હું શું ખોટું બોલીછ? હું તો દુનિયાની રીતની વાત કહુંછ. માટીડાઓ એવાજ ભમતા મગજના હોયછ. ને હું હીમતથી કહુંછ કે જો ખોદા ન કરે ને બચુંબાઇને કાંઈ કજા બની તો તેની કજા રજાએ શીરીન તેના ઉપર શોખ આવ્યા વગર રેહે નહી.”

“બચુંબાઇપર ખોદાની બક્ષેશ છે.” વફાદાર અમીનાએ પોતાની શેઠાણીને દુવા દીધી. “ને જે મુવાંઓ એ ભલી બાઈની કજાની વાટ જુવેછે તેઓની આંખ ફુટી જશે.”

“આમીન! બચુંબાઇને હું પણ સારી દુવા માગુંછ. હું તો માત્ર એક વાત કહુંછ. બાકી આ લાયકીવાલી બાઈ આપણે માથે જીવતી રેહે અને શીરીનની ઉમેદ ઉંધી વળે એવું હું તો ખરાં જીગરથી ચાહુંછ. અગત કરીને આ પ્યારાં બાળકની ખાતર હું એની માતાની તનદરોસતી ચાહુંછું.” ખુશી બચું

ખોળામાંજ હતી તેને એક પ્યારની ચુમી લઈ મેરી બોલી. "કાં કે ખોદા ન કરે ને એ બાળકની માને જો કાંઈ માઠો બનાવ બને તો ખચીત એ બાળકના બુરા હાલ થાય. શીરીન કાંઈ સારી મતરાઈ નીવડે નહી. જ્યારે તે આ બચ્ચાંની માને ધિકારે ત્યારે તે એ બચ્ચાંને પ્યાર કરી શકે નહી. તે સાવકાં બચ્ચાંની અદેખાઈથી લવજી શેઠને બાપ દીકરી વચે વેર વસાવે. માટે ખચીત બચુંબાઈની એવી શોખ આ ઘરમાં આવે તે હું પણ પસંદ કરતી નથી."

"હું જાણુંછું, કાબા, કે અંહીથી મારા જવા વગર તારી નિનદાખોર જીભ મુગી રેહવાની નથી."

એમ કહીને અમીના ઉઠી ગઈ.

મેરીએ શું નરસ કીધું? તે કાંઈ સમજતી નથી. આમ લાંબી વાત ચલાવવામાં તે પોતે કાંઈ નુકસાન જોતી નથી! તેની બાઈ આ વાત સાંભળેછે એમ તે કાંઈ જાણતી નથી! અને ઘડીભર સાંભળે તો તે પોતાની બાઈની વીરૂધ કાંઈ બોલતી નથી. તે તો ઓર બચુંબાઈની દયા ખાઇને બોલેછે!

અને તોપણ મેરીએ આ ચુગલીખોરા કુથલાથી બચુંને પોતાને અતિઘણું નુકસાન કીધુંછે.

પરવારતાં નિનદાખોર બૈરાંઓ પાંથરને પાંથરને લોકોને ઘરના આવા કુથલા કરતાં ફરેછે. તેમાં તેઓ કોઇને જાણી જોઇને નુકસાન કરવાની ધારણા રાખતાં નથી તેથી શુ થયું? ધારણા ગમે એવી સારી હોવા છતાં તેઓ નિર્દોશ કુટુંબોને નુકસાન કરવાના ગુનેહગાર ઠરેછે. એવી નિનદા કરવાનું આપણા બૈરાંઓનું પાપ ગમે એટલી પતેત ભણ્યા ભણાવ્યાથી માફ થવાનું નથી. તેઓને માટે દોજખ તૈયાર થાયછે. નિનદાખોર માણસો પોતાનું દોખજ પોતાને હાથે બાંધેછે.

પ્રકરણ ૩૦ મું.

બચુંની "બ્રેન ફીવર."

બચું બીમાર હતી તે વધારે બીમાર થઈ. તેનુ "માથું ફરતું" વધારે ફર્યું. તેને તાવ ચહડેલો હતો તેમાં અંગ વધારે તપી આવ્યું. લવજી સહવારે આફીસમાં જતી વેલા જે હાલતમાં બચુંને છોડી ગયો હતો તેના કરતાં વધારે માઠી હાલતમાં તે સાંજે પાછો આવ્યો ત્યારે તેણે બચુંને જોઈ.

એ સઘલું જબાનદરાજ મેરીઅનની "લુલી"નું પરિણામ હતું. તેની દુરમુખી જીભ અંતે બંધ પડી, પણ તે જીભના કુથલા સુતાં સુતાં સાંભલી લેવાનું બચુંનું દુઃખ બંધ પડયું નહી. મેરી જે કાંઈ બોલી તે સઘલું બચુંએ ખરૂંજ માન્યુ. "તે નજરે જોઇને બોલી હતી"—"વળી તે કાંઈ સંભલાવા સારૂ જાણી જોઇને તો બોલી નથી" એ બચુંના મનની મંતકીઓ હતી! "લવજી શીરીનને ચાહતો હતો"—"હજી બી ચાહેછે"—અને "હવે પછી શીરીન શોખ થઇને આવેબી ખરી" એ બચુંના નબલાં મનનો "મજબૂત" ચુકાદો હતો!

છુપી અદેખાઇની આગના અંગારામાં તેનું તપતું અંગ જોઈ લવજી ઘભરાઈ ગયો. તે બોલ્યો "બચું, શું છે, જીગર? સહવાર કરતાં તું હમણાં વધારે સીક થઇછે."

"લવજી! લવજી! મારા લવ!" બચું કુદકો મારીને જોસથી ઉભી થઈ અને પોતાના ધણીના હાથમાં લગભગ બેશુધ પડતાં બોલી "લવજી! તમે એ રાન સાથ પરણતા ના હો! મારૂં રવાન કમકમશે. પેલી જીહાનમાં મારાં હાડ ધુજશે!"

આ અચબુચ દેખાવ જોઇને લવજી મનમાં ઘભરાવા લાગ્યો. તે કશું બોલી શકયો નહી.

"એ દુકતીને મારી ઉપર શોખ લાવો તે સારૂં નહી જો, લવજી." બચુંએ પોતાનો જંગલી બકારો ચાલુ રાખ્યો. "એ દુક-

ની સારી નથી. તે મારાં બચ્ચાં ઉપર દુઃખ પાડશે. મારાં બચ્ચાં ઉપરથી તમારો પ્યાર ચુકાવશે. લવજી, તેને શોખ ના લાવતા જો."

"બચ્ચું! બચ્ચું! તું સુઇ જા." લવજી તેને ઘણીજ ધીરજથી એક મખમલની સોફા ઉપર પાછો લેટાડવા લઈ ગયો. "એ તાપની ઝુમમાં બકેછે," લવજીએ વિચાર્યું. "કાંઇ સ્વપ્નું જોઇ ઉઠીછે અને તેના મનમાં પવનનો બકારો ચલાવેછે." તેને સુવાડી પોતાના માયાલુ હાથે પસવારતાં પસવારતાં બોલ્યો. "બચ્ચું, તું બોલ ના. હમણાં તો સુઈ જા. તું અરધી ઊંઘમાં છે. તારૂં ધ્યાન ઠેકાણે નથી. તું નબલી હાલતમાં અચબુચ ચોંકી ઉઠેછે, તેથી આમ થાયછે. હલુવે રહી, ધીરજથી હોસ્યાર થઇને પછી ઉઠીયે કેની? હું તારી પાસે છું. તું ના બીહ."

"લવજી, હું બીહતી નથી, હું ઊંઘતી નથી. હું સજાગરી છું." બચ્ચું અત્યાર સુધી રડયા કરતી હતી તે પોકેપોક રડતી બોલી. "એ દુકતી સાથ તમે પરણો એ ખ્યાલમાંજ હું બેશુધ થાઊંછું."

"બસ! બસ! ચૂપ રેહે." લવજીએ ધમકાવાની જરૂર જોઈ.

"તમે મને કબુલાત આપો તો હું ચૂપ રહું."

"શાની કબુલાત?"

"તમે એ દુકતી સાથ પરણો નહી."

"તું શું બકેછે, તે હું સમજતો નથી."

"મને વચન આપો તો હું નહી બકું. તમે એને મારી ઉપર શોખ નહી લાવો તેના કસમ લેવો."

"તું શુધ રાખીને વાત કરે તો હું કાંઇ પણ કબુલાત આપું. તું જોતી નથી કે હું તો તારી સાથ પરણેલો છું? તું મારી બૈરી છે, ત્યારે હું બીજી બૈરી શાની કરૂં?"

"હું મરી જાઊં તો?"

"છટ! છટ! તું કાંઈ હમણાં મરી જવાની નથી."

"પણ કદાચ મરૂંબી! આ માદગીમાં કદાચ મારૂં મોત આવે. કોઈ લોકો એમ બોલેછ બી."

"હવે હું સમજયો. તું સાજી થવાની નથી એવો વેહેમ મનમાં બેસી જવાથી આમ બોલેછે."

"વારૂં વેહેમ તો વેહેમ. પણ જો કદાચ મારૂં મોત આવ્યું તો, તમે વચન આપો કે એ દુકતીને તમે શોખ દાખલ નહી લાવો." બચ્ચું સોફા પર લેટેલી હતી ત્યાંથી અડધી ઉઠી પોતાની પાસે ઘુંટણ ઉપર પડી તેને ધીરજ આપતા ભર્તારની ખાંધ ઉપર હાથનો ટેકો દઈ રડતી વચન માંગવા લાગી.

"નહી લાવું, નહી લાવું. જા કબુલ થાઉંછું." તેનાં મનની શાંતી કરવા સારૂ લવજીએ હાથમાં હાથ ઝાલી કબુલાત આપી. "જો કે હું જાણતો નથી, તું કેઇ દુકતી વીશે બોલેછ તે, તોપણ કબુલાત આપું છું."

"નથી જાણતા? મારા લવ, તમે નથી જાણતા?" બચ્ચું શક લાવીને બોલી. "મારા ઉપર કોણ શોખ આવશે તે શું તમે નહી જાણો?"

"બચ્ચું, હું કસમ ખાઉંછું કે મેં કાંઇ શોખ વિચારી નથી અને હું નથી જાણતો."

"મારી સાથ પરણ્યા અગાઉ શું કોઈ બીજીને તમે બૈરી કરવા નથી ધારી?"

"બચ્ચું, તું શું બકેછ? તું કોણને વાસતે એટલી શંકાશીલ થઇછે?"

"શીરીન! તમારી માસીની શીરીન! શું તેને તમે શોખ નહી લાવો? શું તેને તમે ચાહતા નહી હતા?"

હવે લવજી સમઝ્યો કે બચ્ચું તાપની જુમમાં પોતાના આગલા વેહેમ બકેછે. આગળ પણ તે શીરીન વિષે એજ પ્રમાણે અદેખી થઈ હતી અને આજે પણ તેજ સવાલો પાછા પુછેછે. લવજીના મનમાં બચ્ચું વિષે ઘણી દયા ઉતપન થઇ અને તે ઘણા ગંભીર દિલાસાથી તેનો વેહેમ ભાંજવા પડયો.

"બચ્ચું, હું નથી જાણતો કે તારાં નબલાં મનમાં આ વેહેમ કોણ કમબખતે દાખલ કીધોછે. પણ હું દલગીર છું કે મેં તારી એકવાર ખાતરી કીધા છતાં હજી તું એ ખોટો વે-

હેમ મનમાંથી કાહાડતી નથી. હું ખોદાને હાજર નાજર જાણી તુને કહુંછું કે તારી સાથ પરણવાની આગમચ ઇયા પછી શીરીનને મેં બેહેન કરતાં વધારે ચાહી નથી. તેને પરણવાનો ખ્યાલ મારા સ્વપ્નામાં પણ નહી હતો."

"પણ શીરીનના મનમાં એ ખ્યાલ હતો."

"તે હું કશું જાણતો નહી હતો. અગરજો તેણીએ મને પરણવાનો કાંઈ ખાનગી ઇરાદો પોતાના મનમાં રાખ્યો હોય તો હું તેને એટલી મૂર્ખ ગણુંછું. તું ખાતરી રાખ, જીગર, કે શીરીનને હું માત્ર બેહેન ગણુંછું. મારે મનથી જેવાં હમાયજી છે, તેવીજ શીરીન છે."

એથી વધારે શું જોઇયે? બીજી ખાતરી કેવી હોય?

બચું આ દિલાસા ભર્યા ભરૂસાથી સીથીલ થઇ ગઇ (પીગલી જતી હોય તેમ પાણી પાણી થઇ ગઇ.) તે લજવાઇ ગઈ. તેને પસતાવો લાગ્યો. પોતાના ફરેશતા જેવા ખાવિંદને અપમાન લગાડવા માટે તે પશેમાન થઇ. તે લવજીને ગલે વલગીને માફ માગવા લાગી.

"વારૂં ત્યારે કેહે કે તારાં ભેજામાં એ પવન કયાંથી આવ્યો?" લવજીએ હસીને પુછ્યું.

મેરીની લુલી પાધરી નહી તેથી—એમ કહી દેવાને બચુંનું એકવાર મન થયું, પણ તે મન તેણીએ પાછું ફેરવ્યું. ખરૂં કારણ તે નહી બોલી. "લવજી, પવન તે પવન." બચુંએ જવાબ દીધો, "હવાઇ પવન તેનું કારણ શું હોય? ફીટો, વેહેમ, તાપની જુમમાં વગર કારણે મારા માથામાં ભરાયો."

"એવા પવનથી તું દૂર રેહે, તેમાં તુનેબી સારૂં છે અને મનેબી સારૂં છે." એમ કહી લવજી પોતાને કામે રોકાયો અને આ વાત તેણે પોતાના મનમાંથી કાહાડી નાખી.

પણ શું બચુંએ પોતાના મનમાંનો વેહેમ કાહાડી નાખ્યો? નહી. તેની ઉપલી ખ્યાલ કહી આપેછે. તેનો ઉપલો જવાબ કહી આપેછે. તેણે મેરીની વાત છુપાવી, તેણે પોતાના વરને ઉડાવ્યો, મેરીને પોતાની નોકરીમાં રેહેવા દીધી, એ ઉપરથી સાફ જણાયછે કે બચુંના મનમાં હજી વેહેમ અને બેવિસ્વાસની જડ રહી ગઇછે. તેની ખાતરી થઇછે—પોતાના વ્હાલા વર ઉપર બેદીલ થવાને તેને કારણ કાંઇ નથી. પોતાના મનની ખાતરી થવાથી તે ખુશી પણ થઇછે. તોબી હજી "વખત છે!" એ કારણે તે આવતા વખતની આશામાં અટકી છે.

પોતાના નિર્દોશ ભર્તાર ઉપર પરણી બાયડી વેહેમ લઈ જાય એમાં સેવટે ખરાબી અને ખરાબીજ છે.

પ્રકરણ ૩૧ મું.

પેસુ લવંગીયો પુણામાં.

પાહાલણજી હીરામીગીના એક દાહડે અત્યુચ્ચ ખુશી થયા કે તેવણનાં ધણિયાણી ઘણે મહીને આજે બાહાર નીકળ્યાં.

હીરાંબાઇએ પોતાના દીકરા દોલીની દેશનિકાલ હાલતનો ગોયા શોક પકડયો હતો, પણ પાહાલણજી જેમ એ લુચ્ચા દીકરાને ધિકારતા હતા તેમ પોતાની બાયડીના એ શોકને પણ ધિકારતા હતા. માટે દીકરાની જુદાઇના જખમથી માંદગીમાં મરેહાલ થયલાં હીરાંબાઇએ ડાકટરોની ઘણી બોંહોંસ ઉપરથી અંતે જ્યારે બે ઘડી બાહાર જવાનો વિચાર કીધો ત્યારે પાહાલણજીએ ઘણા ખુશી થઇને ઘણીજ ઉલટથી સહવારના આઠ વાગતાંમાં પોતાની ગાડી જોતરાવી આપી.

શીરીન પણ પોતાની માતાની સાથે ગઈ. શીરીનની વર્ષગાંઠને વાસતે નવી સાડી ખરીદવાની હતી માટે હીરાંબાઈ સદર બ-

જારમાં કાપડયાની દુકાને ગાડી હંકાવી શીરીનની સાથે દુકાનમાં ગયાં. પણ સાડીનો નમુનો ગાડીમાં રહી ગયો હતો. શીરીન તે ગાડીમાંથી લાવવા ગઈ અને હીરાંબાઈ પોતે દુકાનમાં જુદી જુદી સાડીના તાકાઓ જોતાં બેઠાં.

શીરીને દુકાનના દરવાજા ઉપર આવી ઘોડાવાલાને હુકમ કીધો કે "ગાડીમાં ગાદીની તલીએ કાપડનો નમુનો મુકેલો છે તે લાવ." ઘોડાવાલાને તે નમુનો એકાએક જડયો નહી અને તે લાવે તેટલાં શીરીન દરવાજા ઉપર રસતાની મજાહ જોતી ઉભી.

અચબુચ રસતા ઉપર રોપેલાં ઝાડોની વચે સામેથી આવતા એક જવાન પારસી ઉપર શીરીનની નજર પડી. તે દેખામનો અને સોહામનો હતો. તે ઉંચો અને પતલો હતો. તેણે મોટા મોટા થોભીયા ઉગાડેલા હતા. તે ઘણોજ ધસકી અને ફાંકડો હતો. તેણે મખમલનો ડગલો પેહેરેલો હતો. પાઘડીને બદલે કસબી ચીકન સાથની ટોપીજ પેહેરેલી હતી. તેનાં હાથનાં ચારે આંગલાં ચકચકીત વીંટીઓથી ભરેલાં હતાં. તેણે ડગલો થોડાક ખોલેલો રાખ્યાથી અંદરનો પોશાક પણ દેખાતો હતો. તેનાં રૂપેરી શાંકલી ઉપર લટકતાં સોનેરી બટન, તેનાં ઘડિયાલનો ભારી ઝુલાઈ પડતો છેડો, અને તેનાં રોગાનના બૂટ સાથ તે પગથી માથા સુધી ચલકતો હતો.

તે એક ખરો પોશાગીર હતો. દોલીએ પોતાની છુપી મુલાકાતમાં પોતાની બેહેન આગળ પેલા પેસુ લવંગિયાનું જે બ્યાન કરેલું તે આ પોશાગીર પારસીને જોતાં શીરીનને આબાદ યાદ આવ્યું.

પણ વળી તેણે પોતાનો ખુશબોથી મઘમઘતો કસિતરી કરેલો રૂમાલ જયારે પોતાનું મોહોડું લુછવા સારૂં નિદાર ઉપર ફેરવ્યો ત્યારે તો દોલીની કહેલી નિશાન આબાદ મળી. પેસુ લવંગિયાને દોલીના કેહેવા મુજબ પોતાની વીંટીના હીરા દેખાડવા સારૂ ઘડી ઘડી નિદાર ઉપર હાથ ફેરવવાની ટેવ હતી. અને આ શખસ પણ શીરીનની નજર પડયા પછી બે ત્રણ વખત પોતાનો ચકચકતો હાથ પોતાના નિદાર ઉપર ફેરવી રહો. તેના એ હાથ ફેરવવામાં કાંઇ ખારા ઢબ હતી એમ દોલીને લાગ્યું હતું અને શીરીનને પણ લાગ્યું.

કેવી અચબુચ શોધ! શીરીનની ગોયા શુધબુધ ઉડી ગઈ. તે આ પોશાગીરને ટીકી ટીકીને જોતી વિચારમાં ગરક ઉભી રહી.

"ઓહો! પેસુ! દોસત પેસુ, કેમ છે?" અચબુચ પાસેની ગલીમાંથી એક જણ નીકલી આવી આ ધણીને હાંક મારવા લાગ્યો.

શીરીને જોયું કે તે હાંક મારનાર કોઈજ નહી પણ પેલો છાકટ રામજી હતો. શીરીને જોયું કે દોલીએ દોહોડ વર્ષ ઉપરની પેલી છુપી મુલાકાતમાં પેસુ લવંગિયાનું બ્યાન ખરૂં આપ્યું હતું, એટલુંજ નહી પણ રામજી તેને ઓલખતો એ વાત પણ દોલીએ ખરેખરીજ કહી હતી.

રામજીની હાંક પેસુએ સાંભલી નહી. તે આગળ ચાલી જતો હતો. પણ રામજીએ વધારે મોટે બૂમ મારી.

"લવંગિયા! પેસુ લવંગિયા!"

"ઓહો! રામજી!" પેસુ તેને સાંભલતાંવારજ ઓલખીને તેની પાસે આવ્યો અને શેકહેંડ કરી વાતો કરવા લાગ્યો. આમ વાત કરતાંજ રામજી તેને પડોશની ગલીમાં લઇ ગયો અને તે બંને જન શીરીનની નજરથી ગુમ થયા.

નજરથી ગુમ થયો, પણ શીરીનનાં ધ્યાનમાંથી, ચીતમાંથી આ પોશાગીર ગુમ થયો નહી. બલકે તેને જોવાથી શીરીન કાંઈ ધયાનસ્થ સમાધીમાં બેભાન જેવી થઈ ગઈ. તે પોતાની માને વાસતે ગાડીમાંથી સાડીનો નમુનો લેવા આવી હતી તે વાત ભુલી ગઈ. ઘોડાવાલાએ નમુનો લાવી આપ્યો પણ શીરીને તે લીધો નહી, ને સાંભલ્યુંબી નહી.

એજ ઘડીએ વળી શીરીનના ઘરનો ડાકટર દીનશાહ પસાર થતો હતો. બચુંનો ડાકટર પણ તેજ હતો. તે શીરીનને દુકાનપર ઉભેલી જોઇને તુર્તજ તેની પાસે આવ્યો, કેમકે તેની મા હીરાંબાઇને બાહાર ફરવા લઈ જવાની ભેહેસ કરનાર એજ વૈદ હતો અને શીરીન પોતાની માને લઈ આવીછે એમ તે ખુશી થતો સમજી ગયો.

પણ ડાકટર દીનશાહ શીરીનની આગળ આવે તેટલાં તો શીરીન ધસારાબંધ દુકાન ઉપરથી ઉતરી પડી તેની આગળ ગઈ. મા માને ઠેકાણે, સાડી સાડીને ઠેકાણે, ઘોડાવાલો ઘોડાવાલાને ઠેકાણે—સહુ પડતું નાખીને પોતાને વીસરી, લોકલાજ સઘળી ભુલી જઈ, શીરીન ડાકટરનો હાથ ધરી, તેને પેલી ગલી ભણી ખેંચી લઈ ગઈ.

હજી તો તે ગલીમાં પેસુ લવંગિયો રામજી સાથ બગલમાં હાથ નાખી ધીમે ધીમે ચાલતો હતો.

"પેલો પારસી જાયછ તેને તમે ઓલખોછ, ડાકટર?" શીરીને પીયેથી દેખાડી પુછ્યું.

"પેલો રામજી સાથ જાયછ તે?" ડાકટરે ચસમો ચહડાવીને પુછ્યું. "હા, હું એને ઓલખુંછ."

"એ કોણ છે? એનું નામ શું?" શીરીને ધ્રુજતી છાતીએ પુછ્યું.

"એ કોઈ પેસુ લવગિયો તો કેહેવાયછ," ડાકટરે ઠંડ પેટે જવાબ દીધો. "મુંબઈથી ધનજીશાહ ધનાપતિને ત્યાં કોઈ પરાણો આવેલો છે."

"તમે એને કયાંથી ઓલખોછ, ડાકટર?"

"ધનાપતિને ઘેર હું દવાઈ કરવા જાવુંછની? ત્યાં ધનજીશાહના દીકરા ફલુએ મને ઓલખાવ્યો."

શીરીન તેની એટલી પરપુછ કાં કરેછે તે ડાકટરે ખુદરતી સવાલ પુછયો. તેના અજાયબ જેવા ભપકાથી પુછવાનું મન થયું એમ શીરીને વાત ઉડાવી. તુર્તજ ડાકટરે હીરાંબાઈની હકીકત પુછી અને તેવણને મળવા શીરીનની સાથે તે પણ દુકાનમાં ગયો.

હીરાંબાઇ શીરીનની વાટ જોઈ જોઇને દુકાનના દરવાજા ઉપર આવેલાં હતાં.

"શું થયું, છોકરી? સાડીનો નમુનો લેવા ગઈ તેને કેટલી વાર?" એમ હીરાંબાઈ શીરીનને ધમકાવેછે એટલામાં તેવણને ડાકટર મલ્યા અને ડાકટર સાથ હીરાંબાઈ ખબર અંતરની વાતે વલગ્યાં એટલે શીરીનની આ ઢીલ તેવણ ભુલી ગયાં.

ડાકટર વાત કરીને જવા પછી હીરાંબાઈ સાડીઓ તપાસવાં પાછાં દુકાનની અંદર શીરીનને લઈ ગયાં. તરેહવાર નવી નવી સાડીઓ આગમચથી ઉખેડલી શીરીનને દેખાડવામાં આવી, પણ શીરીનનું તેમાં ધ્યાનજ નહી હતું. તે કશું બોલીજ નહી. જ્યારે તેની માએ પુછયું કે "તુને કેઇ સારી પસંદ આવેછ?" ત્યારે તે એટલુંજ બોલી કે "તમારે ગમે તે લેવો." હીરાંબાઇ અચરત થયાં કે શીરીન એમ શું કરેછે! તે નવી સારી લેવા ઉપર કુદી રહી હતી. તે દુકાનમાં આવી ત્યાં સુધી ઘણી ખુશીમાં હતી અને એકાએક કોઈ ભુતે બખી ખાધી હોય તેવી હાલતમાં કેમ આવી ગઈ? હીરાંબાઈએ પુછયું કે "કાંઈ જીવને સારૂં નથી?" ત્યારે શીરાને જવાબ દીધો કે "તાપ ઘણો પડેછ, મારૂં માથું ફરેછ અને જલદી ઘેર જવા ગમેછ."

હીરાંબાઇએ તુર્તજ બે સાડી બંધાવી અને તેવણ શીરીન સાથે પાછાં ઘેર આવ્યાં. ઘેર જવા પછી તે તુર્ત પોતાનો ઓરડો બંધ કરી વિચાર કરતી બેઠી.

બનાવ વિચાર કરવા જોગજ હતો. હુશેનશાહના જે ખરા ખુનીને પકડીને પોતાના વ્હાલા ભાઇનું નિરપરાધીપણું સાબેત કરવાની તેની આખી જીંદગીની ઉમેદ હતી તેજ ખુનીનો આ ઝનુની જોસવાલી બેહેનને આજે પત્તો મલ્યો! તે ખુનીને શીરીને આજે નજરોનજર દીઠો!

હવે શું કરવું? તેને કેમ પકડાવવો? વધારે પતીજ કેમ કરવી? તે કોઈ જુદોજ, કોઈ નિરદોશ તો નહી હોય?

શીરીનના સઘળા વિચારનું શેવટ એ આવ્યું કે તેણે એકદમ, જેમ બને તેમ જલદી, જ્યાં હોય ત્યાં જઈને લવજીને મળવું.

પણ તે કેમ બનશે? જો તુર્ત ને તુર્ત જામ તો લવજી ઘરમાં મળે. પછી તે આફીસમાં જતો રેહશે. પણ તુર્ત ને તુર્ત જવાય કેમ? શું બાહનું કાહાડીને જવું? દોલીને બેગુનાહ ઠરાવવા અને ખરા ખુનીને પકડાવવાની સઘળી તજવીજ શીરીને તેની દુખિયારી માતાથી અને તેના આકળા પિતાથી છુપી રાખીછે, ત્યારે તે શું કહીને જાય?

ભોગજોગે લવજીને ત્યાં જવાનું શીરીનને એક બાહનું મલ્યું. હીરાંબાઈએ લુછા દોલીનો ગમ વીસાર્યો અને આજે ઘણે દહાડે તેવણ બાહાર નીકલ્યાં તેથી પાહાલણજી હીરાભોગી ઘણા ખુશીમાં હતા, તે તક લઈને હીરાંબાઈએ શીરીનની વર્ષગાંઠની નવી સાડી ઉપર કસબી ટીલીની કોર મુકાવાની વાત છેડી. એક સરસ કોરનો નમુનો હમાયજી પાસે હતો માટે હીરાંબાઈએ ચાહ્યું કે આયાને મોદીકાસ્ટલમાં મોકલીને હમાયજી પાસેથી તે કોરનો નમુનો મગાવવો.

"માયજી, માયજી, હું જવું?" શીરીને ઘણી કાકલુદીથી જવા માંગ્યું. "હમાયજીને ત્યાં હું પોતે જઈને તે નમુનો લેતી આવું અને બીજા નમુના જોતી પણ આવું."

"હેં! જોઈ આ દુકતીની ઉલટ?" હીરાભોગી ધમકાવી પડયા. "દીકરા એનો નવાં નવાં કપડાંનો અભખરો? હું ત્યારની વાત થઈ જોવુંછું કે શીરીન નાસતા ઉપર બેઠીછ પણ કાંઈ ખાતી નથી—"

"એની તબીયત ઠીક નથી, પાહાલણજી." હીરાંબાઈએ તેનો બચાવ કીધો. "અમે દુકાનપર ગયાં ત્યારથી એનું માથું દુખેછ."

"અને તોપણ લવજીને ત્યાં કેવી હડબમાં જવા તૈયાર થઈછ?" શીરીનના બાપે તેને દબરાવ્યા કીધી. "નવી સારીની કોર લેવા જતાં જીવ નહી ફરશે?"

"હવે હું સારી પેઠે છું. બાવાજી, મને જવા દેવો." શીરીને કાલાવાલા કીધા.

"એની મતલબ એમ કરીને લવજીની બુચીને જોવાની છે." હીરાંબાઈએ વધાર્યું. "બુચી બચુંને શીરીને જોઈ નથી તે જોવામાં પણ એનો જીવ ભરાઈ રહ્યોછે. જવા દેવો, પાહાલણજી."

પાહાલીશેઠે શીરીનને ગાડી જોતરાવી આપી. તેણે ગાડી ઘણી ઉતાવલે દોડાવા કહી. થોડી મીનીટમાં ગાડી મોદીકાસ્ટલના દરવાજા ઉપર ઉભી.

પ્રકરણ ૩૨ મું.

એકની તાહુડક—બીજીની આગ.

બાડી બાહાર રખાવીને શીરીન ચાબતીજ અંદર ગઈ. નિદાબોર દાસી મેરીઅન ઓટલા ઉપરજ ઉભેલી હતી. તેનાથી શીરીને જાણ્યું કે હમાયજી તો બાહાર ગયલાં હતાં અને બચુંનો જીવ આજે પાછો બીગડી આવેલો હતો માટે તે સુતેલી હતી.

શીરીનને પણ તેવુંજ જોઈતું હતું. હમાયજીનું તો માત્ર બાંહનું હતું અને બચુંની તો માત્ર નામની ખબર પુછી હતી. શીરીન ખરેખર તો એકલા લવજીનેજ મળવા આવી હતી માટે જેવું તેણે જાણ્યું કે લવજી ઘરમાંજ છે, તેવીજ તેણે તેને તેડવા સારૂ મેરીઅનને મોકલી અને પોતે બાંયતલીએના દિવાનખાનામાં બેઠી. મેરીના કેહેવાથી તુર્તજ લવજી ખુશી થતો આવી લાગ્યો.

"લવજી, તમોને તમારાં કામથી રોકવા માટે દલગીર છું." શીરીને વાત ચલાવી.

"ફિકર નહી, શીરીન. બેસ, બેસ," લવજી તેને બેસાડી સામે પોતે બેઠો.

"હું હમાયજીને મળવાનું કહીને આવીછ, પણ ખરેખર તો તમોનેજ મળવા આવીછ."

"એટલું બધું મારૂં શું કામ પડયું, શીરીન?"

"પેલા પેસુનું નામ તમોને યાદ છે, કે જે નામ હુશેનશાહના ખરા ખુની દાખલ મારા દોલીએ કહ્યું હતું?"

"હા. મને યાદ છે. પેસુ લવંગિયો. તેને શું છે?"

"તે પુણે આવ્યોછ."

"કોણ? પેસુ? તે આવ્યોછ?" લવજી અચબુચ ઉલટભર ચોંકી ઉઠયો. "હોય નહી, શીરીન, તે આવવાની છાતી ચલાવે નહી."

"કાં નહી? તેના અપરાધની આપણ સિવાએ કોણને ખબર છે? અને આપણને ખબર છે તેની પણ તેને કયાં ખબર છે? તે આવે તેમાં નવાઈ નથી."

"પણ તેં કેમ જાણ્યું કે તે આવ્યોછ?"

"મેં તેને નજરે નજર દીઠો."

"દીઠો? પણ વારૂં તું ઓળખે કેમ?"

"દોલીએ તેની જેટલી નિશાન આપી હતી તે બધી આબાદ મળીછ, તે અંહીવેર કે પોતાનો વીટીથી ભરેલો હાથ નિદાર ઉપર ફેરવવાની જે ધધાણી દોલીએ કહી હતી તે પણ મળીછ. એટલુંજ નહી પણ વળી છાકટા રામજીને પોતાને મેં 'પેસુ, પેશુ' કરી હાંક મારતાં સાંભળ્યો અને એકેકને ઓળખી તેઓને વાત કરતાં દીઠા. એથી વધારે સાબેતી વળી દીનશાહ ડાકટરથી મળી. તેણે મને કહ્યું કે એનું નામ પેસુ લવંગિયો છે અને ધનજીશાહ ધનાપતિના દીકરા ફલુને ત્યાં તે પરોણો ઉતરેલો છે."

પેસુને કયાં અને કેમ દીઠો તે શીરીન સઘલું માડીને કહી સંભલાવ્યું.

"અરે! ત્યારે તો સતર આના!" લવજી હડખમાં કુદી પડયો. એવો હડખ તે કદાચજ દેખાડતો હતો. પોતાની પ્યારાંમાં પયારી બાયડી આગળ પણ તે કદી એટલો હડખાયો નહી હતો. "લાવની, ધનાપતિને ત્યાં હું આજ ને આજ જઈ એ પેસુને જોઈ આવું. ધનજીશાહ સાથ મને ઘણી દોસતી છે. તેને ઘેર હું અજાણો નથી."

એમાં ઢીલ નહી જોઈએ. શીરીન થોડીજ વાત કરીને ગઈ. લવજી ખુશી થઈ ઉલટભર વાતો કરતો તેને દરવાજાવેર મુકવા ગયો.

તે થોડુંજ જાણતો હતો, શીરીન પણ જાણતી નહી હતી, કે તેઓની આ છુપી મુલાકાત જોનાર એક જણ હતું.

તે બચું હતી. શીરીન લવજીને મળવા આવી તે ચુગલીખોર મેરીઅને જઈને બચુંને કહ્યું. બચુંના જીવને સારૂં નહી છતાં તે માલા ઉપરથી ઉઠીને આ મુલાકાત બીમાઈને જોવા આવી. શીરીન અને લવજી વચેની વાત બચુંને સંભળાતી નહી હતી, પણ લવજીના ખુશાલી અને હડખ ભર્યા ચાલા જોઈને તે વીસ્મય પામતી હતી. જ્યારે લવજી શીરીનને દરવાજાપર મેળવા ગયો ત્યારે બચુંએ બળતાં જીગર સાથ બારીએથી તેને જોયા કીધી હતી અને પછી પોતાના બીછાના ઉપર જઈને પાછી નિરાશ પડી.

દરવાજા ઉપરથી શીરીનની ગાડી ઉપડી જતાંવાર લવજી પાછો ફરેછે તેવામાં બે જણ પછવાડેથી નીકળી આવ્યા અને તેમાંના એકે અચબુચ લવજીનો હાથ પકડયો.

આશ્ચર્ય! તે હાથ પકડનાર કોઈજ નહી પણ જેને લવજી શોધતો હતો, જેને ત્યાં તે હમણા જવાનો હતો તેજ નીકલ્યો!

તે તો ધનજીશાહ ધનાપતિનો દીકરો ફલુજ હતો અને તેની સાથે પેસુ લવંગિયો પણ હતો!!

"મારો દોસત મી૰ પેસતનજી." ફલુએ લવજી સાથ તેની ઓળખાણ કરાવી. "લવજી શેઠ, અમે છુટ લઈયે છીયે તે માફ કરશો, પણ મારા દોસતને તરસ ઘણી લાગીછ. મેહેરબાની કરી ગોટ પાણી પાશો?"

"મોટી ખુશી સાથે. સાહેબ, પધારો મારી ગરીબ ઝુપડીમાં." લવજીને જે જોઇતું હતું તેજ મલ્યું એટલે તેઓને પોતાના ઘરમાં લઈ ગયો. અને પાણીને બદલે તેઓને માટે ખીર ઉએડાવીને તેમને વાતે વલગાવ્યા.

લવજીએ પણ જોયું કે દોલીએ આપેલી, શીરીને સંભારેલી, સઘળી નિશાનો આ પેસુમાં મળતી હતી.

"સાહેબ પુણામાં ઘણી વખત આવ્યા હશો?" લવજીએ આ બેગાના સાથ વાત ચલાવી.

"હું ગઈ કાલેજ આવ્યોજી." પેસુએ જવાબ આપ્યો.

"ત્યારે પુણામાં શું પેહેલવેહેલાજ આવ્યાછો?"

"હં? હં? હાજી." પેસુએ લડડતો જવાબ દીધો.

"આગળ કદી આવેલા નહી?" લવજીએ એજ સવાલની પુઠ પકડી રાખી.

"નહીજી. હું આવ્યો–ધારતો નથી." પેસુ આનાકાનીથી જવાબ દેતો હતો. તેને એ સવાલો ગમ્યા નહી!

ખીરના બે ત્રણ ટંબલરો ઉડાવતાં ફસુ જરા લીંગેલ બન્યો અને પેસુને પણ દારૂ એટલો ચહડયો કે વાતો કરવાની ઉલટપર આવ્યો. પુણામાં કેવી મોજ પડછે તેનો પોતેજ હેવાલ કેહેતાં તે પુણાને સારી પેરે ઓલખતો હોય એમ દેખાયું અને તોપણ લવજી જ્યારે યાદ આપતો ત્યારે તેની સુધ પાછી આવતી અને તે બાહાનુ કાહાડતો કે એ બધી સાંભલેલી વાત કહુંછું.

લવજી તેઓને વાતે મેળીને ઘરમાં પાઘરોજ હમાયજીની વિશ્વાસુ દાસી અમીના પાસે ગયો અને તેને કહ્યું કે "કાંઈ કામને બાહને દિવાનખાનામાં આવી જા અને જે બે ગૃહસથો મળવા આવેલાછે તેઓને સારી પેરે ધ્યાન રાખીને જોજે કે તેઓમાંના એકબી જણને તું ઓલખી શકેછ કે નહી."

અમીના આ હુકમ મુજબ બાઇનો પેગામ કેહેવાને બાહને ત્યાં આવી અને આ પરોણાઓ વાતચીત કરીને લવજીનું ઘર છોડી જવા પછી લવજીએ પુછયું "કેમ અમીના, પેલા ગૃહસથોને તેં ઓલખ્યા કે?" અમીનાએ ના પાડી, ત્યારે લવજીએ પાધરોજ સવાલ કીધો કે "તારા મરનાર બાપ હુશેનશાહનું ખૂન થવા આગમચ તારી બેહેન મરીયમ સાથ દોસતીમાં પડેલો પેલો પેસુ લવંગિયો જેને વિષે તું આગળ એક વાર બોલી હતી તે એ બે જણમાં છે કે નહી?"

અમીનાએ હજી પણ ના પાડી. "એ પેસુને, સાહેબ, મેં આઠ વર્ષપર એકજ વખત દીઠેલો તેને હું કેમ ઓળખી શકું? આ ઘણી તો કાંઈ નહી ઓળખાતો."

આ તો એક નાસિપાસી થઈ.

તે દહાડે લવજીને આફીસમાં જતાં મોડું થયું. આફીસના બારણા ઉપર દૈવયોગે પેલો છાકટ રામજી મળ્યો. લવજીએ તેની સાથ હસીને વાત છેડી અને ગામગપાટા પુછતાં પેસુ લવંગિયાની વાત કાહાડી. "રામજી, આજ ધનાપતિને ત્યાં ઈસકી પરોણો કોણ આવ્યોછે?"

"એ તો પેસુ લવંગિયો!" રામજી બોલી ઉઠયો.

"એ કીયો? હુશેનશાહના ખૂનની વખતે જે હાજર હતો તેજ પેસુ કે?"

"તે હું શું જાણું? લવજી, તમે મને ઘડી ઘડી પકડમાં પકડીને એ વિષે શાનું પુછયા કરોછો?" રામજી હવે ઘબરાઇને લવજીને ગળે પડવા લાગ્યો. "હુશેનશાહને ત્યાં પેસુ લવંગીયો કોણ હતો? હું તો કાંઈ જાણતો નથી. એને તો મેં ધનાપતિને ત્યાં કાલેજ ઓલખ્યો. તેની અગાઉ હું કાંઈ ઓલખતોતો નહી."

રામજીની ઢબછબ ઉપરથી લવજી ચેતી ગયો કે આ પેસુ તેજ છે અને રામજીએ જેમ આગળ ઉડાવ્યું હતું તેમ આજે પાછું ઉડાવેછે.

પોતે પેસુ લવંગિયાની તલાશમાં છે એવો રામજીને કાંઈ શક નહી આવે તેવી રીતે

માડી વાળીને લવજી તેનાથી છુટો પડયો. તેણે સાંજના પાછો ફરતાં ધનાપતિને ત્યાં સેજ ખબર કહડાવી તયારે તેને જણાયું કે પેસુ લવંગિયો તેજ દહાડે બપોરની ત્રેનમાં પુણેથી અચબુચ પાછો ઉપડી ગયો હતો! ધનાપતિને ત્યાંથી કેહેવડાવ્યું કે "તે કાંઈ અગતના કામ સર આવ્યો હતો અને અચબુચ કામ નીકલી આવવાથી પાછો ગયોછે"!!

લવજી સાંજે સકારો પોતાને ઘર ગયો.

પોતાના ભાઈનો છુટકારાને માટે સદાની જાગૃત આતુરતામાં શીરીન પેસુ લવંગીયા વિષે વધારે પરપુછ કરવા મોદીકાસ્ટલના દરવાજા ઉપર તેને મળવા ઉભેલી હતી.

લવજી મળ્યો. તેણે સહવારે શીરીનના જવા પછી શું શું બનયું તે કહી સંભલાવ્યું. પણ તે અચબુચ પુણું છોડી ગયો તે સાંભલી શીરીન ઘણી નિરાશ થઇ ગઈ.

"રખે એ ચેતી જઈને નાઠો હોય!" શીરીને પુછયું.

"કદાચ તેમબી હોય." લવજીએ શક બતાવ્યો. "કદાચ આપણી શોધથી નહી ચેત્યો હોય, પણ અમીનાને મારા ઘરમાં જોઇને તે બીધો હોય, કદાચ રામજીએ મારો શક તેને કેહેવાથી તે બીધો હોય."

"હવે ત્યારે એને પકડાવવાનું શું કરીયે!"

"શીરીન, એને પકડાવવાને હજી વાર છે. હજી પુરાવા વધારે જોઇયે. તે મેલવીશું તેટલાં ધીરજ રાખ."

"ધીરજ રાખ! ધીરજ તે કેટલી?" શીરીન પોતાના ભાઈની યાદમાં ડોબો તાણી રડવા પડી. "મારો મા જણયો ભાઇ પોતાનો આખો ભવ દેશનિકાલપણામાં ડુબાડેછ. ધીરજમાં ને ધીરજમાં તેની પાચ્યા જીંદગી તો વહી ગઇછ અને એમ આખી જીંદગીબી રદ જાય બરી."

લવજીએ શીરીનને પસવારી, પટાવી, તેની આંખ્યો લુછી, ઘણી મમતાથી દિલાસો દઈ પાછી વાલી. શીરીન થંડી પડી.

બચું પોતાના ધણીની વાટ જોતી બારીએ બેઠેલી હતી. તે આ સઘલું જોતી હતી. અને તેણીએ મનમાં શું વિચાર્યું હશે? તેને તો આગ થઈ પડી!

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

અમીનાનું વચન.

પાંચ વર્ષ વહી ગયાં. બચું બચરવાલ થઈ. બુચી-બચું ઉપરાંત તેને બીજાં બે બચ્ચાં થયાં.

બુચી-બચું પોતાની મા-બચુંના સરખીજ પતલી અને સુકાયલી હતી. પાંચ વર્ષની ઉમરમાં તેણે જાજું અંગ લીધું નહી. નાના જાલની સુરતમાં બચુંની તસવીર ગોયા પાછી ચીત્રાઈ હતી. ફરામરોજ પોતાના બાપ ઉપર પડેલો હતો. પેહેલી દીકરી કરતાં પાછલા બે દીકરા વધારે તનદરોસ્ત હતા.

બચું વેતેવેતની આજારી હતી. દર બચ્ચાં વેળા તેની કસુવાવડ થતી. છેલા ફરામરોજના જન્મથી તો તે છેકજ લથડી ગઇ હતી. એકવાર ફરી ડાકટરોએ તેના જીવવાની આશા મેળી, પણ એકવાર ફરી તે જીવતી રહી.

પણ છેલી સુવાવડ પછી બચુંની તબીએત પાછી હાથમાં આવીજ નહી. ડાકટરોએ "ચેંજ" ફરમાવ્યો. ઘણા મહીના સુધી બચું બાહાર જાય નહી અને બહારગામ રેહે નહી ત્યાં સુધી તે સુધરશે નહી પણ થોડ વર્ષમાં મરી જશે, એમ ડાકટરો નકી માનતા હતા. તેઓએ બચુંને બાહાર મોકલવાની લવજીને અતિઘણી હુજતથી તાકીદ કીધી અને લવજીએ તે લાચારીથી કબૂલ રાખ્યું.

ક્યાં મોકલવી? કોઈ પાહાડી 'સાનીટેરીઅમ' જોઇયે. ડાકટરોએ મહાબલેશ્વરની ભલામણ કીધી. પણ તે દૂર પડયું. લવજીએ માથેરાન પસંદ કીધું. તે પુણાની પાસે રેલવેની લાઈન ઉપર હતું, માટે લવજીથી વખતે વખત આવજાવ કરી શકાય એમ હતું. વળી માથેરાનમાં બીખાજી ભરૂચાનાં ધનમાય પોતાના કુટુંબ સાથ ઘણા દહાડા અગાઉનાં જઇને રેહેલાં હતાં, તે પડોશીઓ સાથ બચુંને ઘણું ઘેરવટ હતું અને તેઓ વારેવાર તેને હવા ફેરફાર કરવા સારૂ માથેરાન તેડાવ્યા કરતાં હતાં.

બચું બહારગામ જવા ખુશી નહી હતી. તેનાં ઘણાં કારણોમાંનું એક શીરીન તરફની અદેખાઈ હતી. છેલાં પાંચ વર્ષમાં શીરીન સંબંધી પોતાના વ્હાલા ભર્તાર ઉપર શક લાવવા સરખો એકે બનાવ બચુંએ દીઠો નહી હતો. પણ માંદગીની વાત શી પુછવી? આજારી માણસ વેહેમી થાયછે. "લવજી શીરીનને આગળ ચાહતો હતો કે નહી?"—"હજીબી તેને ચાહેછે કે નહી?" એ વેહેમી સવાલોને બચુના દરદી મગજે તેવાજ વેહેમી જવાબો પુરા પાડયા. શીરીન સામેની અદેખાઈ બચુંના મનમાંથી નીકળી જવાને બદલે વધી.

આ અદેખાઈ તેણે કદી બાહેર દેખાડી નહી હતી. પોતાના વ્હાલા ભર્તારમાં અંત વગરની નેકી, મીઠાસ અને પ્યારના પમરાટ અને પ્રકાશ સિવાએ બીજું કશું તે જોતી નહી હતી અને એકલએ તેનો ભર્તાર ઉપરનો બેહદ પ્યારજ શીરીન સંબંધી તેની અદેખાઈના હેઠાણમાં હતો. પોતાના હૈડાંમાં તેણે ભર્તારનો હાર કીધો હતો અને ભર્તારનાં હૈડાંમાં સઘલી જગ્યા તે એકલીજ લેવા તલપી હતી. તે હૈડાંમાં બીજીને બેહેન તરીકે પણ જરા જગ્યા લેવા દેવાને તે ખુશી નહી હતી, અને એજ વેહેમ તેણીને હવા ફેરફારને માટે જવા સામે આનાકાની કરાવતો હતો.

બચુંને બહારગામ મોકલવાને હમાયજીની પણ ખુશી નહી હતી. તેવણ ડાકટરોને ગાળેગાળ દેતાં હતાં. "મુવાઓને કાંઈ આ-

પડે નહી, કાંઇ વળે નહી ત્યારે કેહે જે હવા ફેરફાર કરવા જાવો." તેવણ વિચાર કેહેતાં "મારી આખી જીંદગીમાં હું કોઈ દહાડે હવા ફેરફાર કરવા ગઈ નથી. બચું સારી થવાની હશે તો માથેરાનમાં સારી થશે ને અંહીબી થશે. એ છોકરી સારીપેઠે ખાલી-પીતી નથી, કામકાજ કરતી નથી, બાકી તેમ કરે તો એક અઠવાડીયાંમાં એ સાજી થાય."

પણ ડાકટરોની ઓહોંસ આગળ અને લવજીના ઠરાવ આગળ હમીલાં હમાયજીનું કાંઇ વલ્યું નહી, તો બચુંનું શું વળે? અંતે બચુંને માથેરાન મોકલવાનું નકી થયું. બચું કબુલ થઈ. હમાયજીએ રજા આપી. લવજીએ તુર્તજ માથેરાનમાં "ચોક" નામના ઊંચાણની સુંદર ટોંચ ઉપર બે મહીનાને ભાડે એક બંગલો લીધો અને બચુંનાં કપડાં તથા બીજો સઘળો સામાન મોકલવાનું શરૂ થયું. ભીખાજી ભરૂચાનાં ધનમાય ઉપર લખી વાલવામાં આવ્યું. તેવણે ઘણી ઉલટથી બચુંના બંગલા તથા સરસામાણની સઘળી મેનીજ કીધી અને ઘણીજ ઇનિતેજારીથી બરાબરીનાં તેડાં મોકાલ્યાં.

અલબતાં બચુંએ એકલી રેહવા જવાનું હતું. હમાયજીએ તો માથેરાન રેહવા જવાને છછનીને ના પાડયું અને લવજીથી પોતાનો ધંધો ચુકીને સાથે રેહેવા જવાય એમ નહી હતું. એ બચુંની આનાકાનીનું બીજું કારણ હતું. પણ ભીખાજી ભરૂચાનાં ધનમાયે બચુંની આગળ ને આગળ રેહવાની પુરતી ધીરજ કેહેવડાવી હતી. વળી બચું બચરવાલ થઇછે અને બચ્ચાં સાથ તેને આગળ કરતાં વધારે સોહાવાઇ જાયછે. તે કોમળ બચ્ચાંની સાથે રેહવાની ઉમેદમાં બચુંને ધીરજ હતી.

પણ માથેરાન જવાની એક દહાડો આગાઉ હમાયજીએ બચુંના બાળકોને પણ મોકલવા સાંમે વાંધો લીધો. બચું પોતાનાં કોમળ નાનાં જીવડાંઓને ખોલા ઉપર બેસાડી માથેરાનની કુદરતી મોજની નવી નવી આશાઓમાં મન મનાવતી હતી તે વેળા હમાયજી ચસમો પેહેરીને બારીએ સીવવા બેઠેલાં હતાં.

"બુચ્ચી, તું મારી સાથે માથેરાનના પહાડપર આવશે કે?" બચું પોતાની વડાંમાં વડી બુચ્ચીને બકી લઇ સમજાવવા લાગી. "મોટા મોટા પહાડ, ને ઝાડ, ને પાણીના ઝરા, ને ઊંડી ખીણ, ને તેમાં લીલોતરી ભરેલાં ઘાસ પાનના મેદાન, ને ઠંડી હવા, ને મીઠું પાણી, સહુ સહુ તાહાડું તાહાડું ને તાજું તાજું ખાવા પીવાનું."

"માયજી, મનેબી લઈ જશો?" જાલ દૂર રમતો હતો તે પોતાની માનાં આ લલચાવનારાં પ્રવાસ વર્ણનથી દોડી આવી માને ગલે વલગતો પુછવા પડયો.

"હા, તુંને લઈ જવરા, ને સાથે આપણા ફલુનેબી લઈ જવાનો જો. ફલુ, મારા બાપ, તુંબી આવશે કેની, મારી આંખોનાં રતન?" તેને ખોળામાં લઇ જાણે કે તે બધું સમજતો હોય તેમ તેને પુછવા લાગી.

"માયજી, માથેરાન કેમ જવાનું? ગાડીમાં કે વહાણમાં?" બુચ્ચી-બચુંએ પુછયું.

"નહી. આગગાડીમાં ને પછી પાલખીમાં હીંચ ખાતાં ને હવા ખાતાં જવાનું. જાલ, તું રડે તો નહી?"

"નહી રડું. હું રમ્યા કરશ. જો માય, હું આવરા?"

બચુએ આ મધુરા પોપટને પોતાની કબુલાત ઉપર એક મીઠી બકીથી મોહર કરી આપી.

હમાયજી મા દીકરાંની આ સરવે મીઠી મોજ ચસમાની બાહારથી ડોલા કકડાવી જોયા કરતાં હતાં તેવણ હવે ઉપડયાં.

"બચું, તું શું છોકરાંને સાથે લઈ જવા માગેછ કે?" હમાયજીએ પુછયું.—"હા, માયજી." બચુંએ જવાબ દીધો. "છોકરાંનો સાથ છે તેથી તો લવજી વગર અને તમારા વગર મેં માથેરાન જવાને કબુલ્યું."—"જાણેરે મારી બલા! હું તો નહી આવું, બચું! મુવા મોટા મોટા પહાડોની અંદર હું તો ઝુરયા કરૂં. તુંને તનદરોસતીને વાસતે ત્યાં જવાની જરૂર છે, પણ મને શી ધાડ ખાયછ કે હું પણ ઘરબાર છોડી, કામકાજ મુકીને જંગલ જીહાન વચે જાવું?"—

"ત્યારે ના આવતાંજી. મને મારાં બચ્ચાં સાથ સોહોવાઈ જશે."—"બચ્ચાં સાથે? નહી નહી, બચું, બચ્ચાંને કાંઇ લઇ જવાય નહી."

"કાં નહી?" બચુંએ ધાસકો ખાઇને નિરાશીથી પુછયું. "મારાં દુધમલ બચ્ચાં મારી સાથે નહી તો ક્યાં રેહ, હમાયજી?"

"નહી. બચ્ચાંને તારી સાથે લઈ જવાનો ડાકટરનો હુકમ નથી."

"હુકમ જોઇતોજ નથી, માતાજી. બચ્ચાંને વાસતે હુકમ શાનો લેવાનો? અને હું નહી કાં લઇ જાવું?"

"ખરચ! ફોકટનો ખરચ!" હમાયજીએ તુર્તજ પોતાનો હંમેશનો હાજર જવાબ આપ્યો. "છોકરાં સાથે એમ દૂરવેર જવાનો ખરચ શું થશે તે જાણેછ? જોની, બાઈ, તારા ખરચે તારો ધણી દુશમેન ધોવાઈ ચાળ્યો. ડાકટરનાંજ બીલ એટલાં થાયછ કે કોઈ ગરીબની તો ખાલ ધસાઈ જાય. મારી તો ખાતરી છે કે હમણા તારે વાસતે જે ખરચ થાયછ તે તારા માટીને ખુવાર કરશે. તેવામાં વળી તું ગાઉને ગાંજરે ગાડું ભરીને છોકરાં ને આયા ને મસાલ ને હમાલ ને ચાકર ને ચાકરડીઓ લઈને જાય એટલે તો પછી લવજી લીમલાહેરના દુશમેનનાં ઘેરબારબી વેચાય ખરાં."

બચું શું જવાબ દેય? પોતાના ધણીના ફાયદાને માટે તે જીવ આપવાને ખુશી તે આવી તકરારની સામે કેમ થઈ શકે? તે નાચારીથી ચૂપ બેઠી.

પણ હમાયજીની તકરાર એટલીજ નહી હતી. "વળી બચું તું બીજો વિચાર કર" તેવણે તેને ચુપ જોઇ વાત આગળ ચલાવી "કે તું માંથેરાન તનદરોસતીની ખાતર જાયછ ત્યાં બચ્ચાંનો કંટાલો તુને નહી જોઇયે. લોકો બાહાર બરવાસ જાયછ તે લોહી પાણી લેવા જાયછ, બાલવા નહી. પણ તું બચ્ચાંને સાથે લઈ જઇ તારૂં લોહી પાણી અમસથું બાલવા નીકલીછ. ઘરની જંજાલથી તુને દૂર મોકલવાની તો ડાકટરોની મતલબ છે. જ્યારે બચ્ચાંની વેઠ સાથે રાખીને તું ઘેરની જંજાલને પાસેની પાસેજ રાખે તો તનદરોસતી કેમ સુધરશે?"

બચુંએ પોતાના નાના ફરામરોજને પોતાની છાતીએ દાબ્યો અને પોતાના સુંદર જાલને પોતાની ગોદમાં લીધો. તેજ વેળા બુચી-બચું આવી તેના પાસાંમાં ભરાઈ. તે દેખાવથીજ તેની છાતી પીગલી ગઇ તથા જે પોતાનાં એટલાં બધાં વ્હાલાં બાળક તેમને મુકી જવાના ખ્યાલથી બચુંનો ડીબો ભરાઈ આવ્યો અને તે ડસકાં ખાતી ખાતી બોલી કે "હમાયજી, માતાજી, તમોને પગે પડીને માગી લઉંછ કે આ કુમલા રોપાઓને મારીથી જુદા પાડો ના. ઓ! હું એમના વગર ઝુરી મરીશ. મારાં છોકરાંમાં મારો જીવ ભરાઈ રહેશે અને હું એકલી પડીશ તો મુદલ સાજી થઇશ નહી."

"એકલી પડશે? કાં! ભીખા ભરૂચાનાં ધનમાય છે. વળી તારો લવજી તારી સાથે આવશે."

"તેવણ સાથે આવશે, પણ મારી સાથે રેહેવાના નથી."

"કેમ રેહ? તું શું લવજીનેબી તારી સાથે રાખવા ચાહેછ કે? ને પછી? તેના દુશમનનો ધંધો જાય ઝાનમમાં કે? આટલા બધા મોટા ખરચ સાથે તું વળી તેની આવકબી બંધ પાડ કે પછી પુરા બાર વાગે."

બચું મનમાં ને મનમાં બળીને ચૂપ બેઠી.

લવજી આફીસમાંથી આવતાંનીવાર પેહેલાં તો દાસી અમીનાથીજ તેણે જાણ્યું કે "બાઈ બચ્ચાંને સાથે લઈ જવા ચાહેછે."—"અલબત, લઇ, જવાનાંજ તો." લવજીએ રોકડો જવાબ દીધો અને પોતાના શોભિતા જાલને પોતાની પોહોલી ખાંધ ઉપર નચાવતો કુદાવતો માળા ઉપર બચુંની પાસે પોતેજ પુછતો ગયો કે "બચું, તું છોકરાંઓને માંથેરાન લઈ જાયછ કે?"—"હા, મારા લવ," બચુંએ ઘણી આજીજીથી અરજ કીધી. "અરે! છોકરાંને મોકલો તો મોટી મેહેરબાની."—"અલબત

મોકલવાનાં, બચું. એમાં પુછવાનું શાનું? એ બિચારાંઓનેખી મજેનો 'મેજ' થશે."

"પણ ખરચની ધાસતી લાગેછ, લવ." બચુંએ હમાયજીની સુચવેલી ચિંતા પોતાની તરફથી કહી જણાવી.

"છટ, છટ, બચું, તું ખરચની વાત શી કરેછ?" લવજીએ તેને હસી કાહાડી. "શું મોટો ખરચ થઈ જવાનો છે? એ વિચાર કરવાનું કામ, બચું, તારૂં નથી, મારૂં છે."

"ઓ! મારા વ્હાલા ધણી, તમે મને નવો જીવ આપ્યોછ." તે લવજીને ગળે વળગીને બોલી. "બચ્ચાંની પડોશથી હું જલદી સાજી થઈશ અને તેથી બચ્ચાં લઈ જવાથી જે વધારે ખરચ થશે તેનો બદલો વળી રેહેશે."

"બદલો શું? બચું, તું સાજી થાય તો હું જીવતો થયો એમ સમજીશ. તું તારૂં સુખ થાય તેમ કર. બીજી વાત નહી."

આ ઘડીએ બચુંને લાગ્યું કે લવજી સરખો માયાલુ, દીલોજાન, દીલકસ ધણી જગતમાં કોઈ નહી હશે. આ વિચારમાં બચું કેવી સુખી થઈ.

પણ હમાયજીએ આવીને સઘળું ઉંધું વાળ્યું. જો બચ્ચાંને સાથે મોકલ્યાં તો તેમની જંજાલથી બચું સાજી થવાની નથી. એ તકરાર બચુંના પોતાના ફાયદાની હતી તેથી લવજી ઉપર અસર થઈ. "તમારે ગમે તો ડાકટરને પુછી જુવો." હમાયજીએ સુચવ્યું. ડાકટરોનું મત હમાયજીની તરફેણ ઉતર્યું. તેઓએ સલાહ આપી કે "બચુંબાઈનો મનને નિરાંત અને આસાએસ જોઇયછ, માટે બચ્ચાંની વેઠ સાથે રાખ્યાથી તેનું મન ઉસકેરાયલું રેહશે અને તે તો માથેરાન ગયલીબી સરખી અને નહી ગયલીબી સરખીજ ગણાશે."

હવે બચુંનું શું ચાલે? લવજીએ તેને ઘણાજ પ્યારથી ધીરજ આપીને એકલી જવા સમજાવી અને કબુલાવી.

બચુંને તે રાત્રે બરાબર ઉંઘ નહી આવી. તે રડમસ થઈ. સહવારે ઉઠતાંનેવાર તેણે અમીનાને પોતાની પાસે તેડી પોતાનાં બચ્ચાંનો હવાલો આપ્યો.

"અમીના, મારી વિશ્વાસુ દાસી," તે બોલી "હું માથેરાન મારી સાથે તુંને લઈ જવાની હતી, પણ મારો વિચાર ફર્યોછે. છોકરાંને હું લઈ જતે તો તુંને લઈ જતે, પણ છોકરાંને અંહી રાખવાનાં છે વાસતે તુંને પણ છોકરાંની સાથે અંહી રેહેવું પડશે. તું સિવાએ બીજાં કોઈને હું મારાં છોકરાં ઘીરી શકતી નથી."

"જેવો બાઈનો હુકમ." તાબેદાર અમીના બોલી. "હું ચાહતી હતી કે તમારી જતન કરૂં ને છોકરાંની પણ ચાકરી કરૂં, પણ જ્યારે બેહુ કામ નહી બને ત્યારે નાચાર. એકપર સબુરી પકડીશું."

"અમીના, હું સાજી થવા જાવુંછ," બચું આંખમાં આંજુ સાથ બોલી "પણ કદાચ સાજી નહી થાવું, મરી પણ જાવું!"

"અરે બાઈ! બાઈ! શું ચેડાં કાહાડોછ!" અમીના તેને રડતી જોઈ ગભરાઇ ગઈ.

"પણ જો હું પાછી નહી ફરૂં, જો કદાચ હું મરી જાવું તો, અમીના, તું મારાં છોકરાંની સાથેની સાથે રેહશે કે?"

"બાઇ, ખોદા તમોને સલામત રાખે!" અમીનાના દીલમાં આ દયાળુ વચનોથી કંપારા છુટતા હતા તે ખમીને બોલી. "બાઈ, તમે શું કામ નિરાશ થાવોછ? તમે તો સાજાં થવાનાં ને હસતાં રમતાં અમોને પાછાં આવી મળવાનાં."

"ખોદા કરેને તારી દુવા ખરી પડે, અમીના. પણ કદાચ નહીબી સાજી થાવું. મારી માંદગી ઘણી ખરાબ છે. વાસતે અમીના, મને વચન આપ."

"બાઈ, શું વચન માગોછો?"

"તું વચન આપ કે જો હું પાછી નહી ફરૂં તો તું મારાં બચ્ચાંની સાથે રેહશે."

"કબુલ છું, બાઇ. તમારાં બચ્ચાંઓને મારા જીવની પેરે જાલવીશ અને હું જીવતી રહીશ ને આ ઘરમાં રેહેવાની મારી

સરજત હશે ત્યાં સુધી હું એ બચ્ચાંને નહી છોડીશ.”

“તું એ નમાયાં બચ્ચાં ઉપર પ્યાર કરજે. એઓ ઉપર માયા રાખજે. એઓને કોઈના મેહણા ટપલા સાંભળવા દેતી ના. મારાં બચ્ચાંને કોઈને બુરૂં બોલવા દેતી ના. અને કોઈ કોઇ વખતે તેઓની એક વખતની જે માતા હતી તેમના યાદ આપજે.”

અમીનાએ ગુડણપર પડી, શપથ લઈ બચુંના માગ્યા પ્રમાણે કોળ આપ્યો, અને પછી પોતાનું મોહડું ધોતાં ધોતાં સારીપેઠે રડીને પોતાની છાતી ખલાસ કરવાથી બચું પોતાનું દુખ વિસારી જઈ પોતાના ખાવિંદના ઓરડામાં માથેરાન જવા માટે તૈયાર જઈ ઉભી.

પ્રકરણ—૨ જું.

વર વહુની શિખામણો વચે નડતા બનાવો.

માથેરાનમાં લવજી બચુંને મેળવા ગયો અને ચાર દહાડા સાથે રહ્યો. નોકર નફરો સઘલા આગમચથી ગયા હતા. બચુંની સુખાકારી તથા મોજની એકે વસતુ લવજીએ બાકી રાખી નહી હતી, તે અંહી સુધી કે માથેરાનમાં ભાડે ફરતા ટાંજા (ખુરસી રેકી પાલખી) ને બદલે લવજીએ પોતે બચુંને બેસી ફરવા માટે એક સુંદર બગીરેકી પાલખી પણ મોકલાવી હતી. પાહાડ ચહડવા આગમચ રેલવે સ્ટેશન ઉપર એ પાલખી બચુંને લેવા આવી હતી તથા તે ઉપરાંત લવજીએ પુણેથી પોતાનાં ખાશ બે ઘાટી ટટુ પણ ખરીદીને આગમચથી મોકલ્યાં હતાં. તેમાંના એક ઉપર લવજી સવાર થઈ બચુંની પાલખીની સાથેનો સાથે રહ્યો હતો.

બચું હસતી અને ખુશી હતી. તે પોતાનું દુઃખ અને ગમ ભુલી ગઈ હતી. પોતાના હમેશના હેતાલુ ભર્તારની સોડમાં તે સદા સુખી હતી. પાહાડ ચહડતાં ત્રણ કલાક લાગ્યા અને તેટલાંમાંજ તેની તબીયતમાં ફેર પડી ગયો. તે પુણેથી ઉપડી ત્યારે અતરંગ બેસવાને અશક્ત હતી, પણ પાહાડને મથાલે દસતુરીની ચોકી વલાવતાંમાં તો તેણીએ જરા ચાલવાનું મન કીધું અને તે ધીમે ધીમે અડધો માઈલ સુધી પગે ચાલીને ગઈ.

બચુંનો બંગલો મોટો અને સગવડ ભરેલો હતો. લવજી પોતે વખતે વખત આવીને રેહવાનો હતો એટલે ભીખાજી ભરૂચાનાં ધનમાય સાથ રેહવાનું તો ઠીક નહી પડત. પણ તેવણને બંગલે પોંહોંચ્યા પછી બચું અને લવજી બંનેએ ઘણી નાસિપાસી સાથ જાણ્યું કે ધનમાય, જેવણની આશા ઉપર બચુંએ માથેરાનમાં એકલી રેહેવાની હીમત કીધી હતી અને જે દયાલુ પડોસણે બચુંના સુખને માટે સગવડો કરવાને આટલી રંજ લીધી હતી, તેવણને પોતાને તેજ દહાડે માથેરાન છોડીને વલસાડ તરફ જવું પડયું હતું. તેજ દહાડે ધનમાયની એક બેહેન વલસાડમાં અચબુચ ગુજરી જવાનો તેવણ ઉપર તાર આવ્યો અને તેવાગુને મોહડે પડવાને બની આવે એટલા માટે રવાનને ધોબાવવાની તેમાં ખબર આપેલી હતી. માટે ધનમાયે તુર્ત ઉપડી જવા સારૂ એક ટ્રેન હાથમાં હતી, તેમાં તેવણ ઘણાં દુઃખ અને નાસિપાસી સાથ સવાર થઇ ગયાં. પોતા ઉપર વીતેલા એ માઠા બનાવની ખબરની બે ચાર લીટીઓ માત્ર બચુંને માટે રાખી જવા સિવાએ બીજુ કશું પણ કામ કરવાને વખત રહ્યો નહી હતો.

મુહુર્તમાંજ આ અપશુકન ભરેલી નાસિપાસી મોટી નીપજી, પણ ઉપાય કાંઈ

નહી હતો. હવે અંહીવેર આવ્યાં ત્યારે તો જેમ તેમ મન મનાવીને રેહવું જોઇયે અને તે પ્રમાણે મન મનાવીને ખુશી રેહેતાં બચુંને લવજીની હાજરીથી મુશકેલ લાગ્યું નહી. ત્રણ દહાડા કેમ નીકલી ગયા તે માલમ પણ પડયું નહી.

શીતલ પહાડી હવામાં બચુંને પેહેલેજ દહાડે મીઠી ઉંઘ આવી અને સહવારે ઉઠી ત્યારે તે સુંદરીના સુંદર ચેહેરા ઉપર કાંઈ અજાયબ સરખી સુરખી નજરે પડી. બચું તેજ સહવારે પોતાના ખાવિંદ સાથ હુજત કરીને બંગલાની બહાર ગઈ. પોતે પાલખીમાં ગઈ અને લવજી ચાલતો રહ્યો, પણ સાંજે તો બચુંએ જરા લાંબે જવાની ખુશી બતાવી માટે "ચોક પાઈંટ"નો ઊંચો ચકરાવો લવજીએ ટટુસવાર થઇને પોતાની માહબુબને દેખડાવ્યો. ત્રીજે દહાડે તો બચું જરા ચાલતી ફરવા ગઈ અને લવજી જ્યારે પાછો પુણે જવા નીકલ્યો ત્યારે તો તે એટલી સારીપેઠે હતી કે પોતે પણ ટટુ ઉપર બેસીને માથેરાનનાં મોટાં બજાર સુધી ધીરે ધીરે લવજીને મુકવા ગઈ.

માથેરાનના પહાડી રેહેઠાણમાં જો તમે તમારા બંગલામાં બેસી રહો તો મીઠી, ઠંડી હવાની ખુદરતી તાજગી ભોગવવાનું તમોને મળેછે ખરૂં. પણ એ પહાડ ઉપર અને તેની આસપાસના વીસતીર્ણ વગડામાં ખુદરતે એકાંત પહાડોની વચે જે દરામણા દબદબામાં જોવા લાયક લીલા કરીછે તે લીલાની આંખને તાહાડક આપનારી લીલોતરી અને રચના જોવા માટે તમારે બંગલાની બાહાર નીકળીને જેને "પાઈંટ" અથવા ટોચ કેહેછે ત્યાં જવું જોઇયેછે. પણ એ "પાઈંટો" એકેકથી એટલી દુર છે કે એક દહાડામાં સઘલી જોવાઈ શકાતી નથી, માટે તે "પાઈંટો" ઉપર જવા સારૂ આજારીને માટે પાલખી અને સાજાંને માટે ટટવાં જરૂરનાં થઈ પડેછે.

લવજીએ માથેરાનમાં બચુંને માટે પાલખી ઉપરાંત પોતાનાં ખાશ ટટુઓ રેહવા દીધાં હતાં. પણ બચુંથી છુટા પડતી વેળા તેને જે જે શિખામણો દીધી તેમાં એક બનતાં સુધી ઘોડસવારીને બદલે પાલખીમાં અથવા ઘણું તો પગે ચાલતી જવાની હતી.

બચુંને તેના બાપ મરનાર મુગામોદીએ બચપણથીજ પુણામાં ઘોડસવારીની કશરત શીખવી હતી. પણ બચુંને અગત કરીને બચ્ચાં થયા પછી ઘોડસવારીનો માહાવરો નહી હતો. વળી તેની તબીઅતને તુર્ત વેળા ઘોડસવારી માફક આવે એવી નહી હતી. અને આ પહાડી ખીણો અને કઠણોમાં એવી હુલરાઈ કરવા જોગ નહી હતી. તેણે જેમ બને તેમ એકાંત આરાએશ લેવી તથા શરીરને થાકવવું નહી એ તેના ભર્તારની શિખામણ હતી.

જે બીજી શિખામણથી તે બચુંને સાવચેત રાખી ગયો તે એ હતી કે માથેરાનમાં ઘણી વાર મોજીલા અને પીલીયા લોકો મોજને માટે ઉતરી પડેછે; અંહીની વસતી કોઇવાર તદન પચરંગી ને બેઢંગી થઈ જાયછે; જાતજાતના લોકો અનેક તરાહની મતલબેસર આવેછે. અંહી સારાં માણસો આવેછે અને લુચાઓ પણ આવેછે. આ સઘલી ચેતવણીનો સાર શું તે લવજીએ બચુંને મોહડે ચહડીને કહ્યો નહી પણ તે સમજી જાય એમ રાખ્યો. બચું તે સમજ્યા વીના રહી નહી. તેણે કબુલાત આપી કે "લવજી, તમારી ગેરહાજરીમાં હું જાજી બહાર જઇશ નહી અને જઇશ તો કોણ સાથ ઓળખાણ પાડવી તે વિષે ઘણી સંભાળ રાખીશ."

"એ વિષે મને તારી કશી કબુલાત જોઇતી નથી, વ્હાલી બચું." લવજીએ તેને ભરૂસો આપ્યો. "હું તો માત્ર અંહીની એક સાધારણ રીત તને કહુંછ, બાકી તારાં પોતાનાં સદાચરણ જે તારો સરસમાં સરસ શણગાર છે તે ઉપર મારો પુરેપુરો વિશ્વાસ છે તેથીજ હું તુને અંહી એકલી મુકી જાવુંછ."

"બેફિકર રેહજો, મારા લવ. તમારી બધી શિખામણ મારે માથે ચહડાવુંછ." બ-

ચુંએ તેને ખાતરી આપી. 'પણ લવજી, છુટા પડતી વખતની મારીખી એક શિખામણ સાંભળો."

"તારી શી શખામણ છે, બચું?"

"જેમ હું આંહી એકલી પડીશ તેમ તમે પણ પુણામાં એકલા પડશો."

"હા. પણ મારે શું બીહીવાનું છે?"

"વાસતે જેમ હું સંભાળીને ચાલીશ તેમ તમે પણ સંભાળજો."

"એટલે? મને કાંઈ તનદરોસતીની ફિકર નથી. હું તો હરતે ખપતો છું. કદાચ બને તો મારી તનદરોસતી થોડી તુને આપું?"

"હું તમારી તનદરોસતીની ચિંતા નથી કરતી, લવજી."

"ત્યારે શું તું છોકરાં વિષે બોલેછ? તારી ગેરહાજરીમાં મારૂં સઘળું મન છોકરાંમાંજ રોકાયલું રેહશે."

"એટલુંજ નહી, મારા લવ, પણ પેલી શીરીનથી પણ સંભાલ લેજો. તેનાં નખરાંની જાલમાં ફસતા ના."

આ વાત સઘળી લવજીને વળાવા જતાં જતાં હસવા બોલવાની ખુશ મશ્કરીમાં ચાલતી હતી, માટે લવજીએ માત્ર તે એક રમુજનો ટાહુકો સમજીને હસી કહાડી અને ત્રેનનો વખત થઈ ગયો હતો માટે હવે પોતાનો ઘોડો હાંકીને દોડાવી ગયો.

પણ બચું તો ગંભીર હતી. તે પોતાના લવજીને બજાર સુધી વળાવીને પોતાને બંગલે પાછી ફરી. થોડીવાર સુધી તો તેને એકાંત અને નવરૂં લાગ્યાથી તે બેચેન અને દલગીર રહી. પણ ખરેખર તે એકલી નહી હતી. તેના બંગલામાં લવજીએ એટલાબધા નોકર નફરો, દાસીઓ તથા ચાકરડીઓ રાખ્યાં હતાં કે બંગલામાં એક નાની જેવી વસતીવારી થઇ પડી હતી.

થોડા વખતમાં બચુંનું મન રોકાઈ ગયું. પડોશના બંગલાવાળા એક પારસી કુટુંબનાં બચ્ચાં છોકરાં તેને મળવા આવ્યાં. તેઓ સાથ બચું ઘણી પલોટાઈ ગઈ. ઘણી વાર તેઓની સાથેજ તે ફરવા જતી હતી. ફરવા લાયક જગ્યાઓની તેઓ તેને ઈધાણી આપતાં ઇયા તેને તે જગ્યાઓ બતાવવા આવતાં અને એ રીતે બચું માથેરાનમાં એકલી હતી એમ ભુલી ગઈ.

આહા! આપણા લોકોની હાલતમાં કેટલો બધો ફેરફાર થઇ ગયોછે તેનો જ્યારે વિચાર કરીયે છીયે ત્યારે કેવી અચરતી ઉપજેછે? પારસીનાં બૈરાં માથેરાનમાં એકાંત જંગલી પહાડોમાં એકલાં રેહ એમ કોણ જાણતું હતું? પણ આપણી સંસારી હાલત સુધરતી ચાલીછે અને તેનું આ પરિણામ છે.

પણ એ સુધરતી હાલતમાં આપણે કેટલું સંભાલવાનું છે? લવજી બચુંને માથેરાનમાં એકલી મુકીને ગયોછે, તેને બદલે કોઇ વડાં માણસને સાથે રાખ્યું હોત તો શું બેહેતર નહી થાત? અલબતાં બચુંને એકલી રાખવાની લવજીને ફરજ પડીછે. તેના વકીલના ધંધામાં તેણે કામ એવું માથે લીધુંછે કે જે કામ છોડીને તેનાથી બહાર જવાતું નથી. વળી બચું એકલી પડી તેનું મુખ્ય કારણ ભીખાજી ભરૂચાનાં ધનમાયથી જે નાસિપાસી નીપજી તેમાં છે. ધમમાયની હીમતપર લવજી તેને લાવ્યો હતો, અને ધનમાયને અચબુચ જતું રેહેવું પડયુંછે તથીજ બચું વધારે એકલી પડીછે.

પુણે જવા પછી બચુંની સાથે રેહવા સારૂ લવજીએ હમાયજીને ઘણાં સમજાવ્યાં. પણ તેવણે સાફ ના પાડી અને સમજ્યાં નહી. પણ જેવી કામથી અવકાશ ઇયા છુટી મળે તેવોજ લવજી માથેરાન દોડી જતો હતો અને એ રીતે બચુંની તબીયતનો સુધારો તથા માવજત પોતે જાતે તપાસવા સારૂ તે વખતે વખત હાજર થવાને ચુકતો નહી હતો.

બચુંની તબીયતમાં અજાયબ જેવો ફેર પડી ગયો. આઠ દહાડામાં તો તે તદન તનદરોસત અને જોરાવર થઇ. બીજા પખવાડયામાં તે પોતાના ભર્તારની સાથે "પાનોરામા" અને "લુઇસા" સરખી દુરની "પાઈંટો" એક બે વાર ઘોડસવાર થઈ જોઈ આવી.

સારીપેઠે કુવત આવવા પછી બચુંએ દર-રોજ સાંજે ચાલતી ફરવા જવાનો ધારો રાખ્યો. લવજી હોય ત્યારે તેની સાથે અને નહી તો માત્ર પોતાની દાસી મેરીઅન અથવા કોઈ એક માણસને સાથે રાખી પોતે બે ત્રણ અથવા ચાર માઈલ સુધી ચાલવાની કશરત લેતી. આ કશરતથી તેને ઘણોજ ફાયદો થયો. તેની ઊંઘ, ભુખ અને બીજી સરવે શક્તિમાં સુધારો થયો.

એક સાંજે "ચીનાના બાગ"ની પાસેના બંદ ઉપરથી બચું એકલી "ઍંકો પાઈંટ" ઉપર જવાની ઊંચી પણ સાંકડી ચહડણ ઉપર પગે ચહડતી જતી હતી તેવાંમાં ત્યાંની ગીચ ઝાડીમાંથી "વાઘ! વાઘ!" એવી માણસોની જોરાવર બૂમ અને ચીસ તેના કાન ઉપર પડી અને હજી તો બચું ઘભરાતથી પાછી ફરી જુવેછે તેટલામાં બંદ-ઉપર પાણી પીવા આવેલી ગાયોનું એક ગભરાયલું ગોવાલું ઉભી પુછડીએ નાસ ભાગ કરતું ધસારાબંધ આવી લાગ્યું. પછવાડેની એક ઊંડી, નીચી ખાણીમાં આ ગાયોના ગોવાલને એક વાઘ નજરે પડયો અને ફકત તેનો સુંઘાર મળતાંજ તે ગાયો છેડાઈને નાસવા પડેલી આ ઠેકાણે આવી હતી. વાઘ તો નીચે હતો, તે ઉપર આવવાનો કશો સંભવ નહી હતો. બચું તે જગ્યાથી ઘણી દુર હતી. પણ ગાયના રખેવાળ ગોવાલા ઘાટીઓએ અમસથો ઘભરાટ કરી મુકયો હતો.

વાઘની બૂમથી બચું બીહીને લગભગ બેભાણ થઈ હતી, તેવામાં ગાયો નાશી આવવાના પગલાંનાં અવાજથી બચું બરે-બર વાઘ આવતો સમજી ગાય આવી પુગે તેટલામાં તો બિચારીની સુધ બુધ ગૂમ થઈ હતી. પણ ઘભરાટમાં નાસતાં એક ગાયનો સેજ આચકો લાગ્યાથી પાસે એક ખીણની કોર ઉપર તે ટુટી પડી અને જોકે પછવાડે ઊંડી ખાણી હતી, તોપણ વચમાં બીજી એટલીબધી જગ્યા હતી કે ખીણમાં ગબડી જવાનો ભય કશો નહી હતો, પણ ચકભમ થઇ બેશુધ પડતાં બચુંને એવુંજ લાગ્યું કે તેને વાઘે તરાપ મારી અને તે વાઘની સાથે ખીણમાં ગબડી ગઈ!

બચુંની સાથે તેનો ચાકર પેસતન હતો, તે બંદ ઉપર પાણી પીવા પછવાડે રહી ગયો હતો. તે આ ભય ભરેલા ઘભરાટના અ-જાણપણામાં સરેસતા પ્રમાણે ધીમે ધીમે પછવાડેથી થોડી મીનીટમાં આવી લાગ્યો. તે આવીને ભારી ઘભરાટ વચે જોયછે તો તેની બાઈ પહાડની કઢણે બેશુધ પડેલીછે અને તેટલાંમાં વળી એક અજાણો ઈંગ્રેજ બચુંની મદદે આવી લાગેલોછે. તે ઘોડા ઉપર બેસીને એજ વખતે સવારી કરી જતો હતો. તે બચુંને બેશુધ પડી જતી જોઈ તુર્તજ ઘોડા ઉપરથી ઉતરીને તેની આગળ દોડી આવ્યો અને તે બચુંની પાસે વાંકો વળી પુછવા જાયછે તેટલામાં પેસતન પણ આવી લાગ્યો.

પેસતને અચરતીથી જોયું કે આ ઈંગ્રેજે બચુંને તુર્ત ઓલખી કહાડી અને તેને બચુંના નામથી તે બોલાવવા લાગ્યો. પણ જરાવારમાં વળી પેસતને જોયું કે તે ગુજરાતી બોલતો હતો અને તે કોઈ ઈંગ્રેજ નહી પણ ઈંગ્રેજી લેબાસમાં પારસી હતો. પેસતન તેને ઓલખતો નહી હતો પણ તેની વાત ઉપરથી પેસતને જાણ્યું કે તે બચુંનો કોઇ ઓલખીતો હતો.

એ તો દીનમાયનો જમસુ હતો. બચુંની રતનકાકીનો તેજ ઉછાછલો, ધસકી મોજીલો, બલકે લુચ્ચો પીતરાઈ, કે જેની સાથ બચુંને આગળ ઓળખાણ પડેલી હતી, જેણે બચુંની બેહેસતન માનું આપેલું પેલું મતરેલું માદરીયું ભાંગી નાખ્યું હતું, જેના તરફ બચું એકવાર ભોળવાઈને ખેંચાતી જતી હતી, પણ જેના ઉપરનો ખ્યાલ બચુંનાં લગ્ન લવજી સાથ અચબુચ થવાથી બંધ પડયો હતો, જેની લુચાઈઓથી નાદાન બચું અજાણી હતી, પણ જેની સામે બચુંના આકલા સ્વભાવના કાકા જાહાંગીરશાહે બચુંને ખૂબ ચેતવણીઓ આપી હતી, તે અને તેજ જમસુ આ બારીક વખતે બચુંની મદદે આવી લાગ્યો.

બચું લગભગ તેના સહાય થતા હાથમાં પાછી શુદ્ધિ પામી. જમસુએ દોડી જઈને પાણી લાવી છાંટયું તથા પેસતને પવન ઢુલાવ્યો અને એ રીતે થોડીજ મીનીટમાં બચું પાછી હોશ્યાર થઈ. "વાઘ ! વાઘ ! મને મારી નાખેછ !" એ બોલ બોલતી તે જાગી ઉઠી, પણ જમસુએ તથા પેસતને બેહુએ હીમત આપી કે "બાઈ, બીહો ના, કાંઈ નથી, વાઘ બાઘ કોઈ નથી."

પેસતનને જોઈને બચુંને ધીરજ આવી, પણ જમસુથી તે ખુશી અને અચરત બેહુ થઈ, અને એટલાજ માટે કે જમસુ આફતની વેળા તેને એક ખરા જીવાડનારની પેઠે કામ લાગ્યો.

બચુંને ફક્ત બીહીક પેઠા સીવાએ વધારે કસી ઈજા થઈ નહી હતી. તેને કશું વાગ્યું નહી હતું. ઘાસ અને નાનાં ઝાડોથી તેનો બચાવ થયો હતો. પછવાડેથી બચુંની ખાતરી થઈ કે તેને વાઘનો નહી પણ માત્ર ગાયનો આચકો લાગ્યો હતો. તે ઠંડું પાણી પીને હોશ્યાર થઈ અને તુર્તજ પોતાને ઘર જવા ચાહ્યું. જમસુએ તેની બીજમતમાં પોતાનો ઘોડો આપવા કહ્યો, પણ પેસતને પોતાની બાઇને પાલખીમાં લઈ જવાની ઓહોંસ કીધી. બચુંનો બંગલો જાજો દૂર નહી હતો, માટે પેસતન લાગલોજ પાલખી લાવવા દોડયો, તેટલાંમાં જમસુએ પોતાના ઘોડાની ઓગીર તથા ગાદી કહાડી આપીને તે ઉપર બચુંને એક પથરના ઢગ આગળ ટેકી બેસાડી.

પ્રકરણ ૩ જું.

વાઘ કે નાગ ?

પાલખી આવે તેટલાં બચુંને ઘણી ધીરજ ઉપજી અને તે જમસુનો બહુ બહુ ઉપકાર માનવા લાગી. "ભાઈ જમસુ, તમોને મારા બચાવને માટે ખોદાએજ મોકલ્યા! તમારો પાડ હું કેમ વાલીશ ? કેવી આફતની વખતે તમે મને મદદ લાગ્યા? તમે જો આ વખતે આવી નહી લાગતે તો મારૂં શું થતે? મને કોણ કામ લાગતે? ખરેખર તમે મને મુવેલી બચાવ્યા સરખું હેશાન કીધુંછ."

"બચુંબાઈ, એ શું બકોછ? એટલું બધું શું હેરાન કીધું? વાતમાં શો દમ છે?" જમસુ ઉપકાર ના પાડતાં હવે વધારે વાત ઉપર આવ્યો. "પણ, બાઈ, હું અજબ થાવુંછ કે તમે અંહી કેમ ? અને વળી એકલાં કેમ ?"

બચુંએ આ મુસાફરીને જન્મ આપનારી પોતાની લાંબી, ભયભરેલી, દુખદાયક માંદગીનો સઘળો હેવાલ કહ્યો. અને તેટલાંમાં તો પેસતન પાલખી લઈ આવ્યો. તે પાલખી ઊઘાડી બગીરાફી હતી અને બચુંએ તે આસતે ચલાવવાનો હુકમ કીધો એટલે તે સામીસાંજની શીતલ હવા ઘોરતી ચાલી અને જમસુ પોતાના ઘોડા ઉપર તેની બાજુએ ચાલવા લાગ્યો. જે મિશાલે લવજી બચુંની સોડે ચાલતો હતો તેમ આજે જમસુએ લવજીની જગ્યા રાખી !

એ પ્રમાણે તેઓ વાત કરતાં ચાલ્યાં. પેસતન પછવાડે હતો અને વાત ઘણીખરી ઈંગ્રેજીમાં ચાલતી હતી એટલે પેસતનને તે સંભળાતી નહી હતી અને સમજાતી પણ નહી હતી. બચુંએ ઈંગ્રેજીની ઘણી પુખ્ત કેળવણી લીધી હતી. તે ઈંગ્રેજી વાતચીતમાં ઘણીજ કુશલ હતી.

જમસુની વાત ઈંગ્રેજીમાંજ ચલાવવા જેવી હતી. તે જમસુની પોતાની કરજદારીની વાત હતી એટલે તે આ માણસોએ નહી સાંભળવા જેવી હતી. બચુંએ પોતાનું માથેરાન આવવાનું કારણ કેહેવા પછી જમસુને અંહી આવવાનું કારણ પુછયું. પણ એ ખરચાલો જવાન પોતાના માગનારાઓથી નાસતો ફરતો હતો, તેથી તે ઈંગ્રેજના છુ-

પા લેબાશમાં ફરતો હતો—એ સઘળું તેણે બચું આગળ કબૂલ કરવાનું હતું અને તેથી ઈંગ્રેજીનીજ "ગેટપીટ" કરવામાં તેની મતલબ હતી. તે બોલ્યો કે "હું અંહી તનદરોસતીને ખાતર આવ્યોછ અને વળી એક ધુર્તનીજ નીકલેલી 'ડીકરી' પણ અંહી આવ્યાથી ઉડાવી શકયોછ."

પાછલી ખુબીની વાત ખરી હતી. પણ બિચારી બચું શું જાણે કે આ લુચ્ચો પેહેલું તો તદન જુદું બોલ્યો હતો? તેને અતરે આવવાની ખરેખરી મતલબ તો બિચારી બચુંની પછવાડે આવવાનીજ માત્ર હતી. ભીખાજી ભરૂચાનાં ધનમાયથી તેણે જાણ્યું કે બચું માથેરાન આવીછે અને પોતાના ખાવિંદ વગર એકલીજ રેહેલીછે, એટલે આ લુચ્ચો પણ માથેરાન આવવાની તક શોધતો હતો અને તેમ આજે તે આવો લાગ્યો અને એક પોંહોચખાનામાં ઉતર્યો હતો. બચુના બંગલા ઉપર ખબર કાહાડતાં તે આ ઠેકાણે ફરવા આવેલી જાણી ખામખા પોતે પણ પોતાનો ઘોડો અંહી ડપટાવી લાવ્યો હતો અને અકસમાતથી મળી જવાના તેણે માત્ર ખોટા ઢોંગ કીધા હતા. પણ બચું સાથની લાંબી મુદતની પડત પડેલી ઓળખાણ પાછી તાજી કેમ કરવી તેના તે વિચારમાં હતો તેટલામાં આ "વાઘ" ના અકશમાતથી તેને આઇતો લાગ મળી ગયો હતો.

"વાઘ"ની ધાસતી તો ખોટી હતી, પણ આ માણસરૂપી, બે પગનો વાઘ તેને વધારે મોટાં આફતમાં સપડાવવા આવ્યો હતો. વાઘના પંજામાંથી છુટકારો પામેલી બચુંને એક નીચમાં નીચ વરૂ ભક્ષ કરવા ચાહતો હતો. ખરો વાઘ તો એ માણસ હતો. એ એક ઝેરી નાગ હતો.

પોતાને ઘર જવા પછી બચુંએ પોતાના વર ઉપર કાગળ લખ્યો પણ આ અકસ્માતની ખબર ઘણી સેજ લખીને જરા રમુજ કરી માડી વાળી કે જેથી લવજી ઘભરાય નહી અને પોતાનું કામ છોડીને માથેરાન દોડી આવે નહી. વાતબી સેજ હતી. બચુંને આ અકસ્માતથી કશી અલવલ આવી નહી હતી.

જમસુ બચુંને ઘર ગયો નહી. પેહેલી સાંજે તે બંગલા આગળથીજ બચુંની તબીયત પુછી તથા તેને સારી પેઠે જોઈ પાછો પોતાના પોંહોચખાનામાં ગયો. બચુંએ તેને પોતાના બંગલામાં બોલાવ્યો પણ નહી અને તેબી એમ સમજીને કે પોતાના વરની ગેરહાજરીમાં પોતાના ઘરમાં મરદોને નોતરવામાં મલાહેજો નહી હતો.

આપણ ઇછીશું કે એવોજ અંતર બચુંએ જેમ પોતાના ઘેરમાં તેમજ ઘરની બાહેર જાલવ્યો હોત. જોકે જમસુ તેને ઘરમાં તો મળી શકતો નહી હતો પણ ફરવા જતાં તે બચુંને નહી ધારેલો મળી જતો હતો. એક તો તે રતનકાકીનો પીતરાઇ એટલે બચુંનો લગાર આડકતરો સગો હતો. બીજું, જ્યારે બચું નાની હતી ત્યારે જમસુ સાથ તેને સારી પ્રીત બંધાઈ હતી. વળી ત્રીજું એ કે બચું સુરતનાં પોતાનાં સગાં વાહલાંઓથી એટલા લાંબા વખતની જુદી પડેલી કે પોતાનાં તે બાપીકાં ગામની અને ઘરવાળાંઓની ખબર જાણવાને તે ખંતી હતી. અને ચોથું એ કે જો કે જમસુ વિષે સારૂં બોલાતું નહી હતું તોપણ બચુંએ પોતે તેની કશી ખાડી ચાલ હજી સુધી જોઈ નહી હતી. તેથી ઉલટું માથેરાનની તેઓની મુલાકાતને પેહેલેજ દહાડે જમસુએ બચુંને એક મોટી ઘાતમાંથી બચાવી તેના ઉપર સદાનો ઉપકાર કર્યો હતો. માટે અકસ્માત બન્યા પછી બીજે દહાડે સાંજનાં બચું પોતાના બંગલાની પાસે અલેકઝાંડર પાઈંટ ઉપર ફરવા ગઈ ત્યાંજ જ્યારે જમશુ ફરતો ફરતો અચબુચ આવ્યો હોય તેમ પાછો આવી લાગ્યો ત્યારે બચું તેની મુલાકાત લેવાને કેમ ના પાડી શકે? તેની સાથ વાત કરવાની તેને ફરજ પડી, બલકે વચમાં પડેલા લાંબા અંતરને લીધે વાતચીત કરવાની કેટલીક ઉલટ પણ થઈ.

"ઓ હો! જ્યાં હું આવુંછ ત્યાંજ તમે પણ આવોછ." જમસુ હસતો તેની પાસે આવ્યો. "કેમ છો? કાલના અકસ્માત પછી સારી પેરે તો છો? કાલ કરતાં આજે તમારી તબીયેત ઘણી સુધરેલી લાગેછ."

"ખોદાની મેહેરબાનીથી મને દરરોજ ફેર પડતો જાયછ." બચ્ચું બોલી. "તમે કેમ છો, જમસુ ભાઈ? તમેબી સારીપેરે દેખાઓછ."

"હું ઘણો તનદરોસત છું, 'ઠેંક યુ.'" જમસુ પાડ માની બોલ્યો. "માથેરાન ઘણા દહાડા રેહશો કે, બાઈ?"

"અમે તો બે મહીનાનો બંગલો લીધોછ. તમે કેટલુંક શુધી રેહશો?"

"અગરજો અંહી આવવા મને તનદરોસતીનું એકલુંજ કારણ હોતે તો મારે માથેરાનથી જવું જોઇયે. પણ મેં તમોને ખાનગી કારણ બીજું કહ્યુંછ. તે મારી નાણા સંબંધી હાલતનું છે અને તે મેં તમોને પોતાનાં જાણીને કહ્યુંછ, તે છુપું રાખશો કે?"

"ડરો નહી. હું કોઇને કહીશ નહી." બચ્ચુંએ ભરૂસો આપ્યો. "પણ તમારી વાતથી મને અજબ લાગેછ, જમસુ. તમોને તો તમારા મામા મેહેલાશાહ શેઠે કરી લીધાછે અને તે છતાં શું તેવણ તમોને માગનારાઓથી નાસભાગ કરવા દેયછ? તેવણ તમારૂં કરજ આપતા નથી?"

"નથી આપતા, બચ્ચુંબાઇ. તેવણે બે વખત મારૂં કરજ આપ્યું, પણ હવે ત્રીજી વખતનું આપવાને ના પાડેછ. એવો બાપ શું કામનો?"

"બે વખત કરજ આપ્યુંછ?" બચ્ચુંએ અચરત થઈ પુછયું. "ત્યારે તો મેહેલાશાહ શેઠનો જાજો વાંક નહી કેહેવાય. પણ વળી હું ધારૂંછ, ભાઇ જમસુ, કે તેવણ તમારૂં ત્રીજી વખતનું કરજ નથી આપતા તેનું "કાંઈ ખાશ કારણ છે. તમારા મામા નવી બૈરી કરી લાવ્યાછ તે?"

"તમે કેવાં ચાલાક છો, બચ્ચુંબાઈ?" ઘણી વાખવાખીના ડોલથી જમસુએ વધારે આગળ આવી વધારે ઉલટ દેખાડી. "મારા મામાનો ભરમ તમે દૂર બેઠાં બેઠાં કેવાં ચેતી ગયાંછ?"

"મેહેલાશાહ શેઠે ફરી પરણવું નહી હતું."

"એટલી અકલ તેવણ ક્યાંથી લાવે! અને એવાં ભાયગ હું ક્યાંથી લાવું!" બચ્ચુંને દયા ઉપજે એવાં દુઃખનું ડોલ ઘાલી જમસુ બોલ્યો. "મામા સાઠ વર્ષના ઘરડા ડોસા છે, તેવણે જુવાન બાયડી સાથ પરણીને બેહેરામ બોગાના ખાનદાનને એબ લગાડીછ. તેવણ પરણી આવ્યાથી મને મારૂં કરજ અદા કરવાની આશા છોડવી પડીછ, એટલુંજ નહી પણ વધારે ધાસતી તો મને મારો વારસો ખોહી બેસવાની છે. મામાએ મને દીકરો કરી લીધોછ, પણ જો મામાને ત્યાં દીકરો જનમ્યો તો પછી મને શું વારસો આપવાના હતા? જ્યાં સુધી મામા રંડાયલા હતા ત્યાં સુધી માગનારાઓએ મને છુટથી ધીરધાર કરી હતી અને બાપ મુવે બમણા હું લખી આપતો હતો. પણ મામાએ ઘરડે ઘડપણ નવી બૈરી કીધા પછી માગનારાઓએ હવે મને વધારે ધીરવાનું પણ બંધ કીધુંછ અને તેથી મામાનો વારસો ખોહવાની આગમચ મારી આંટ મેં ખોહીછ."

"કદાચ હજી પણ મેહેલાશાહના વારસ તમેજ થશો." બચ્ચુંએ અટકલ બતાવી.

"કદાચ! કદાચ નહી પણ થાઉં."

આવી આવી સગાંવાહલાંઓની વાતચીતમાં બચ્ચુંનો વખત વધારે સારી રીતે નીકી ગયો અને જમશુ સાથ વાતચીત કરવાની બચ્ચુંની ઉલટ વધતી ગઈ. તેનાં એકાંતપણામાં ફરવા હરવાને આ એક નહી ધારેલો સોબતી મળ્યાથી તેને લગાર ધીરજ પણ આવી. તે પોતાના વ્હાલા ભર્તાર ઉપર દરરોજ કાગળ લખતી હતી, તેમાં એક વખત તેણે દીનમાયનો જમસુ માથેરાન આવ્યા વિષેની ખબર પણ લખી જણાવી. તેણે જણાવ્યું કે "હું ફરવા જાઉંછ ત્યારે મારો એ જુનો સોબતી અને બીજાંઓ મને ઘણીવાર મળેછે અને મારો વખત ઘણો સારી રીતે સોહવાયછે."

જમસુ સાથ બચુંએ બીજાંઓ વિષે જે લખ્યું હતું તે ખોટું નહી હતું. તે પેલું પડોસી પારસી કુટુંબ હતું. તેઓ પણ બચું સાથ ફરવા જતાં હતાં અને બચુંને લીધે જમસુને તેઓ સાથ પણ ઓળખાણ થઇ હતી. એ રીતે જમસુ જો કે હજી ફરવા જવામાંજ બચુંનો સોબતી હતો તોપણ બચુંના પડોશીઓ સાથના રેહેવાસથી તથા પોતાની બટકબોલીથી તે બચું સાથ ઠીક ખલોટાવા માડયો હતો.

અફસોસ! કે બચુંએ આ ખરો રસતો પકડયો નહી હતો. પોતાના કાકા જાહાંગીરની શિખામણ તે તદન ભુલી ગઇ હતી.

ચાર પાંચ દહાડા નીકલી ગયા એટલે લવજીને આવવાનો શનીવારનો દહાડો થયો. બચું સરેસતા પ્રમાણે દસતુરીની ચોકી સુધી લવજીને સામો લેવા ગઇ. પોતાનો વ્હાલો ભર્તાર તેને તનદરોસત જોઇ ખુશી થાય માટે તે ઘોડા ઉપર લેવા ગઇ. જમસુ પણ વગર કેહવે ત્યાં આવી લાગ્યો અને બચુંએ પોતાના વ્હાલા ભર્તારને ભેટવા પછી તુર્તજ જમસુની ઓલખાણ કરાવી.

"દીનમાયના જમશેદજી, લવ" તે બોલી. "એવણે મારી ઘણી બરદાશ્ત લીધીછ. વાઘની બીહીકની વેલા એવણે મને ગોયા નવો જીવ આપ્યો હતો."

"સાહેબની આ મેહેરબાનીનો પાડ માનુંછ." લવજી જમસુ તરફ નમીને બોલ્યો. "મારી બચુંની મોટામાં મોટી ખુબી હેરાનમંદી છે. મારી ખાતરી છેકે તમારો આ ઉપકાર તે કદી વીસરવાની નથી."

પોતાની બચુંને લીધે, બચું ઉપરના પોતાના પ્યારને લીધે, દીનમાયના જમસુ સાથ લવજીએ ઓળખાણ કીધી. લવજીએ તેને આગળ કદી દીઠો નહી હતો એટલુંજ નહી પણ તેને વિષે તેણે કશું સાંભળ્યું પણ નહી હતું. લવજી કદી પણ પારકાઓની વાત અને ચુનોચરા કરતો નહી હતો. પણ જે પોતાની બાયડી બચુંનો દોસ્ત તેને લવજી પોતાનો દોસ્ત ગણવાને ખુશી હતો.

લવજીને એસતેકબાલ લઇને બચું અને જમસુ ઘર તરફ ફરયાં અને માર્ગમાં ઘોડા ઉપર આવતાં આવતાં બચુંએ વાઘની બીહીકથી પોતા ઉપર વીતેલું આફત તથા જમસુએ તે વખતે કરેલી મદદનો સઘળો હેવાલ લવજીને કહ્યો. લવજી પોતાની પ્યારી પરણેતરને તનદરોસતીના પૂર બહારમાં ખીલતી જોઇને ખુશી થઇ ગયો હતો. તેમાં વળી તેને બારીક વખતે મળેલી જમસુની આ મદદનો હેવાલ સાંભલીને લવજી જમસુની કીમતી સેવાને માટે બમણો ખુશ થઇ ગયો.

તેજ દહાડે પોતાના જાન અને જીગર કરતાં વ્હાલી પોતાની અર્ધાંગનાનો જીવ બચવાના હેરાનના બદલામાંજ લવજીએ જમસુને રાત્રે પોતાના ઘરમાં જમવા તેડયો અને તેને ઘણુંક માન આપ્યું. જમી રહ્યા પછી બચું પોતાની તનદરોસતીના કાયદા પ્રમાણે સકારે સુવા ગઈ અને લવજી પોતાના દિવાનખાનામાં જમસુ સાથ આગળ પાછળની ઓળખાણ કહાડવા વાતે બેઠો. એક વકીલ દાખલ સલાહ પુછવાને બાહને જમસુએ પોતાની નાણાં સંબંધી મુશકેલીઓ લવજીને કહી સંભળાવીને તેના તરફ ઘણો વિશ્વાસ દેખાડયો.

"હું તો ફરજીયાત દેશનિકાળપણું ભોગવુંછ." તે બોલ્યો. "તમે ધારોછ, શેઠ, કે આ મારી કંટાળા ભરેલી જીંદગીમાંથી હું છુટો થઇ શકીશ? મુંબઇમાં તો હું પગ મુકીજ નથી શકતો. પુણામાં કોઇવાર આવુંછ તો જુદાજ દેખાવમાં અને જુદીજ ઢબથી આવુંછ. દમણથી પુણા ને પુણાથી માથેરાન ભટકતો ફરૂંછ. કાંઈ ઉપાય બતાવશો?"—"ઉપાય શું? માગનારાઓને થોડુ ઘણેબી પતાવવું જોઇયે."—"પણ હું પૈસા લાવું કયા ચુહુલામાંથી?"—"શું તમારા મામા મદદ નહી આપે!"—"તેવણને હું મળી શકતો નથી. તેવણપર મેં કાગળ લખ્યો ત્યારે, તેવણ નવી મામી પરણી લાવ્યાછ તેણે જવાબ લખ્યો કે મામા આ-

જારી છે અને જવાબ લખવાને અશક્ત છે."—"મેહેલાશાહ શેઠ જાજા આજારી નહી હોય." લવજીએ ખોલાસો કીધો. "તેવણ ગયાં અઠવાડયાંમાં પુણે આવ્યા હતા અને માત્ર ચાર દહાડા ઉપર મેં તેવણને સારીપેઠે દીઠા હતા."—"મામાએ મને મદદ કરવી જોઇયે. હું તેવણનો વારસ છું. તેવણને કશા દીકરા નથી અને હવે દીકરો થાય એવી વકી પણ નથી."

સારાંસ એ કે જમસુએ બચુંની કરેલી સેવાના બદલામાં જમસુના મેહેલાશાહ મામાને લવજી પોતે મળીને સમજાવે તો જમસુનું કાંઈ કામ થાય. લવજીએ તેમ કરવાને ખુશી બતાવી. પણ અલબતાં તેમ થતાં દહાડા લાગવા જોઇયે. હમણા તો લવજીને બહુજ કામના દહાડા હતા. જો તેને ફુરસદ હોત તો તે બચુંની સાથે માથેરાનમાંજ નહી રેહેત?

શેશન માથે આવેલી હતી અને તેમાં લવજીના હાથમાં બે ત્રણ ભારી કેસ હતા. તે કામ પુરૂં થવા પછી લવજીએ પેહેલી જોગવાઇએ જમસુની તરફથી તેના મામાને સમજાવવાનું મેહેરબાનગીની રાહે માથે લીધું.

લવજીના ભારે કામની વાત કાંઈ ખોટી નહી હતી. જમસુને તે રોકાણ કહી સંભળાવ્યા પછી બીજેજ દહાડે રવીવારની સાંજની ગાડીમાં લવજી પાછો પુણે ગયો.

બચુંએ તેને રાખવાની ઘણી આહોંસ કીધી, અને શેશન માથે આવ્યાને લીધે લવજીએ જ્યારે રેહેવા ના પાડી ત્યારે બચુંએ લવજીની સાથે પુણે પાછી જવાની પણ અતિઘણી આહોંસ કીધી. પણ નહી. લવજી સમજ્યો નહી. તે લગાર મિજાજ ફેરવી બચુંને ડબરાવીને રાખી ગયો.

જે દગલબાજ નાગને દુધ પાવાની જાલ પંથરાઇછે તેના ઝેરની ચુંગાલમાંથી નાશી જવાને બચુંને ગોયા ગેબી બસારત થઈ હોય તેમ તેણે પોતાના ખાવિંદ સાથ જતી રેહેવા માગ્યું. પણ લવજીએ જ્યારે હુજતથી પુછયું કે "બચું, તું મને ખરૂં કહે, તું શું કામ જતી રેહવા માગેછ?" ત્યારે "મને એકલી રહેવા ગમતું નથી" તે શિવાય વધારે મજબુત કારણ બચું કશું બતાવી શકી નહી.

માટે લવજી આહોંસ કરીને તે ઝેરી નાગના પંજામાં પોતાની પરણેતરને મુકી ગયો. છુટો પડતી વેળા તે જમસુને ખાસ અરજ કરી ગયો કે "ભાઈ જમસુ, મારી ગેરહાજરીમાં જેમ મારી બચુંને મદદ આપીછે અને તેની બરદાશ્ત લીધીછે તેમ હું પાછો આવું ત્યાં સુધી એની બરદાશ્ત લેતા રેહજો!"

પ્રકરણ ૪ થું.

અંતે નાઠી.

લવજીએ, અલબતાં અજાણપણામાં, પોતાની કુમલી, ભોલી, નિર્દોશ નારને ખરાબ હાથમાં સોંપી આપ્યા પછી, બચું જમસુ સાથ લગાર વધારે ફરવા હરવા લાગી તેમાં વાંક કોણનો કહાડીશું?

બચુંના મનમાં કશું પાપ નહી હતું. જમસુ ધારતો હતો કે હવે એકવાર તેને લવજીએ જમવા તેડયા પછી બચું તેને પોતાના બંગલામાં તેડયા કરશે. પણ તે ઠગાયો. હજીબી બચુંએ તેમ કીધું નહી. પોતાનું પતિવ્રતપણું અને એક કુલવાન નારીને છાજતી સભ્યતાનો વિવેક હજી તે ભુલી ગઈ નહી. લવજીના જવા પછી વળી ચાર પાંચ દહાડા વીતી ગયા પણ તેની ગેરહાજરીમાં બચુંએ એકબી જણને જમવા તેડવા ચાહ્યું નહી.

એ ચાર પાંચ દહાડામાં બચુંને જમસુ સાથ વધારે એખલાસ એટલોજ પડયો કે લવજીના કેહેવાથી તે બચુંને ફરવા લઈ જતો અને પોતાની બટકબોલીથી અને અટક

આળાથી બચુંનું મન રીજવતો હતો. તેની સાથે એટલો વખત પણ રેહવાને બચું ખુશી નહી હતી. તે જમસુને ઘણી વાર ઉડાવાનું કરતી, પણ જમસુ હરએક યુક્તિથી તેને અણચીતો મળી જતો. કેટલીકવાર પડોશીઓ પણ સાથે ફરવા જતાં અને તેઓ નહી તો આયા મેરીઅન અને ચાકર પેસતનને તો તે હમેશ સાથે લઈ જતી. પણ પોતાની શેઠાનીના માનને ખાતર જમસુ અને બચુંથી તે માણસો આઘે બેસતાં. તેની સાથ સાંજ સાંજે ફરવાને બચું બીહતી હતી અને તોપણ તે અટકાવી શકતી નહી હતી. તેને મોહડે ચહડીને ના કેહે તોજ કદાચ તે આવતો બંધ પડે. પણ તેને એટલું બધું અપમાન કરવાનું બચુંને પસંદ આવ્યું નહી. "માથેરાનમાં ક્યાં ઘણા દહાડા લેવાછે કે અમસથો ભુંડાસ લેવો?" બચુંએ વિચાર્યું. "વળી એ ઘણી પેહેલાં મારો દોસ્ત હતો ત્યાં હવે તે મારા ધણીનો દોસ્ત થયોછ. લવજી પોતે તેની મને ભલામણ કરી ગયોછ તો તેને નાહક અપમાન કરવાનું શું કારણ?"

એ પ્રમાણે મન મારીને બચું દીનમાયના જમસુ સાથ ફરતી હરતી રહી. પણ જે દહાડે બચુંએ ઉપલો ઠરાવ કીધો તેજ દહાડે એ ઠરાવ તોડવાની તેને ફરજ પડી. તેજ દહાડે જમસુને મોહડે ઘરું અપમાન કરવાનું બચુંને કારણ મલ્યું.

તેઓ "ગારબટ પાઈંટ"ના છેક છેડા ઉપર બેઠેલાં હતાં. ચાકરો અને હમાલો દુર હતા. ખુશ વાતો કરતાં કરતાં જમસુએ બચુંના બચપણના દહાડાની આગલી ઓળખાણની વાત છેડી અને પછી રતનકાકીએ એક દહાડે જમસુ સાથ કજીઓ કરેલો તેની વાત ઉપર તે આવ્યો. "તમોને યાદ છે, બચુંબાઈ, તે દહાડે તમારી રતનકાકી મારી ઉપર કેવી છેડાઈ હતી તે?"

"હા. મને યાદ છે." બચું યાદ કરી બોલી. "રતનકાકીએ તમોને ઠપકો આપ્યો કે તમે કોઈ બીજીની દોસ્તીમાં પડયા હતા."

"તે બીજી કોણ હતી તે તમોને યાદ છે?"

"મને શી દરકાર કે હું તે યાદ રાખું?"

"પણ તમે અટકલ બાંધી હશેની? રતનકાકી જેવી ઓરતમાં જ્યારે અદેખાઈ પેદા થઈ ત્યારે તે અદેખાઇ પેદા કરનારી કોણ હશે તે તમે અટકલેબી નહી સમજો?"

"મેં અટકલ બાંધી હતી કે વલંદાવાળી પીરોજા વીશે રતનકાકીને અદેખાઈ લાગી હતી. કાંકે તેની સાથ તમોને દોસ્તી વધારે હતી."

"પીરોજા! નહી, નહી. તમે ભુલોછ. પણ તે વખત ઉપર તમે એવી ભૂલ નહી કરત. કાકીને કોણપર અદેખાઇ લાગેછ તે તમે તે વખતે વધારે સારી રીતે ચેત્યાં હતાં. અલબતાં તે તમે હતાં. કાકીને તમારી અદેખાઈ લાગી હતી, કેમકે હું તમોને ચાહતો હતો—"

બચું આ વાત ઉપરથી ધભરાઇ. તે બોલી કે "મારે એ વાત યાદ કરવી નથી."

"ગઇ ગુજરી બીનાને બે ઘડી યાદ કીધામાં શું થવાનું છે?" જમસુએ બેહોંસથી વાત ચલાવી. "હવે, બચું, તમે પરણી ગયાં છો, બચરવાલ છો, સુખી છો, એટલે બચપણમાં આપણી શું શું મુરાદ હતી તે જરા યાદ કરવામાં ગયું શું? ખરેખર આપણે તે વખ્ત કેવાં સાદાં, નાદાન ને ભોલાં હતાં? આપણા સંસાર સુખની કેવી પ્યાર ભરી ઉમેદો મેં તમારી ઉપર બાંધી હતી—"

"જમસુ. હું તુંને સાફ કહુંછ કે મારે તે વાત નથી સાંભળવી." હવે બચું ગરમ થઇને વચમાં બોલી ઉઠી.

"હું એકજ વખ્ત બોલીને પછી કદી નથી બોલવાનો. બચું, તુંએ લવજી સાથ પરણવા આગમચ શું મારી મરજી નહી પુછી હતી? સાચું બોલ."

"નહી પુછીતી. નહી પુછીતી." બચું ગુસામાં ઇનકાર કરતાં ઉભી થઈ. "મેં તારી કશી મરજી પુછીતી નહી, પણ તું મને વગર પુછવે મારાં લગ્ન ઉપર સલાહ આપવા આવ્યો હતો."

"મેં સલાહ આપી ખરી, પણ તારાં મનમાં મારી મરજી પુછવાનીજ મરજી હતી." જમસુ પણ ઉકતાં ઉકતાં બોલ્યો.

"હું એ વાત નથી સાંભળવાની, જમસુ." એમ કહી બચુંએ ઘસારામાં ચાલવા માંડયું.

"જરા સાંભળો." જમસુ વચે આડો ઉભો રહી ઈંગ્રેજીમાં બોલ્યો. "અફસોસ કે! મારી હાલત જેવી હમણા માઠી છે તેવીજ તે વખતેબી હતી અને તેથીજ મેં મારી બચું જેવા ફુમલા છોડવાને લવજી જેવા રાખત હાથમાં પોતાનો બધો ભવ બાળવા જવા દીધી."

"શું ? શું ? ઓ નીચ ! શું વાત કરેછ ?" બચું ઉભી રહેવા વગર ચાલીને માણસો આગળ આવતાં ગુસાના આતશ ઉપર ઘણાજ ઉકલતાં અંગથી બોલી. "તું યાદ રાખજે કે તું મારા વ્હાલા ખાવીંદ વિષે આ નીચ વચનો બોલી મને અપમાન કરેછ. લવજી મારો ભર્તાર છે અને સરવે ભર્તારોમાં સરસ છે. તેની નેકી, તેની લાયકી ને તેના પાર આગળ તું હલકો, ઉછાછલો, લુછો નાદાન શું બિસાદમાં છે ? જાણજે કે લવજી સાથ પરણીને મેં મારો ભવ બાલ્યો નથી પણ હું તો આ દુનિયામાં જીવતાં જીવત બેહેસ્ત પામીછ. મારા બાપીકા મેહેલમાં મારા બેહેસતી બાપના વખત કરતાં હું વધારે સુખી થઈછ અને મારા લવજીએ તારી સાથ નવી દોસતી કીધાને હજી તો વાર લાગી નથી તેટલાંમાંજ તું તેને દગો દેયછ."

આ કીમતી અને અસરકારક જવાબ બચુંએ ઈંગ્રેજીમાંજ વાલ્યો, કે જેથી માણસોમાં ખરાબ નહી લાગે અને તેઓ ટકા ચહડાવીને કાંઈ નાલાયક નાલેશી વધારે નહી.

પતિવ્રતા બચુંના આ વખાણવા જોગ જવાબથી જમસુ દંગ થઈ ગયો. તે કશું બોલી શકયો નહી.

બચુંએ તુર્તજ પોતાની પાલખીમાં ચહડી બેસીને પોતાના હમાલોને હુકમ આપ્યો કે જેમ બને તેમ જલદીથી પાલખી બંગલે લઈ જાય.

જમસુ જેમ આવ્યો તેમજ જતી વેળા પાલખીની સાથે ઘોડા ઉપર રહ્યો. તેણે ઈંગ્રેજીમાં બચુંની માફ માગી. બીજી ઘણીક વાતો કરવાની કોશેશ કીધી પણ બચુંએ કશો જવાબ દીધો નહી.

બંગલા ઉપર આવતાં બચુંએ પાલખી એકદમ બાગમાં લેવડાવી. તેણે જમસુ તરફ જરા જોયુંબી નહી. સરેસતા મુજબ તેને સલામ અકરામ પણ કીધી નહી. અને જમસુ ગુપચુપ દરવાજા ઉપરથી ઘોડા સાથ પાછો ફરયો તેવોજ બચુંએ દરવાજો બંધ કરાવ્યો.

"હું જોઈ લઇશ. એ ઓરતને હું કોઈ એક વખત જોઈ લઇશ. એ રાંડ મારો આ તુછકાર કીધોછ તેનું વેર લઇશ." તે દાંત કકડાવીને પોતાના મનથી બોલ્યો.

બચું બંગલે પોહોંચતાંને વાર લખવા બેઠી અને હજી તો કાગળ લખવાની હતી તેટલાંમાં તેણે ટપાલમાં કાગળ લઈ જવા સારૂ પેસતનને તૈયાર થવા કહ્યું કેમકે ટપાલનો વખત થઈ ગયો હતો અને પેસતન દોડતો જાય નહી તો રાતની ગાડીનો ટપાલ ચુકી જાત.

એક બે મીનીટમાં બચુંએ કાગળ બીડી આપ્યો. તે પોતાના વ્હાલા ભર્તારને નામનો હતો અને તેમાં બચુંએ તેને એકદમ માથેરાન બોલાવ્યો હતો. "હું હવે વધારે દહાડા માથેરાન રેહવાની નથી" તેણે લખ્યું કે "મારે એકદમ પાછી આવવું છે. વાસ્તે તમે વગર ઢીલે મને લેવા નીકળી પડજો અને જો તમે નહી આવશો તો હું બંગલો નાખીને એકલી આવતી રહીશ."

આ કાગળ લવજીને બીજે દહાડે બામદાદમાં પોહોંચ્યો. તે કાગળ વાંચીને વિચારમાં પડયો. બચુંની એટલી બધી અધીરાઇનું કશું કારણ તેમાં જણાવ્યું નહી હતું. તોપણ પોતાની વ્હાલામાં વ્હાલીને સારૂ જવાને તે ખુશી હતો. પણ જે અગત્યના કેસ સારૂ તે બચુંને ખામખા મુકી આવેલો તે કેસ આજેજ પુરો થવાનો હતો અને

શનિવારનો માત્ર એકજ દહાડાનો વિલંબ હતો કે જ્યારે તો તેણે માથેરાન જવાનુંજ હતું. માટે લવજીએ બોલાસેવાર સમજણ સાથ તાર કીધો કે "બેદાને વાસતે શનિવાર સુધી થોભવું, કે જે દહાડે હું આવીશ અને તું માથેરાન રેહેવા નહી ચાહશે તો તુને પાછી લાવીશ."

બચું થંડી પડી હશે અને તેની માફી કબુલ કરશે એવી આશામાં બીજે દહાડે જમસુ બચુંને બંગલે આવ્યો. તે કોઈ દહાડે બંગલાની અંદર આવ્યો નહી હતો. આજે તેની અંદર આવવાની ધારણા હતી. પણ પેહેલાં તો બહારનો દરવાજો બંધ હતો, તે ઠોકીને જ્યારે જમસુએ મસાલને બોલાવ્યો અને તેની પાસ જ્યારે બાઇને મળવાનો પેગામ કેહેવડાવ્યો ત્યારે બચુંએ સાફ કેહેવડાવ્યું કે "બાઈ દલગીર છે કે હાલ તેવણના જીવને સારૂં નથી, તેથી તેવણ મળી શકતાં નથી. કાલે લવજી શેઠ આવશે. પછી તમે આવજો."

આ કેવું અપમાન! તેનું વેર જમસુના જીગરમાં કેવું વસી ગયું! બચું ઉપર વેર લેવાના હવે તો તેણે કસમ ખાધા!

બચું તે દહાડે મુદલ ફરવા નહી ગઇ.

બીજે દહાડે સાંજના તે લવજીને એસતેકબાલ લેવા ગઇ.

ત્યાંજ, દસતુરીની ચોકી ઉપર પોતાના ભર્તારને ઘણા પ્યારથી ભેટયા પછી તે રડી પડી અને ઘણા જોસથી કાળાવાલા કરવા લાગી કે "મને માથેરાન નથી ગમતું. હવે બસ, મને કાલને કાલ ઘર લઈ જાવો."

લવજી ઘણોજ વિસ્મય પામ્યો. બચું ઘણી સારીપેઠે હતી. તેના મોહડાં ઉપર માથેરાનની આબોહવા ગોલાબી સુરખી સાથ છપાઇ નીકલી હતી. અંગે તે પુષ્ટ અને તનદરૂસ્ત બની હતી. બંગલાની હજી એક મહીનાની મુદત બાકી હતી. માટે તેણે આજીજી કીધી કે, "જો બચું, આટલો બધો ફાયદો થવા પછી, તું શું કામ જતી રેહવા કરેછ? કેટલો બધો ખરચ કરીને હું તુંને લાવ્યો. ત્યારે તું જતી રહીને બંગલાનું એક મહીનાનું ભાડું અમસ્તું મુફતમાં શું કામ ભરાવેછ?"

બચુંએ રડવાનું અને કાળાવાલા કરવાનું જારી રાખ્યું. તે બોલી કે "મને તમારા પૈસાની કદર શું ઓછી છે? ખરચની મારી ફિકરને વાસતે શું તમે પોતેજ મને વારતા નથી? અને તોપણ હું ખરચ અધુરો નાખીને જવા માગુંછ ત્યારે શું માત્ર તે બેદરકારીથીજ હશે? નહી નહી, મારા 'લવ' ને મારા 'લવ' ના 'જી,' લવજી, તમે મને દુખી કરવાના હોવ, તમારો બધો ખરચ રદ જવા દેવાના હોવ તો મને રાખો."

બંગલે પોહોંચવાની આગમચ તો બચું પોતાની બોહોંસમાં જીતી. લવજીએ તેને કાલને કાલ પુણે લઇ જવાની કબુલાત આપી. પેસતન જે પછવાડે દૂર ચાલતો હતો તેને લવજીએ હુકમ કીધો કે કાલે પુણે જવાની તયારી રાખવી.

હવે બચું પોતાના ધણીની બોરદુમાં ધીરજ પામતી અને ખુશી થતી પોતાને બંગલે આવી. જે જાલેમ અજદારૂપી આફતની ઝેરી જાલથી તે બીહતી હતી તેમાંથી અંતે તેણે નાસવાનું નકી કીધું.

"બચું, તું મને ખરેખરૂં કેહ કે તું અહી રેહવા સામે એટલી અધીરી કાં પડીછ?" બીજે દહાડે બચુંને થંડી પડેલી અને ખુશી થતી જોઇ લવજીએ વાત ચલાવી અને પુછયું "કોઇ બીજું હોય તો આ પ્રમાણે માથેરાન રેહેવા અને મોજ કરવા ખુશી થાય, પણ તું પુણે પાછી જવાને એટલી તલપી કાં રહીછ? તારી તનદરોસતીમાં એવી ચમત્કારીક ઉથલપાથલ થઈ ગઇછ કે તુંને અંહી વધારે દહાડા રેહવામાં મોટો ફાયદો છે અને તોપણ તું જતી રેહવાને એટલીબધી ખંતી કેમ છે? ખરેખરૂં કેહ, બચું."

ખરેખરૂં કેહેવાને શી અડચણ હતી? ખરૂં કારણ કેહવાને બચુંનું એકદમ મન થઈ આવ્યું. આ દીનમાયનો જમસુ સારો

માણસ નથી, તે બચ્ચુંને ગમતો નથી, તે
તેની સંગત છોડતો નથી, તેની સાથની
મિત્રાચારીમાં આબરૂ કે શોભા કે સલા-
મતી નથી એ સઘલું બચ્ચું પોતાના ધણી-
ને કહી દેય—એ જમસુની ઝેરી જાલ-
માંથી નાસી જવા બચ્ચું એટલી તલપી છે
એમ જો બચ્ચું કબુલ કરે તો તે કેટલી
સુખી થાય! અને તેનો ભર્તાર પણ કેટલો
સુખી થાય! તેનો બચ્ચું ઉપર કેટલોબધો
વિશ્વાસ વધે અને વિશ્વારાથી પરસ્પર પ્યાર
કેટલો વધે!

બચ્ચું ખરેખરૂં કેહેવા જતી હતી, પણ
તેજ ઘડીએ ટપાલ આવ્યો અને તેમાં હ-
માયજીનો ઘરની ખબર અંતરનો કાગળ
આવ્યો. લવજી પોતાના કામના કાગળ
ઉખેડી વાંચવા બેઠો અને ઘરની ખેર આ-
ફીયતનો હમાયજીનો કાગળ તેણે બચ્ચુંને
વાંચવા આપ્યો.

તે વાંચતાંજ બચ્ચુંના મોહડાં ઉપરનો
રંગ બદલાઈ ગયો. લવજીએ તે કાગળ
મોટેથી વાંચવા ફરમાવ્યું કે જેથી તે પોતે
પણ સાંભળે. હમાયજી જેવાં શખ્ત હતાં
તેવોજ તેવણનો આ કાગળ હતો. તેમાં મીઠાશ
કે માયાની વાતો કાંઈ હતીજ નહી. માત્ર
વેહેવારૂ ઢપમાં છોકરાંની ખબર લખી હતી
કે સરવે સારીપેઠે છે—કશી ફિકર કરતાં
ના. પણ એ કાગળમાં બચ્ચુંને ચમકાવ-
નારી એક તાજે કલમ હતી જે તેણીએ
નીચે મુજેબ વાંચી સંભળાવી.

"તાજે કલમ—હું આ કાગળ અંહીજ
ખતમ કરૂંછ કેમકે માસીની શીરીન આ-
પણા બાગમાં આજનો દહાડો ગુજારવાને
પાછી આવીછ અને એ પટપટબોરી પોરી
મને વાત કરાવી કાગળ લખવા દેતી નથી."

"માસીની શીરીન મોદી કાસટલમાં દ-
હાડો ગુજારવા આવીછ!" અને વળી આજે
"પાછી આવીછ" એટલે કે આગળ આ-
વ્યા કીચીછ! બચ્ચુંને માટે એ કેવી ભય
ભરેલી શોધ! બચ્ચું જેને પોતાની શોખ
સમજેછ, બચ્ચું જેનાથી સદા બળેછ, તેજ
શોખ બચ્ચુંની ગેરહાજરીમાં તેના ઘેરમાં
આવતી જતી રહીછ, તે એ અદેખી અ-
બલા કેમ શાંખી શકે? માટે જ્યારે લવ-
જીએ તેને ફરીથી પુછયું કે "તું પુણે જ-
વાની એટલી તલપ કાં કરેછ?" ત્યારે
તેણે ખરેખરૂં કારણ નહી કહ્યું. જમસુ
વિષેનું ખરેખરૂં કારણ કેહેવાનું તેણે
ધારેલું હતું તે તે ભુલી ગઈ. તેણે શી-
રીન તરફની અદેખાઈની આગમાં પુણે
જવાને આ કાગળથી નવું કારણ મળેલું
જોયું. માટે પોતાની આંધલી ઉતાવલમાં તે
એટલુંજ બોલી કે "લવજી, મને લઈ જ-
વાને હા કહી, જવાની બધી ગોઠવણ ક-
રીને વળી પાછી આનાકાની શાની કરોછ?
મને કારણો શાના પુછોછ? કારણ એજ કે
મને મારે ઘેર જવા ગમેછ. મને મારાં
છોકરાંમાં ભેળાવા ગમેછ. તેઓમાં મારો
જીવ ભરાઈ રહ્યોછ. ઓ! હું તેઓ વગર
ટોવાઇને મરી જઇશ. વારૂ, જુવો લવ,
મને મારી ચુચી અને જાલ અને ફરામ-
રોજ સાથ મેલવો."

માથેરાનથી ઉપડવાની એક કલાક અ-
ગાઉ જમસુને અચબુચ ખબર પડવાથી
તે લવજીને મળવાને બાહાને આવ્યો. તેને
દૂરથી આવતો જોઇનેજ બચ્ચું ગુપચુપ ઉઠી
ગઈ. લવજી એકલોજ જમસુને મલ્યો
અને બચ્ચુંનાં આ નવાં અપમાનથી જમ-
સુએ કપટમાં દાંત કચકચાવ્યા.

જમસુનું કરજ તેના મામા મેહેલારાહ
પાસે અપાવવા સારૂં તે બુઢાને મળવાને
લવજીએ કબુલ્યું હતું તેમ મલ્યો કે નહી
તે જમસુએ જાણવા ચાહ્યું. "ભાઈ, મને
કામ એટલુંબધું છે કે તમારા મામાને મ-
ળવાની મને તક મળી નથી." લવજીએ
જવાબ દીધો "પણ શેશન પરમ દહાડે
ખલાશ થશે અને પછી હું તમારા વિષે
કાંઈ વિચાર કરીશ. તમારા મામા થોડા
દહાડામાં પુણે આવનાર છે એમ સંભળા-
યછે તેમ જો હશે તો તમારી તરફથી તે-
વણને સમજાવવાને હું બનતી કોશેશ કરીશ."

લવજી કેવો સારો માણસ! કેવો દયાલુ તેણે ઠરાવ કીધો! જમસુનું તે કેવું સારૂં ઇચ્છેછે! પણ જમસુ સાથે તેને મરખાવો. તેણે આ ઇમાનદારી ભરેલી દોસતીનો બદલો કેવો વાલી આપ્યોછે? હજી કેવો વાલશે?

તે દહાડે સાંજે લવજી અને બચું માથેરાનથી હેઠે ઉતર્યાં. રખે જમસુ મળવા આવે, રખે તેનો બ્યાનતી ચેહેરો છેલી મુલાકાત ખાતર જોવો પડે તેની બીહીકથી તે બીધેલી ને બીધેલી હતી. પણ જમસુ નહી આવ્યો અને આગગાડીમાં બેઠી ત્યારેજ બચુંને ધીરજ પણ આવી. હવે તેની ખુશીનો પાર નહી રહ્યો. અંતે એક આફતમાંથી તે બચી એમ તે હરખાવા લાગી.

પ્રકરણ ૫ મું.

"આવ બલા, પકડ ગલા."

બચું જેવી પાક દામાનની હતી તેવોજ લવજી સત વચની હતો. દીનમાયના જમસુના ચેનચાળા પોતાને પસંદ નહી આવ્યાથી બચું કેવી આકલી ઉતાવલથી તેને દૂર કરવા ખાતર માથેરાન છોડી આવી હતી! અને તોપણ એજ જમસુને સારો માણસ જાણીને તેણે માથેરાનમાં બચુંને કરેલી મદદના બદલામાં જમસુની તરફથી તેના મામા આગળ વચે પડવાને બિચારો સાફ દીલનો લવજી કેવાં ભોલાપણામાં ભોલવાયો હતો!

શેરાનના બારી મુકદમાઓ ચલાવવાનું કામ ખલાસ થવા પછી તુર્તજ લવજી મેહેલાશાહ બોગાબેહેરામને ત્યાં આગમચથી ચીઠી લખીને ગયો. પેહેલાં તે જૈફ શેઠની જુવાન બાયડીને મળ્યો, જેણે "શેઠના જીવને સારૂં નથી" એમ કહી લવજીને તેવણ આગળ જતાં અટકાવવા માંગ્યો, પણ તેવણના હુકમથી લવજી આવ્યોછે એવું જોવાથી તેણે તેને શેઠ પાસે જવા દીધો.

લવજી ત્યાં જતાંનેવાર એકદમ પોતાના કામની વાત ઉપર આવ્યો. શેઠના ભાણેજ અને કરી લીધેલા દીકરા જમસુની નાણા સંબંધી સંકડાસમાં તેના આ મામા અને પાળકપિતા મેહેલાશાહાની મદદ અપાવી મોકલાસ કરાવવાને લવજીએ તેવણને ઘણા સમજાવ્યા.

"હું એનું કરજ એકવાર ફરી ફીતાડી આપતે" મેહેલાશાહે જવાબ દીધો. "પણ મી॰ લવજી, આજે હું એને એક વાર છુટો કરીશ તો કાલે એ પાછું નવું કરજ કરશે અને મારી મદદની આશાપર એ મને એમ માસ્યાજ કરશે અને લુટીને ખાલી કર્યો જશે."

"મને એની વાત સાંભળતાં એની હાલત ઉપર દયા આવી તેથી હું તમોને દયા લગાડવા એને કબુલાત આપી આવ્યોછ." લવજીએ જવાબ દીધો.

"પણ એ લુચો એવી દયાને લાયકનો નથી."

"એની ખાનગી ચાલચલણ હું કશી જાણતો નથી."

"તમે નહી જાણો એટલું ભલું છે. મેં બે વખત એનું કરજ આપ્યુંછ, પણ તે પૈસાબી એ ખાઈ ગયોછ અને કેટલાક જુના માગનારાઓ હજી એને નામે રડેછ."

મેહેલાશાહ શેઠના આ મજબુત ઠરાવ છતાં લવજીની ખાતર તેવણે એક છેલી વખત તેનું કરજ ફીતાડવા કબુલ્યું. પણ તેનો હિસાબ પટાવવા માટે તેણે પુણે આવવું જોઇયે અને તેબી માગનારાઓથી છુપો આવવું જોઇયે. કદાચ છુપો આવેબી, પણ રેહ ક્યાં? તેના મામાએ તો તેને રાખવા ના પાડી. મામાના કરતાં તેની મામી મેહેરબાઈ વધારે બોહોંસીલી હતી. મેહેલાશાહ નવી જુવાન બાયડી કરી લાવ્યા હતા અને જમસુ તેવણનો વારસ હતો તે એ મેહેરમામીને મુદલ ગમતું નહી હતું, માટે એ છોકરાને ઘરમાં રાખવાને કદાચ મામા ખુશી થાય પણ મામી તો કદીજ ખુશી નહી થાય.

અંતે જમસુને પોતાના ઘરમાં રાખવાનું લવજીએ માથે લીધું. તેના વિદાય થતી વેળા મેહેરમામી હેઠલા ખાણમાં મળ્યાં. ત્યાં તેવણે વળી લવજીના કાન ઓલ્યા કે "આ લુચ્ચા છોકરાને હું મારા ઘરમાં રાખવાને ના પાડુંછ, તેમાં તમે એમ ના સમજતા કે હું તેની અદેખાઇ કરૂંછ. નહી, નહી. પણ એની ચાલને વાસતે હું એને મારી સોહીડીએ ચહડવા દેવાને ખુશી નથી."

"હું એની આડી ચાલથી અજાણ્યો છું, જી." લવજીએ એકરાર કીધો. "એની એટલીબધી આડી ચાલ તે શું હતી જી?"

"ઘણીખી. મેહેલાશાહ સાથ મેં દાણા પાડયાની એકજ વર્ષ અગાઉ હું વડોદરામાં મારી બેહેનને સાસરે રહેલી હતી. તે ઘરમાં એને બે દહાડા ઉતારો આપ્યો હતો, તે ઉપકારનો બદલો એ પાપીએ બુરામાં બુરા અપકારથી વાલ્યો, તેની વિગતો કેહેવામાં એને તો કાંઈ નથી થવાનું પણ સામા તે બિચારાંઓની એબ ઉઘડે."

"કદાચ એણે પોતાની ચાલ ત્યાર પછી સુધારી હશે, મેહેરબાઈ."

"જરાબી નહી. જેની બુનીયાદજ ખરાબ, તે સુધરે નહી. બદી એના લોહી સાથ મલી ગયલી છે. તમેજ વિચાર કરો કે જેઓના ઘરમાં એને ઉતારો આપેલો તેઓ સાથ ચલાવેલી બીજી અનીતિ તો એક કોરે રહી, પણ તેઓનીજ સહીની ચીઠીઓ લખાવીને તે ઉપર મોટી રકમનાં નાણાં કહડાવીને તે ખાઇ ગયો, પછી તે નાણાં તેણે અદા કીધાં નહી ત્યારે જે સારાં માણસોએ ફક્ત તેની સગવડ સમજીને સહી આપેલી તે બિચારાં ખુવાર થયાં. એ લુચ્ચાના માંગનારાઓ તે સારાં માણસ ઉપર ચઢી આવ્યા. એ લુચ્ચાને લીધે તે બિચારાંની માલ મતા વેચાઈ ગઈ અને તેણે જાણીબુજીને તે બિચારાંઓને ઠગ્યાં. શેઠને ગમે તો ઘડીએ ઘડી એનું કરજ આપીને પોતાની દોલત ફના કરે, પણ હું એ લુચ્ચાનું મોહડું જોવાની નથી."

"શેઠે એક વખતે મારી ખાતર કબુલ કીધુંછ" લવજીએ માગી લીધું "તો હવે મેહેરબાની કરી તમે વચે પડતાં ના. હું એને પુણે તેડાવીને સારીપેઠે દમ ભરાવીશ ને પછી એનો છુટકારો કરીશ. તમે એને ના રાખતાં. હું મારા ઘરમાં રાખીશ."

"લવજીભાઈ, એવા બેમરવતને તમે તમારા ઘરમાં રાખો તો મુખતીયાર છો." મેહેરમામીએ ગંભીરાઈથી ચેતવણી આપી "પણ સંભાળજો કે એ પોતાની જાતપર જઇને તમારી મેહેરબાનીનો બદલો બેમરવતાઇથી નહી વાલી આપે."

"મારી સાથે એ બેમરવત થવા ચાહે તોપણ શું થવાનો હતો?" લવજીએ બેફીકરાઈ બતાવી. "એ કાંઇ મારાં ઘરાક છીનવી લેવાનો નથી, કે મારાં બચ્ચાંને મારફાર કરવાનો નથી, કે મને ઠગી શકવાનો વથી. એ મારે ઘેર ઘણામાં ઘણુ તો ચાર પાંચ દહાડા માત્ર રેહશે."

અંહીથી લવજી પાધરો પોતાની આપીસમાં ગયો. જમસુનું આ કામ માથે લેવાને ઘણા દહાડા થઈ જવાથી તે શરમાતો હતો માટે હવે તેને તેના મામા સાથની મુલાકાતનું સેવટ લખી જણાવવાને લવજીએ ઢીલ કીધી નહી. જમસુ હજી માથેરાનમાંજ રહેલો હતો, ત્યાંથી લવજીએ તુર્તજ તેને પોતાના ઘરમાં છુપો આવવાનું નોતું દીધું અને પછી છેક સાંજે પોતાની બચુંને એ વિષે ખબર કીધી.

બચું ગાડી જોતરાવીને લવજીને આપીસમાં લેવા ગઈ જ્યાંથી આવતાં આવતાં રસતામાં લવજીએ ગાડીમાં બચું આગળ એ વાત છેડી.

"બચું, આપણા ઘરમાં પરોણાઓ આવે જાય તેને માટે જગ્યા તો પુરતી છે કેની?" તેણે પુછયું.

"બીઆર જગ્યા છે. મારા 'લવ'—જી" બચુંએ પ્યારથી જવાબ દીધો. "અને ઘડીભર જગ્યા નહી હોય તો કરતાં શી વાર છે! કેમ કોઇ આવેછ કે?"

"હા, જીગર." લવજી બોલ્યો. "અને કાલે રવિવાર છે, કે જે દહાડે કેપીઅસ અને વારંટ ચાલી શકતાં નથી, માટે આપણો એ પરાણો કાલના દહાડાનો લાભ લઈ આવશે."

"તે કોણ છે, લવજી?" બચુંએ અરધું ચેતીને તથા વેહેમ લાવીને પુછ્યું.

"તારો દોસત જમસુ. દીનમાયનો જમસુ."

"હેં? કોણ?" બચુંએ ફરીથી પુછ્યું "જમસુ?"

"હા, તેજ. એનો મામો એનું કરજ ફિતાડવા કહેછ, પણ મામી એને ઘરમાં રાખવા ના પાડેછ તે ઉપરથી મેં એને આપણા મોદી કાસ્ટલમાં ઉતારો આપવા કબુલ્યુંછ."

આ અચ્યુચ ખબરના અચંબાથી બચુંને એવો તો આચકો લાગ્યો કે તેના હોસકોસ ઉડી ગયા. જે પીડાને તે દૂર કરવા માગતી હતી તે પાસેની પાસેજ આવ્યા કરતી હતી. જે પીડાની ખાતર તે માથેરાનથી નાશી આવી તે હવે અંહી તેના ઘરમાં તેની પુંઠે આવી!

નઠારી સંગત બચું દૂર કરવા માગેછે, પણ તેનો ભોલો ભર્તાર આગળ રહીને પણ અજાણપણે તેને નઠારી સંગતમાં નાખેછે! અને જો કાંઇ માઠું પરિણામ નીપજે તો વાંક કોણનો? પણ બિચારો લવજી શું જાણે?

હજી પણ જમસુને પોતાના ઘરમાં આવતો અટકાવવાની બચુંની ખુશી હતી. તે બોલી કે "લવજી, જમસુ આપણા ઘરમાં રહે તે જોવાને હું ખુશી નથી."

"કાં? કાં? તેને ઘણા દહાડા નથી રાખવો. જુલમ તો બે કે ત્રણ દહાડા તેને રાખીશું. તેનો મામો જેમ તેમ સમજાવ્યાથી ઠેકાણે આવ્યોછ તો બિચારો હાલ નાહસતો ફરેછ તેમાંથી તેનો છુટકારો થતો તું શું અટકાવવા ચાહેછ?"

"તેનું ભલું થવા દેવો, પણ તેનું આપણા ઘરમાં શું કામ છે?"

"કાંકે તેને રેહેવાનું બીજું ઘર નથી."

"તેના મામાનું ઘર તે તેના બાપનુંજ ઘર છે."

"ખરૂં. પણ મામો નવી બાયડી કરી લાવ્યોછ તે તેને રાખવાને ના પાડેછ."

"જેને તેના મા બાપ નહી રાખે તેને આપણે શું કામ રાખ્યે?"

"કાંકે તેની મુસીબત છુટે તેટલીવાર તેને છુપ્યો રાખવો છે. પણ તુંને હરકત શી છે, બચું?"

"એ ધણી મને ગમતો નથી."

"હું દલગીર છું બચું, કે હું અગાઉથી એમ જાણતો નહી હતો કે દીનમાયનો જમસુ તને અણગમતો છે. હું જાણતે તો તેને કાગજ લખીને આપણે ત્યાં બોલાવતેજ નહી."

"ત્યારે શું તમે તેને લખીબી ચુકયા?"

"હા, કદાચ તે આવવા નીકલી ચુક્યો હશે, નહી તો આવતી કાલે રવીવારે તો તે જરૂર આવશે. હવે તેને આસમાસ તેડું કીધા પછી આપણા ભરૂસા ઉપર તે છુપ્યો આવે ત્યારે તેને કેહાડી મુકવો તો ઠીક નહી પડશે. બચું, તે તુંને ગમતો નથી તે અત્યારવેર તું મારી આગળ બોલી કાં નહી? તેં માથેરાનમાં એને વિષે વાંધો કાં નહી લીધો? તેં પોતેજ મારી સાથ એની ઓળખ કરાવી ને તારી ખાતરને વાસતેજ મેં એનું કામ માથે લીધું."

બચું શું જવાબ દેય? જમસુએ એટલી બધી તો કાંઈ આડી ચાલ ચલાવી નથી કે જેથી આવાં સાંટક વચ્ચે તેને દગો દઈ ઘરની બાહેર કહાડી શકાય. માંથેરાનમાં તેણે જે નાલાયક પણ ઘણી સેજ વાત છેડી હતી અને જે ઉપરથી આ પવિત્ર અબલાના દીલમાં તેને વીશે ધિકાર બેઠો હતો તે તેણી લવજીને હજી પણ કેહેવા જતી હતી. પણ તેવામાં તો લવજીએ સામો તેનોજ વાંક કહાડયો, અને તે વાંક ખરો હતો. વળી હવે અસુરૂં થયું હતું. કાંઇ ઉપાય નહી હતો. માટે જે વાત કહી દેવામાં

બચુંને સારૂં લાગત નહી અને જે વાત જાહેર કીધાથી પણ ઉપાય ચાલત નહી તે વાત લાંબી કરવાને બદલે બચુંએ ચુપ કીદી પકડવામાં ડહાપણ વિચાર્યું.

"એની મેહેરમામી એને વિષે ઘણું હલકું મત રાખેછ," લવજીએ વાત ચાલુ રાખી "પણ કદાચ તે અદેખાઇથી બોલતી હશે."

"તેખી બઇ." બચુંએ ટેકો આપ્યો. "જમસુ પોતે માથેરાનમાં મારી આગળ પોતાની મામીની અદેખાઇની ફરિયાદ કરતો હતો."

"ત્યારે હવે એને આપણા ઘેરમા કાંએ નહી રાખે વારૂ? બે ત્રણ દહાડામાં એ આપણું શું બગાડવાનો છે?"

બચુંને હજી પણ લાગ્યું કે જમસુ કેવો નઠારો માણસ છે અને તે લવજીની સામેજ કેવી બણબોદ કરશે તે પોતાના આવા ભલા, ભોળા, પણ ફુલા અને દાતાર ખાવિંદને કેહે.

બલકે તે કેહેવા જતી હતી, પણ તેવામાં ઘર આવ્યું. ગાડી દરવાજામાં આવી. હમાયજી અને સર્વ છોકરાં લેવા ઉભેલાં હતાં માટે ગાડી ઉભી રખાવીને લવજી ઉતરી પડયો અને એ વાત વળી રહી ગઇ.

પ્રકરણ ૬ ઠું.

દલીદ્રનું મુળ—નવું અપશુકન.

શું દીનમાયનો જમસુ એક દલીદ્રનું મુળ નથી? તેને બચું સાથ પેહલી મુલાકાત થઇ ત્યારે તેના મુહુર્તમાંજ તેની મરનાર માનું આપેલું મતરેલું માદળીઉં ભાંજી નાખી બચુંને રડાવી હતી. માથેરાનમાં તેને પેહલી મુલાકાત થઈ ત્યારે બચુંને પહાડી ખીણની કઢણે પડી જવાનો અકસ્માત બન્યો. આજે એ લુછાને લવજીએ પોતાના ઘરમાં તેડાવ્યોછે ત્યારે પણ શું એ દલીદ્ર એવોજ કોઇ અપશુકન લેતો નહી આવે?

જે રવિવારે જમસુ આવનાર હતો તેજ રવિવારની સહવારે બચું અને લવજી ગાડીમાં ને ગાડીમાં બહાર જઈ પાછાં આવ્યાં તેવીજ તેમની કોમળ દીકરી બુચી-બચું હાંફતી ને કાંપતી, દોડતી ને રડતી આવીને પોતાનાં મા બાપને પડએ ભરાઈ ગઈ. તે ઘણી હેબતેલી હતી અને તેનો દમ એટલો જોરથી ચાલતોહતો કે તેની બોલવાની અશક્તિથી તેનાં મા બાપ ઘભરાઈ ગયાં.

"શું છે, બુચી-બચું? દીકરી, શું છે?" લવજીએ ઇંતેજારીથી પુછ્યું.

"અરે બાવા! બાવા! જલદી ચાલો." બુચી-બચું જરા દમ ખાઇને બોલી "અમીના મરી ગઈ! ઓ મારી આયા અમીના મરી ગઈ!"

બુચી-બચું ફાર ખાઇને રડી પડી. બચું તો આ ખબરથી લગભગ બેશુધ થતી હતી, પણ પોતાની દીકરીની બીહીક થકી તે વધારે બીહતી હતી માટે બુચી-બચુંને શાંત કરતાં તે પોતાની બીહીક ભુલી ગઈ.

"ઘભરા ના, માય, ઘભરા ના." લવજી બુચીને પોતાની છાતીએ દાબી ઠંડી પાડતાં બોલ્યો. "જોની તારાં માયજી બીહેછ તે? એમ ઘભરાટ નહી કરીએ. ચાલ હવે શું થયું તે કહે."

"અમીના પડી ગઈ. ચતીપાત પડીછ. હું ધારૂંછ કે એ મરી ગઈછ. જવાબ દેતી નથી."

"કયાં છે? કયાં છે?"

"આપણા બાગમાં. ગુલાબવાડીની સીડીપર પડેલી છે."

બુચી-બચુંને બચુંની સંભાલમાં સોંપી લવજી તે જગ્યા તરફ દોડયો, ત્યારે બુચીએ આ અકસ્માતનો હેવાલ પોતાની માને સમજાવ્યો. તે દહાડે ઘણો વરશાદ પડતો હતો, ને લવજી તથા બચું બહાર ગયલાં હતાં તેની તક લઇને બુચી-બચું બાગમાં, સરદીમાં રમવા ગઈ. અમીનાએ તેને અટકાવી ત્યારે બુચી હાથમાંથી છુટીને નાશી ગઈ, જે ઉપરથી અમીના તેને પક-

ડવા દોડી, પણ જમીન વરસાદથી ચીકણી થઈ હતી, તે ઉપરથી અમીનાને પગ લપસી ગયો અને તે જમીન ઉપર ઝીંખાઇ પડી. તેને એટલું વાગ્યું કે તેણે મોટી ચીસ પાડી અને તુર્તજ તે બેશુધ થઈ.

લવજી ત્યાં દોડી ગયો ત્યારે અમીના જેમની તેમ પડેલી પણ પાછી હોશ્યારીમાં આવેલી હતી. તેનાથી ઉઠાતું નહી હતું. લવજી તેને ઉંચકવા ગયો, પણ તે બૂમ પાડી ઉઠી કે "શેઠ, શેઠ, મને ઉંચકતા ના. મને આંચકો લાગશે તો ઘણું દુખાશે. મારો પગ ભાગી ગયોછ. અરેરેરેરે!"

લવજીએ એકગમથી ડાકટરને તેડવા માણસ દોડાવ્યો અને બીજી ગમથી બીજાં માણસોની મદદ છતાં પોતેજ અમીનાને અલવલ નહી આવે એવી રીતે તેને ઉચકીને, પાછલો દરવાજો પાસેજ હતો ત્યાં લાવી એક બિછાના ઉપર સુવાડી.

તુર્તજ ત્યાં બચ્ચું આવી લાગી, હમાયજી દોડી આવ્યાં અને ડાકટરને આવતાં વાર લાગી તેટલાં ઘરના એક માણસને ઇજા થઈ હોય એટલીબધી તેની સારવાર કીધી. અમીનાએ અકસ્માતનો હેવાલ કહ્યો તે બચી-બચુંએ પોતાના સાદા મુખથી કહેલા હેવાલને બરાબર મળતોજ હતો.

હમાયજીએ ઘણી દોડાદોડી કીધી. કપડાં લાવ્યાં, ને પાટા બાંધ્યા, ને મલમ કહાડયા, ને લેપના ડાબડા ઉઘાડયા, ને બ્રાંડી કાહાડયો ને અમીનાને ભચડીને પાયો.

વાંચનાર જાણેછે કે અમીના હમાયજીની માનીતી હતી. પણ બચ્ચુંની વળી વધારે માનીતી હતી. તેણે પોતાની ગેરહાજરીમાં પોતાનાં પ્યારાં પુત્ર પુત્રીની જતન અમીનાને સોંપી હતી અને તે વિષે તેને સોગંદ આપ્યા હતા.

ડાંકટરે તપાસ કરીને મત આપ્યું કે અમીનાની ઘુંટી માત્ર મોરચાઇ છે, વધારે કાંઇ થયું નથી. ડાકટરે લેપ માર્યો અને પાટો બાંધ્યો, પણ હીલચાલની મના કીધી તથા પંદર દહાડા સુધી તેને બિછાના ઉપર રાખી મુકવા ફરમાવ્યું. પખવાડયાં આગાઉ તે ફરતી હરતી થાય એમ હતુંજ નહી.

તે વખતથી અમીના ખાટલે અડી. તેનું ખાવા પીવાનું ખાટલા ઉપરજ પોંહોચતું થયું અને તેની ચાકરી તથા માવજતને માટે બચ્ચુંએ પોતાની બીજી આયા મેરીને તેની પાસેની પાસે રાખી.

એજ વખતે જમસુ મોદી કાસ્ટલમાં આવી પોંહોચ્યો.

ડાકટરના જવા પછી હજી તો બચ્ચું, અમીના સુતેલી હતી ત્યાંજ, એક બારી આગળ ઉદાસ ચેહેરે ઇનતેજાર ઉભી હતી તેવામાં વળી પાછી બુચી-બચ્ચુંજ દોડતી દોડતી ખબર લાવીને હલુસે બોલી કે—"માય! માય! આગલાં દિવાનખાનામાં કોઇ આવ્યુંછ! તે બાવાને પુછેછ!"

"તે કોણ છે? બુચી?"

"હું નથી ઓળખતી, માય. કોઈ અજાણો માણસ છે, મોટા મોટા બાલ છે ને અંગ્રેજની ટોપી પેહેરેલીછે. મને તો જોઇને બીહીક લાગી. મને પકડી લેવી હું બૂમ પાડીને નાસીને બાવાને કેહેવા આવી."

પોતાના બાપને ખબર કરી બુચી-બચ્ચું પાછી પોતાની માના પાસાંમાં આવીને ચંપાઈ ઉભી.

"માયજી, અમીના શું મરી જશે?" તે અમીનાની આકુલ વ્યાકુલ જોઈ ફિકરમંદ ચેહેરે પુછવા લાગી.

"નહી, એ તો જીવશે. આપણે એમ નહી બોલીયે."

"નહી મરી જાય તો સારૂં, માય. કાંય કે એ મરી જશે તો મારો વાંક ઠરશે. હું એનાના કેહેવા છતાં બાગમાં ગઇ ને મારી પછવાડે આવતાં એ પડી ગઈ, તેથી મારે લીધે એ મરી ગઈ એમ લોકો બોલશે. માયજી, હું દલગીર છું, માફ માગુંછું. હવે શું કરૂં?"

એમ બોલીને બુચી-બચું ડસકાં ખાવા લાગી.

"નહી, નહી. આજારી માણસના ઓરડામાં એમ રડાય નહી." બચ્ચુંએ જગાર તેને ધમકાવી.

"પણ, માયજી, અમીના મને માફ કરશે કે?"

"હા. માફ કીધું, કીધું. પણ હવે તું પોતે એની પાસે જઇને માફ માગજે ને એની સામે ના થતી હં? ને એની કહ્યાગરી થજે."

"અમીના! અમીના!" નાની બુચી તેજ ઘડીએ તેની આગળ દોડી જઈ બોલી. "મને માફ કરજે. હું ફરીથી તારા કેહેવાથી ઉલટી નહી ચાલીશ."

"ઓ હું મરી જાવું! હું વારી જાવું તું પરથી." અમીના ખુશીથી તેને પોતાનાં પેટમાં ચાંપતાં ઓવારણા લઈ બોલી.

"અમીના, માયે મને હુકમ કીધોછ કે તારી પાસે રેહવું. હું તારી આગળ રાજાની વાત કરીશ, ને તારો વખત સોહોવાઈ જશે."

સાંજે લવજી પોતાના ત્રણઉ બચ્ચાંઓને લઇને પોતાના દિવાનખાનામાં જમસુ સાથે વાતે બેઠો હતો.

"કેવાં મજેનાં છોકરાં! જીવતાં રેહે." જમસુએ દુવા દીધી "હું તો એમના ચેહેરાજ જોઈ ખુશ થાવુંછ."

"એ એમની માનો ચેહેરો છે." લવજીએ મગરૂરી બતાવી.

"આ બુચીબાઇ બેરડી છે." જમસુએ તેને ખોળાપર લઈ ફરિયાદ કીધી. "સહવારે હું આવ્યો ત્યારે મારી આગળથી નાશી ગઈ અને મને નામ નહી કહ્યું."

"તમે આવ્યા તે હું બાવાને કેહેવા ગઈ હતી." બુચી-બચુંએ પોતાનો બચાવ કીધો. "બાવા તે વખતે અમીના પાસે હતા."

"અમીના? અમીના કોણ?" જમસુએ અમીનાનું નામ સાંભળતાંજ ચોંકીને પુછયું.

"અમારી આયા." લવજીએ ખોલાસો કીધો "તમે આવ્યા ત્યારે જેને અકસ્માત થવાનું મેં તમોને કહ્યું તેજ."

"એ શું મુસલમાની કે ફરંગન આયા છે?"

"મુસલમાની છે, પણ ઘણી ઇમાનદાર અને વિશ્વાસુ છે."

આ સઘળો વખત બુચી-બચું જમસુના હાથમાંથી છુટવાનાં ફાંફાં મારતી હતી તે હવે રડી પડી. લવજીએ તેને ધમકાવી ત્યારે તે બોલી કે "આ પારસી જાંગલો મને ભચડેછ તે મને ગમતું નથી." જમસુએ હસી પડીને તેને વધારે ચાંપીને ધરી રાખી. પણ લવજીએ તેને છોડવી અને તે બોલી "બાવા, મને આ માણસને જોઈને બીહીક લાગેછ."

"તમોને છોકરાં રમાડતાં આવડતું નથી, ભાઇ જમશેદજી." લવજી નરમાસથી બોલ્યો. "બચ્ચાં ઘણા કોમળ રોપા છે. તેઓના ફાંટા અને વેહેમ હોયછ."

"પીડાજ તો." જમસુએ બચ્ચાં તરફ તુછકાર દેખાડયો. "બચ્ચાં છે તે એક પીડા છે. પણ લવજી શેઠ તમારી આયાના અકસમાતથી તમારૂં એક માણસ ખોરવાયુંછ અને તમોને અડચણ થતી હશે."

"અડચણ તો ખરી." લવજીએ કબૂલ કીધું. "ડાકટર કહી ગયાછ કે બે અઠવાડયાં શુધી એ બિછાના ઉપરથી ઉઠવાની નથી."

જમસુને અમીનાની વાત કાંઈ યાદ રહેલી જણાઈ? તેના લાંબા મંડવાડથી જાણે તે ખુશી થયો હોય એમ જણાયો? એ શું હશે?

અમીનાના આજારી પડવા અને જમસુના આવી પોહોચવા વચે શું કાંઈ સંબંધ હતો? કાંઇ જણાતું તો નથી. લવજીને તેનો કાંઇ ખ્યાલ પણ નથી.

દલીદ્રના મુળનું એ એક અપશુકન છે ખરૂં, પણ એટલુંજ માત્ર નથી. એ વધારે ભેદનો અકસમાત છે, તે આગળ ચાલતાં જણાશે.

દુખિયારી બચ્ચું.

પ્રકરણ ૭ મું.

હીરાંબાઇનું સ્વપનું.

બીજે દહાડે, દીનમાયનો જમસુ લવજીને ત્યાં પરોણો આવ્યા પછી, હીરાંભોગીનાં હીરાંબાઇનો અચબુચ જીવ બગડી આવ્યો. તેવણ રાતે જરા રતી પેટ ભરતું જમીને તનદરોસ્ત સુતાં હતાં, પણ સહારે બેચેન અને બેતાબ ઉઠયાં.

તેવણના ભર્તાર પાહાલણજીની ચાનો વખત થયો, પણ ચા આપવા હીરાંબાઈ હડ ઉતર્યાંજ નહી. શેઠ હીરાભોગીના ગરમ સ્વભાવ અને આકલા મિજાજથી વાંચનાર અજાણાં નથી. તેવણની ચા આપવા નહી હીરાંબાઈ હેઠે આવ્યાં કે નહી શીરીન આવી, તેની રાહ જોતાં જોતાં તેવણનો મિજાજ કેવો તપી આવવો જોઈયે?

શીરીન પોતાની દુખિયારી માના ઓરડામાં રોકાઈ પડી હતી. તે તેવણને ઉઠાડવા આવી ત્યારે જોયું તો તેવણ પોતાના પલંગ ઉપર સુતાં સુતાં રડતાં હતાં. કારણ પુછતાં શીરીનને જણાયું કે તેની આ જૈફ માતાએ વળી રાતની ઊંઘમાં પોતાના કમબખ્ત દીકરા દોલીને સ્વપનામાં દીઠો હતો અને ખુનના ખોટા શક ઉપરથી વગર વાંકે પોતાની મેળે દેશનિકાળ પડેલા પોતાના દીકરાની દુખદાયક યાદમાં તેવણ રડતાં હતાં.

દોલીનો બળાપો મનમાં રાખી મેલીને આવા ખોટા સ્વપ્નાઓને જન્મ આપવા અને હાથે કરીને નાહક દુખી થવા માટે શીરીને પોતાની માને જરા ઠપકો આપ્યો. હીરાંબાઈ વધારે રડવા લાગ્યાં. તેવણ પાડી ઉઠયાં કે "હું કયાં દોલીને યાદ
' હું ક્યારે તેનો બળાપો કરૂંછ? હું
જોઇને આ સ્વપ્ના મનમાં લા-
''ન વર્ષની વાત ઉપર દોલી
ત્યાર પછી મેં તેને
' ફાલે આ-
...-
પણ મને ખ્યાલ નહી હતો અને તોપણ અચબુચ આ સ્વપનું મને હેરાન કરવા આવ્યું તો હું શું કરૂં? હું તેને કેમ અટકાવું?"

"વારૂ ત્યારે, માયજી, ભાઈ વિષે એ એવું ખરાબ સ્વપનું શું હતું?"

"હા! કેવું ભયંકાર! મેં જોયું કે પેલો ખરો ખુની પુણે આવ્યોછ."

"કોણ? હુશેનશાહનો ખુની?"

"હા. તેજ, કે જેને લીધે મારા દોલીને નાસવું પડયુંછ તેજ ખુનીને જાણે કે મેં પુણામાં આવેલો દીઠો. દોલી આપણને છુપો મળી જવા પછી સાત વર્ષે મેં આ પેહેલુંજ સ્વપનું દીઠુંછ."

આ વાતની વચે, આંહીજ, પાહાલણજી ઓરડામાં દાખલ થયા અને ભવાં ચહડાવીને બેહુ ઉપર ઉતરી પડયા "કેમ? મા ને દીકરી બેહુ જણ કયાં દટાઈ ગયાં કે બેમાનું એકબી હેઠે મને ચા આપવાને આવતું નથી? કેમ છોકરી, હેઠે આવવુંછ કે નહી?"

"હા, બાવાજી, હમણા આવી." શીરીને નરમાસથી જવાબ વાળ્યો. "ચાનો વખત થઇ ગયોછ, મને માફ કરો, પણ માયનો એકાએક જીવ બીગડી આવ્યોછ."

"તારી માનો જીવ બીગડી આવ્યો!" પાહાલણજીએ મિજાજમાં ટકોર કીધી. "તેની નવાઇ શી છે? એ તો રોજનું છે, તેને વાસતે મને તરસે ટવલાવેછ કે? તારી માય સકારી ઉઠે, જરા ફરવા જાય, જરા ઊંઘને ખંખેરી કહાડે, ને તારા લુછા, ખુની ભાઇનો ગમ વિસારે તો સાજી થાય કેની? કહી કહીને હવે તો આપણે થાકા. જોઇયે તે થાય. ભાયગમાં બનવાનું હશે તે બનશે. પણ તારી માની ખાતર શું હું બી તરસે મરૂં કે?"

"બલા જાણેરે! ગલું સુકાતું હશે!" ..ાંબાઈ પોતાના ધણીની દયા ખાઈ

...ન, જા. મને શું સેઠા તા- પેહલાં એવણની ચા કરી આપ."

...ને તમે પણ જરા હેઠલ ઉતરો." એમ હુકમ કરી, જરા થંડા પડી પાહાલણજી પાછા ગયા.

હીરાંબાઈ ઘણાંજ બીધાં કે તેઓ દોલીની વાત કરતાં હતાં તે રખે તેના આ આકલા બાપે સાંભળી હોય. દોલી વિષેનો તેનો એ બાપનો ધિકાર દહાડે દહાડે ઘટવાને બદલે વધતો હતો.

"માયજી, તમે ઓરડામાંજ રેહો અને હાથ મોહડું ધુવો, તેટલાં હું બાવાને ચા આપીને તમારી ચા અહીંજ લાવુંછ કે જેથી તમે શું સ્વપ્નું જોયુંછ તે ઉપર આપણે છુપી મસલત કરી શકશું."

બેભાણ જેવી હાલતમાં ઈનતેજાર શીરીને હેઠલ જઈ પોતાના બાપની ચા કરી આપી તથા માની માંદગીની ખાતર નાસતા ઉપર સાથે બેસવાને પોતાના બાપની દરગુજર ચાહી તે પાછી માની ચાના કપ સાથ માના ઓરડામાં આવી.

"બાવા નાસતા ઉપર બેઠાછ." માની આગળ ચાનું કપ મુકીને તે બોલી "અને હવે તમે કહો શું સ્વપ્નું દીઠુંછ તે, માતાજી."

"પણ તારો નાસતો ઠંડો પડી જશેની શીરીન?"

શીરીનને નાસતાની દરકાર નહી હતી. જો કે તેને સ્વપ્ના વિષે વેહેમ નહી હતો, તોપણ દોલી વિષેની તેની ઈનતેજારીએ તે સ્વપ્નું સાંભળવાની તેનામાં ઉલટ પેદા કીધી, માટે બાપ પાહાલણજી એકલાજ નાસતા ઉપર બેઠા હતા તેટલામાં પોતાની ભુખ તજી, પોતાની માના સ્વપ્નાનો હેવાલ સાંભળવાની તેને આ સારી તક મળી.

"તુંને યાદ છે, શીરીન?" હીરાંબાઇએ પુછયું, "દોલી જ્યારે આપણને છુપો મળી ગયો ત્યારે હુશેનશાહના ખૂનમાં છાકટા રામજીનો હાથ હોવા વિષે મેં શક બતાવ્યો હતો, પણ દોલીએ તે વાત ના પાડીને કહ્યાં કે તે ખુની તો કોઈક અજાણે આજે મેં સ્વપ્નું દીઠું કે જાણે તેજ જાણ્યા ખુનીને આપણે ઓળખ્યેછ અ જાણે કે તે પોતેજ આપણને અચબુચ મળ્યોછ અને જાણે કે આપણે તેની સાથ વાતો કીધીછ. અને જાણે કે તેના ઉપર આપણે ખૂનનો બટ્ટો મેળ્યો ત્યારે તેણે જાણે કે છાકટા રામજીના કાનમાં હલુસે કાંઈ વા કરીને પછી દોલી ઉપર ખૂનનો દોશ મુકયો ત્યાં મને અને તુંને જાણે કે મોટો ધભ... પેદા થયો અને આ તો દોલી સામે ન... શાક્ષી ઉભો થયો તેની ફિકરથી જાણે... પણે રડવા લાગ્યાં અને તેની બીહીકથી હું જાગી ઉઠી."

કાપડયાની દુકાનમાં શીરીને પોતે પેસ લવંગિયાને ઓળખ્યો હતો અને તે લવજી... "મોદીકાસ્ટલ"માં સામો તેને મળી ગયો હતો, એ સઘળી વાત શીરીનના મનમાં પાછી તાજી થઈ. પણ શીરીને એ વાત પોતાની ઇનતેજાર માને કદી કહેલી નહી હતી માટે તેણે ભરમમાં એટલુંજ પુછયું કે "માયજી, તે ખુની અજાણ્યો કેવો હતો? કોણના જેવો હતો?"

"તે કોણના જેવો ને કેવો હતો તે હું ઉઠી ત્યારની યાદ કરૂંછ, પણ મુવું યાદ આવતુંજ નથી." હીરાંબાઈ કુહુરવા લાગ્યાં "તે ઉંચો ને ખૂબસુરત હતો. તેણે ભપકાદાર પોશાક પેહરેલો હતો અને તે આબરૂદાર ગૃહસ્થ હોય તેમ સમજીને જાણે કે આપણે વાત કીધી હતી. શીરીન, મને લાગેછ કે એ વાત ખરી છે. ખરો ખુની પુણે આવ્યોછ એ શક હજી મારા મનમાંથે દૂર જતો નથી."

"માયજી, તમે એ વેહેમ કાહાડી... ઓ, નહી તો વળી તમારો જીવ... આવશે."

"પણ વધારે, ભય... કેહેવાને ભુલી ગ... વળી ...